ૐ નમઃ

# અધ્યાત્મ ઉપનિષત્



પ્રેરક : પૂ. આ. ભ. શ્રી જિનેન્દ્રસૂરીશ્વરજી મ.

સંપાદક : મુનિશ્રી કીર્તિસેનવિજયજી મ.

卐 શ્રી 卐

દેવાધિદેવ શ્રી શંખેશ્વર પાર્શ્વનાથાય નમઃ

# અધ્યાત્મ ઉપનિષત્

[ ગુજરાતી અનુવાદ સહ ]

☆

: દ્રવ્ય સહાયક :

શ્રી હાલારી વીશા ઓસવાળ તપગચ્છ ઉપાશ્રય અને ધર્મસ્થાનક ટ્રસ્ટના જ્ઞાનખાતા તરફથી, પૂ. સાધુ-સાધ્વીજી ભગવંત તથા જ્ઞાનભંડારોને સપ્રેમ ભેટ.

જ્ઞાનદીપક ~~પ્રકાશન મંદિર~~

મુ. ભાવનગર

○ પ્રેરક ○

હાલારદેશોદ્ધારક પૂ. આ. ભ. શ્રી વિજય અમૃત-
સૂરીશ્વરજી મ.ના શિષ્યરત્ન પરમપૂજ્ય આ. ભ.
**શ્રી વિજયજિનેન્દ્રસૂરીશ્વરજી મ.**

○ સંકલન ○

શ્રી વર્ધમાન તપોનિધિ, ભવોદધિતારક, પૂ. આ.
ભ. શ્રી ભુવનભાનુસૂરીશ્વરજી મ.ના પ્રશિષ્ય મુનિ
**કીર્તિસેનવિજયજી**

વ્ય. : શાહ મિલનકુમાર હલીચંદ, ભાવનગર
લાખાણી માર્કેટ સામે,

**દોશી પ્રકાશ અમૃતલાલ. 'વીતરાગ'**
૧૩/૧૦, જયરાજ પ્લોટ, મુ. રાજકોટ

○ પ્રાપ્તિસ્થાન ○

**હર્ષપુષ્પામૃત જૈન ગ્રંથમાળા**
C/o. મગનલાલ ચત્રભુંજ
શાક માર્કેટ સામે, મુ. જામનગર

નકલ : ૭૦૦ મૂલ્ય : રૂા. ૫)

# અલ્પ વક્તવ્ય

જૈન શાસ્ત્રો તો આધ્યાત્મિક રસના ખજાના છે અને એ ખજાનાના અર્થી આત્માઓ માટે શાસ્ત્ર વાચન–મનન અને નિદિધ્યાસન અનિવાર્ય છે.

તેમાંય યોગ્ય જીવોને જે તાત્ત્વિક–આધ્યાત્મિક રસ પ્રાપ્ત થાય તે માટે મહાપુરુષોએ અનેક ગ્રંથો રચ્યા છે અને તેવા એક મહત્વના ગ્રંથ તરીકે ગણાવી શકાય એવો ગ્રંથ આ અધ્યાત્મ ઉપનિષદ્ છે. તેના કર્તા પૂજ્યપાદ મહો. યશોવિજયજી મહારાજા સાર્વત્રિક પ્રતિભા ધરાવતા હતા. તેમણે આ ગ્રંથમાં દાર્શનિક જ્ઞાન સાથે તાત્ત્વિક રહસ્યમય અધ્યાત્મનો સંગ્રહ કર્યો છે.

આ ગ્રંથ ઘણો ઉપયોગી છે છતાં તે પ્રચલિત ઓછો છે અને કમભાગ્યે તેના ઉપર ટીકા વિવરણ કે ભાષાંતર લખાયા નથી. એ ટીકા આદિ લખવા

માટે ઘણું વિશાળ જ્ઞાન-અનુભવ જોઇએ તે વિના તો આ ગ્રંથને ન્યાય આપી શકાય નહિ.

આ દિશામાં પ્રાથમિક પ્રયત્ન રૂપે ગ્રંથનું ભાષાંતર મુનિપ્રવર શ્રી કીર્તિસેનવિજયજી મહારાજે કરેલ છે. જે ગ્રંથના પરિપૂર્ણ રહસ્યને સમજવા માટે અપૂર્ણ હોવા છતાં દિશા સૂચક બનશે અને ભાવિમાં વિદ્વાનો આ ગ્રંથ માટે વધુ પ્રયત્ન કરી તેના રહસ્યો ખોલવા પ્રયત્નશીલ બનશે.

વિ. સં. ૨૦૧૮માં ભાષાંતર કરવાનું મેં શરૂ કરેલ પણ તે પ્રારંભ દશામાં રહ્યું અને આ ભાષાંતર પ્રગટ થાય છે તે આ વિષયના અભ્યાસીઓ માટે માર્ગદર્શક બનશે એમ લાગે છે.

સં. ૨૦૩૯, જેઠ વદ-૫
ગુરુવાર

આ. જિનેન્દ્રસૂરિ

★

# નિવેદન

સં. ૨૦૨૧ની સાલમાં જામનગર–પાઠશાળામાં પ્રશાન્ત મહોદધિ, પૂ. આ. ભ. શ્રી માનતુંગસૂરીશ્વરજી મ. ની સાનિધ્યમાં ચાતુર્માસ રહેવાનું થયેલ. તે સમયે તેઓશ્રીએ અતિ વાત્સલ્ય ભાવે 'અધ્યાત્મ ઉપનિષત્' ગ્રંથ વંચાવેલો અને નોંધ કરાવેલી. ત્યાર બાદ આ શ્લોકો કંઠસ્થ કરેલા.

ન્યાયવિશારદ, મહામહોપાધ્યાય શ્રી યશોવિજયજી મહારાજાએ અતિ સુંદરરીતે આ આધ્યાત્મ ઉપનિષત્ નામના ગ્રંથમાં ચાર અધિકારની સંકલના કરે છે. જેમાં :- ૧ શાસ્ત્રયોગ, ૨ જ્ઞાન યોગ, ૩ ક્રિયાયોગ, ૪ સામ્યયોગ. શુદ્ધિ અધિકારના કુલ ૨૦૯ શ્લોકની લોકોત્તર સમતા ભાવની પ્રાપ્તિ માટે, અતિ સુંદરક્રમ બતાવેલ છે. આ ગ્રંથ દાર્શનિક હોવાથી વચ્ચે વચ્ચે ઘણી જગ્યાએ શ્લોકની કઠિનતા છે.

કેટલાક કઠિન શ્લોકોનો ભાવાર્થ, પરમ શાસન પ્રભાવક, વાત્સલ્ય મહોદધિ, વ્યાખ્યાન વાચસ્પતિ પૂ. આ. ભ. શ્રી રામચન્દ્ર સૂરીશ્વરજી મ. પાસે

રૂબરૂમાં સુંદર રીતે ખુલાસો જાણવા મળેલ. અને તે મારી નોટમાં ઉતારી લીધેલ.

ત્યારબાદ મારી નોટ અધ્યાત્મ પ્રેમી, પૂ. આ. ભ. શ્રી કલાપૂર્ણસૂરીશ્વરજી મહારાજાએ તપાસી અને ઘણી જગ્યાએ સુંદરરીતે પરિમાર્જન કરી આપેલ.

આ ચાલુ સાલે સં. ૨૦૩૮ માં પરમશાસન પ્રભાવક, ભવોદધિતારક, ગચ્છાધિપતિ પૂ. આ. ભ. શ્રી વિજય રામચન્દ્ર સૂરીશ્વરજી મ. ની પુનિત આજ્ઞાથી મારે તથા મુનિ શીલચંદ્ર વિજયજી, બાલ મુનિ વિનીતસેનવિજયજીને જામનગર-પ્લોટમાં ચાતુર્માસાર્થે આવવાનું થયેલ.

પૂજ્યપાદશ્રીની ખાસ ભલામણ અનુસાર ગામમાંથી પંડિતવર્ય ઉપાધ્યાય શ્રી વૃજલાલ ભાઈ અહીં ભણાવવા આવતા. તેઓશ્રી પાસે પાતંજલ યોગ દર્શન, ષટ્ દર્શન સમુચ્ચય તથા અધ્યાત્મ ઉપનિષત્ ગ્રંથ વાંચવાનું થયું. તેમની તીવ્ર બુદ્ધિ પ્રભાથી ઘણાં કઠિન શ્લોકોનું વિશદ સ્પષ્ટિકરણ કરવામાં આવ્યું.

ત્યાર બાદ ફેર કોપી પૂ. આ. ભ. શ્રી જિનેન્દ્ર સૂરીશ્વરજી મહારાજાએ ઝીણવટ પૂર્વક તપાસી, યથા યોગ્ય સુધારી આપી અને છપાવવા માટે ખાસ

પ્રેરણા થતાં, આ ગ્રંથ મૂળ-ભાવાર્થ તરીકે સાકાર થવા પામેલ છે.

પ્રાય : આ ગ્રંથનો શ્લોકાર્થ હજુ સુધી ક્યાંય જોવા કે સાંભળવા મળેલ ન હોવાથી, આ ગ્રંથ પહેલી જ વખત છપાય છે.

આ ગ્રંથ અતિગૂઢ અને રહસ્યપૂર્ણ છે. જેથી તેના પૂરા ગૂઢાર્થને સમજવો અતિ કઠીન છે. છતાં પુરતા પ્રયત્ને આ અર્થ-ભાવાર્થ લખેલ છે.

એમ છતાં છદ્મસ્થતાદોષ તથા પ્રમાદાદિના કારણે ભૂલો રહી જવા પામેલ હોય તો વાચક વર્ગને હાર્દિક વિનંતિ છે કે : ક્ષમાદાન પૂર્વક કૃપા કરી જણાવે જેથી ફરીથી સારી રીતે પરિમાર્જન કરી શકાય.

પ્રાંતે આ ગ્રંથનું સુંદર રીતે અધ્યયન-મનન-અનુપ્રેક્ષા કરી, સહુ કોઈ લોકોત્તર સમતાને મેળવી, પરમપદને નિકટ બનાવે ! એ જ અભિલાષા.

જામનગર

૨૦૩૯ : કારતક સુદ ૧ મુનિ કીર્તિસેનવિજય

॥ શ્રી શત્રુંજય તીર્થાધિરાજ શ્રી આદિનાથાય નમઃ ॥

॥ દેવાધિદેવ શ્રી શંખેશ્વર પાર્શ્વનાથાય નમઃ ॥

॥ દેવાધિદેવ શ્રી વિમલનાથાય નમઃ ॥

મહામહોપાધ્યાય શ્રી યશોવિજયજી
ગણિપ્રવરેભ્યો નમઃ

પરમારાધ્યપાદપદ્મેભ્ય શ્રીમદ્ વિજયદાન-પ્રેમ
રામચંદ્ર-ભુવનભાનુ-પદ્મ-મિત્રાનંદસૂરીશ્વરેભ્યો
નમો નમઃ

# અધ્યાત્મ ઉપનિષત્

## :: મૂળ તથા ભાવાર્થ ::


| | | શ્લોક |
|---|---|---|
| [૧] | શાસ્ત્રયોગ શુદ્ધિ અધિકાર | ૭૭ |
| [૨] | જ્ઞાનયોગ શુદ્ધિ અધિકાર | ૬૫ |
| [૩] | ક્રિયાયોગ શુદ્ધિ અધિકાર | ૪૪ |
| [૪] | સામ્યયોગ શુદ્ધિ અધિકાર | ૨૩ |

દેવાધિદેવ શ્રી વિમલનાથાય નમઃ
૪૫, દિગ્વિજય પ્લોટ જામનગર



ऐं नमः

न्याय विशारद महामहोपाध्याय,
श्री यशोविजयजी गणिप्रवर विरचित

# श्री अध्यात्म उपनिषत्

## [१] शास्त्रयोग शुद्धि अधिकार

ऐन्द्रवृन्दनतं नत्वा, वीतरागं स्वयम्भुवम् ।
अध्यात्मोपनिषन्नामा ग्रन्थोऽस्माभिर्विधीयते ॥१॥

ઇન્દ્રોના સમૂહવડે નમાયેલા, બીજાના ઉપદેશ વિના સ્વયં બોધ પામેલા, એવા વીતરાગ દેવને નમસ્કાર કરીને, અમારા વડે અધ્યાત્મોપનિષત્ (ઉપનિષત્=રહસ્ય) નામનો ગ્રંથ રચાય છે. ।૧।

आत्मानमधिकृत्य स्याद्यः पञ्चाचारचारिमा ।
शब्दयोगार्थनिपुणास्तदध्यात्म प्रचक्षते ॥२॥

વ્યુત્પત્તિથી એટલે કે યોગથી-જોડાણથી થતા શબ્દોના અર્થમાં નિપુણ એવા વૈયાકરણાદિ....વિદ્વાનો અધ્યાત્મ શબ્દનો અર્થ શું કરે છે ?

આત્માને ઉદ્દેશીને જે 'પંચાચારનું સુંદર આચરણ તેને અધ્યાત્મ કહે છે.'

## શબ્દની સિદ્ધિ ચાર પ્રકારે છે.

[૧] રૂઢિ : જ્યાં પ્રકૃતિ અને પ્રત્યયનો કોઈ અર્થ રહેતો નથી, કિંતુ વૃદ્ધો–અનુભવીઓ–સંકેતજ્ઞોનું બળ પ્રધાન હોય તે રૂઢિ પ્રધાન શબ્દો, રૂઢ અર્થનું પ્રતિપાદન કરે છે.

જેમકે : આખંડલ=ઇન્દ્ર; ગોપુર=દરવાજો; ગવાક્ષ=બારી.

[૨] યૌગિક :– જે શબ્દ યોગબળથી અર્થનું પ્રતિપાદન કરે તે યૌગિક શબ્દ કહેવાય છે.

પ્રકૃતિ [ધાતુ] અને પ્રત્યયનો સંબંધ તે યોગ છે. पच् ધાતુ, અક પ્રત્યયના બળથી અર્થનું જ્ઞાન કરાવે છે. તેથી પાચક શબ્દમાં યોગ છે. માટે પાચક શબ્દ યૌગિક છે.

[૩] યોગરૂઢિ : પંકજ શબ્દમાં યોગરૂઢિ છે. યોગ પણ છે અને રૂઢિ પણ છે. પંકજ पंकात्

जायते. જન્ ધાતુથી 'ड' પ્રત્યય થાય છે. કાદવથી ઉત્પન્ન થાય છે.

આ યોગથી અને રૂઢિથી કમળ અર્થની પ્રતીતિ થાય છે. માટે પંકજ શબ્દ યોગરૂઢ કહેવાય છે.

[૪] **યૌગિક રૂઢ** : યોગથી ભિન્ન અર્થ પ્રતીત થાય અને રૂઢથી ભિન્નઅર્થ પ્રતીત થાય તે શબ્દ યૌગિક રૂઢ કહેવાય છે. દા. ત. उद्‌भिद् આ શબ્દ યોગ શક્તિથી અર્થાત્ ધાતુ અને પ્રત્યયની શક્તિથી લતા-વૃક્ષ....આદિ અર્થને જણાવે છે. પૃથ્વીને ફાડીને ઉત્પન્ન થાય છે. તેથી તે ઉદ્‌ભિદ્ કહેવાય છે. પણ આ જ શબ્દ રૂઢિથી યજ્ઞ વિશેષનો વાચક છે. તેથી તે ઉદ્‌ભિદ્ શબ્દ યૌગિક રૂઢ કહેવાય છે.

रूढ्यर्थनिपुणास्त्वाहु-श्चित्तं मैत्र्यादिवासितम् ।
अध्यात्मं निर्मलं बाह्यव्यवहारोपबृंहितम् ॥३॥

રૂઢિ અર્થમાં નિપુણ લોકો, મૈત્ર્યાદિકથી વાસિત બાહ્ય આદર-સત્કારાદિથી યુક્ત, નિર્મળ એવું જે ચિત્ત, તેને અધ્યાત્મ કહે છે.

| ૪. અર્થ નયો: | ૩. શબ્દ નયો: |
| --- | --- |
| ૧. નૈગમ : અંશગ્રાહી | ૫. શબ્દ |
| ૨. સંગ્રહ : સત્તાગ્રાહી | ૬. સમભિરૂઢ |
| ૩. વ્યવહાર : ભેદગ્રાહી | ૭. એવંભૂત |
| ૪. ૠજુસૂત્ર : વર્તમાન પર્યાયગ્રાહી | |

**સાત નયોની માન્યતા :**

૧. નૈગમ :– અંશવડે વસ્તુને પૂર્ણ માને. સર્વ આત્મા સિદ્ધ સમાન છે. કેમકે સર્વ જીવોના આઠ રૂચક પ્રદેશો નિરાવરણ છે.

૨. સંગ્રહ : સત્તાગ્રાહી : સર્વ આત્માઓને એક જ માને. ચેતનની અપેક્ષાએ સર્વ એક જ છે. જીવત્વ જાતિ એક જ છે.

૩. વ્યવહાર : ભેદગ્રાહી : ભેદ પ્રભેદોને માને. સિદ્ધ સંસારી–૫૬૩ ભેદ.

૪. ૠજુસૂત્ર : વર્ત્તમાન પરિણામને માને. સાધુતાના પરિણામને સાધુ. વેશ ને નહિ.

૫. શબ્દ : શુદ્ધસત્તાની ઓળખાણ કરી, પ્રગટાવવાનો પ્રબળ પુરૂષાર્થ કરતા ને જ

આત્મા માને. સમકિતી, દેશવિરતિ, સર્વવિરતિધરને જ આત્મા માને.

૬. **સમભિરૂઢ :** કેવળજ્ઞાની-સર્વજ્ઞને જ આત્મા માને

૭. **એવંભૂત :** સિદ્ધાત્માને જ આત્મા માને. સંપૂર્ણ શુદ્ધ સ્વરૂપવાળાને જ આત્મા માને.

एवम्भूतनये ज्ञेयः, प्रथमोऽर्थोऽत्र कोविदैः ।
यथायथं द्वितीयोऽर्थो, व्यवहारर्जुसूत्रयोः ॥४॥

બુદ્ધિશાળી પંડિતો વડે, પ્રથમ અર્થ એવંભૂત નયની અપેક્ષાએ જાણવો અર્થાત્ બીજા શ્લોકનો અર્થ એવંભૂત નયને અનુસાર કરેલ છે અને યથા યથં-અનુક્રમે ત્રીજા શ્લોકનો અર્થ વ્યવહાર અને રૂજુસૂત્રની અપેક્ષાએ જાણવો.

० **એવંભૂત નય :** પ્રકૃતિ અને પ્રત્યયના બળથી જે અર્થ પ્રતીતિ થાય તે.पचति इति पाचकः। રસોઇઓ જ્યારે રસોઇ પકાવતો હોય ત્યારે જ તે પાચક કહેવાય. બેઠો કે સૂતો હોય ત્યારે નહિ.

० **વ્યવહારનય :** જેમાં વસ્તુના સૂક્ષ્મ સ્વરૂપની ગૌણતા અને સ્થૂલ સ્વરૂપની પ્રધાનતા ગ્રહણ કર-

વામાં આવે તે વ્યવહાર નય. 'ભમરો કાળો છે.' તેનો મુખ્યરૂપે કાળો રંગ છે પણ પગ-પેટ આદિમાં લાલ-સફેદ રંગોની ગૌણતા કરીને, 'ભમરો કાળો' કહેવાય છે. આ રીતે અહીં પણ પંચાચારને ગૌણ રૂપે બનાવી, મૈત્રી-કરૂણા પ્રમોદાદિ....યુક્ત ચિત્તને મુખ્ય બતાવ્યું.

૦ રૂજૂસૂત્ર : રસોઈયો હમણાં પાક નથી કરતો પરંતુ સૂતો છે. પણ પૂર્વકાળે પાક કર્યો છે તેની અપેક્ષાએ સૂતેલા તે રસોયામાં પણ પાક કરવાની શક્તિ છે. માટે પાચક કહી શકાય છે. તેમ

'આત્માને ઉદ્દેશીને જ પંચાચારની સુંદરતા જીવનમાં દેખાય ત્યારે જ અધ્યાત્મ ગણાય. પરંતુ

રૂજુસૂત્ર અને વ્યવહાર નયના બળે સ્થૂલ સ્વરૂપથી સૂતો હોય અથવા મૈત્ર્યાદિ થી વાસિત ચિત્તવાળો હોય તો પણ તેને અધ્યાત્મ કહી શકાય છે.

गलन्नयकृतभ्रान्तिर्यः स्याद्विश्रान्तिसम्मुखः ।
स्याद्वादविशदालोकः, स एवाध्यात्मभाजनम् ।।५।।

નયથી કરાયેલી ભ્રાંતિ જેની દૂર થયેલ છે, તે વિશ્રાન્તિની સન્મુખ થાય છે અને સ્યાદ્વાદના

નિર્મળ પ્રકાશનું જેને દર્શન થયું છે. તે પ્રમાતા અધ્યાત્મનું પાત્ર બને છે. ॥૫॥

मनोवत्सो युक्तिगवीं, मध्यस्थस्यानुधावति ।
तामाकर्षति पुंच्छेन, तुच्छाग्रहमनःकपिः ॥६॥

મધ્યસ્થ આત્માનું મનરૂપી વાછરડું યુક્તિરૂપી ગાયની પાછળ દોડે છે અને તુચ્છ આગ્રહ છે જેને એવો મનરૂપી વાનર, તે યુક્તિ રૂપી ગાયને પૂંછડાથી ખેંચે છે. ॥૬॥

अनर्थायैव नार्थाय, जातिप्रायाश्च युक्तयः ।
हस्ती हन्तीति वचने, प्राप्ताप्राप्तविकल्पवत् ॥७॥

કુયુક્તિઓ લાભકારક થતી નથી. 'હસ્તિ હન્તીતિ વચને.' ॥૭॥

હાથી નજીકનાને મારે કે દૂર રહેલાને ? નજીક રહેલાને મારે તો, માવતને મારવો જોઈએ. દૂર રહેલાને મારે તો બીજા ઘણાં ઉભેલા છે. તેને મારવા જોઈએ. તેવા વિકલ્પની જેમ.

ज्ञायेरन् हेतुवादेन पदार्था यद्यतीन्द्रियाः ।
कालेनैतावता प्राज्ञैः, कृतः स्यात्तेषु निश्चयः ॥८॥

જો માત્ર યુક્તિથી અતીન્દ્રિય પદાર્થો [આત્મા-કર્મ-સિદ્ધ] જાણી શકાતા હોત તો, આટલા કાળથી [અનંતા કાળથી] બુદ્ધિમાન પુરૂષો વડે હેતુવાદથી નિર્ણય કરાતો હોત. ॥૮॥

आगमश्चोपपत्तिश्च, सम्पूर्णं दृष्टिलक्षणम् ।
अतीन्द्रियाणामर्थानां, सद्भावप्रतिपत्तये ॥९॥

અતીન્દ્રિય પદાર્થોની સત્તા-જ્ઞાન માટે આગમ શાસ્ત્ર અને યુક્તિ. એ જ દૃષ્ટિ-તત્ત્વ જ્ઞાનનું સંપૂર્ણ સાધન છે. ॥૯॥

अन्तरा केवलज्ञानं छद्मस्थाः खल्वचक्षुषः ।
हस्तस्पर्शसमं शास्त्रज्ञानं तद्व्यवहारकृत् ॥१०॥

કેવળજ્ઞાન વગર છદ્મસ્થ આત્માઓ અતીન્દ્રિય પદાર્થોના વિષયમાં અંધ છે. અતીન્દ્રિય પદાર્થોનું શાસ્ત્રથી થતું જ્ઞાન જન્માંધ જીવને હાથના સ્પર્શથી, રૂપ વિષયક જ્ઞાનના વ્યવહાર જેવું છે. ॥૧૦॥

शुद्धोञ्छाद्यपि शास्त्राज्ञानिरपेक्षस्य नो हितम् ।
भौतहन्तुर्यथा तस्य पदस्पर्शनिषेधनम् ॥११॥

શાસ્ત્રઆજ્ઞાથી નિરપેક્ષ, શુદ્ધ બેતાલીસ દોષ રહિત ભિક્ષાદિ પણ હિતકારક નથી. રાજાની આજ્ઞા હતી કે. 'ફકીરના પગને અડયા વિના મોરમીછું લાવવું.' એટલે ફકીરને પ્રાણથી મારી, પગને અડયા વિના મોરપીછું રાજા પાસે લાવ્યાના, દૃષ્ટાંતની જેમ. ॥૧૧॥

शासनात् त्राणशक्तेश्च बुधैः शास्त्रं निरुच्यते ।
वचनं वीतरागस्य तच्च, नान्यस्य कस्यचित् ॥१२॥

'શાસન કરે અને રક્ષણ કરે.' તે પંડિતોવડે શાસ્ત્ર કહેવાય છે. તે શાસ્ત્ર વીતરાગના વચન રૂપ છે. અન્યનું વચન તે શાસ્ત્ર નહિ. ॥૧૨॥

वीतरागोऽनृतं नैव, ब्रूयात्तद्धेत्वभावतः ।
यस्तद्वाक्येष्वनाश्वास-स्तन्महामोहजृम्भितम् ॥१३॥

વીતરાગ કદી પણ અસત્ય બોલે જ નહિ. કેમકે તેમને અસત્યના કારણરૂપ રાગ-દ્વેષ-મોહનો સર્વથા અભાવ છે. તો તેમના વચનો ઉપર અવિશ્વાસ તે ખરેખર! મહામોહનો વિલાસ છે. ॥૧૩॥

शास्त्रे पुरस्कृते तस्माद्वीतरागः पुरस्कृतः ।
पुरस्कृते पुनस्तस्मि–न्नियमात् सर्वसिद्धयः ।।१४।।

શાસ્ત્ર આગળ કરવાથી વીતરાગ આગળ કરાય છે અને વીતરાગ દેવને આગળ કરવાથી, અવશ્ય સર્વ પ્રકારની સિદ્ધિઓ પ્રાપ્ત થાય છે. ।।૧૪।।

एनं केचित् समापत्तिं, वदन्त्यन्ये ध्रुवं पदम् ।
प्रशान्तवाहितामन्ये, विसभागक्षयं परे ।।१५।।

આ અર્થને પાતંજલ યોગ દર્શનકાર સમાપત્તિ કહે છે.

સમાપત્તિ એટલે ચિત્તની ધ્યેય સાથે તન્મયતા.

અન્ય કેટલાક તેને ધ્રુવપદ–ધ્રુવસ્થાન કહે છે.

કેટલાક તેને પ્રશાન્ત વાહિતા (ચિત્તનું શાંત ગમન) કહે છે.

બૌદ્ધો તેને વિષભાગ ક્ષય કહે છે. વિષભાગ= વિજાતીય જ્ઞાનધારાનો વિનાશ. તેને સિદ્ધિ કહે છે. સંસાર અવસ્થામાં રાગ–દ્વેષ–સુખ–દુઃખ વગેરેથી જ્ઞાન મલિન છે. પણ રાગાદિ....વિજાતીયનો ક્ષય થાય છે. ત્યારે શુદ્ધ જ્ઞાનધારા વહે છે. તેને જ મોક્ષ કહે છે. ।।૧૫।।

चर्मचक्षुभृतः सर्वे देवाश्चावधिचक्षुषः ।
सर्वतश्चक्षुषः सिद्धा, योगिनः शास्त्रचक्षुषः ।।१६।।

ચામડાની આંખવાળા બધા છે. અવધિ જ્ઞાન રૂપી ચક્ષુવાળા દેવતાઓ છે. ચોમેર ઉપયોગ રૂપી ચક્ષુવાળા સિદ્ધ પરમાત્માઓ છે. જ્યારે યોગી પુરૂષો તો શાસ્ત્ર રૂપી ચક્ષુવાળા છે. ।।૧૬।।

परीक्षन्ते कषच्छेदतापैः स्वर्णं यथा जना ।
शास्त्रेऽपि वर्णिकाशुद्धिं, परीक्षन्तां तथा बुधाः।।१७।।

લોકો જેમ સુવર્ણની પરીક્ષા કષ-છેદ-તાપ વડે કરે છે. તેમ વિદ્વાન પુરૂષો શાસ્ત્રમાં પણ વાનગીની વિશુદ્ધિની જેમ શુદ્ધિની [કષ-છેદ-તાપ] પરીક્ષા કરે છે. ।।૧૭।।

विधयः प्रतिषेधाश्च, भूयांसो यत्र वर्णिताः
एकाधिकारा दृश्यन्ते, कषशुद्धिं वदन्ति ताम् ।।१८।।

એક અધિકારવાળા [મોક્ષ વિષયક] ઘણા વિધિ અને નિષેધો જેમાં વર્ણન કરાયેલા જણાય છે. તેને કષ શુદ્ધિ કહેવાય છે. ।।૧૮।।

सिद्धान्तेषु यथा ध्याना-ध्ययनादिविधिव्रजाः ।
हिंसादीनां निषेधाश्च, भूयांसो मोक्षगोचराः ॥१९॥

શાસ્ત્રોમાં જેમ મોક્ષ વિષયક ઘણાં ધ્યાન-અધ્યયનાદિ....વિધિઓના સમૂહો છે અને હિંસા જુઠ....આદિના નિષેધો છે. ॥૧૯॥

अर्थकामविमिश्रं यद् यच्च क्लृप्तकथाविलम् ।
आनुषङ्गिकमोक्षार्थं, यन्न तत् कषशुध्धिमत् ॥२०॥

જે શાસ્ત્ર : ૦ ધન અને કામથી યુક્ત છે.
૦ જેમાં બનાવટી કથાઓની મલિનતા છે.
૦ જેમાં મોક્ષની વાત ગૌણ રૂપ વર્ણવેલી છે. તે. શાસ્ત્ર કષ શુદ્ધિવાળું ન કહેવાય. ॥૨૦॥

विधीनां च निषेधानां, योगक्षेमकरी क्रिया ।
वर्ण्यते यत्र सर्वत्र, तच्छास्त्रं छेदशुद्धिमत् ॥२१॥

જે શાસ્ત્રમાં વિધિ અને નિષેધોની, યોગ અને ક્ષેમ કરનારી ક્રિયા સર્વત્ર વર્ણવેલી છે. તે શાસ્ત્ર છેદ શુદ્ધિવાળું કહેવાય છે. ॥૨૧॥

कायिकाद्यपि कुर्वीत, गुप्तश्च समितो मुनिः ।
कृत्ये ज्यायसि किं वाच्यमित्युक्तं समये यथा ।।२२।।

શાસ્ત્રમાં કહ્યું છે કે' 'મુનિ કાયિકાદિ [સ્થંડીલ-માત્રુ વિસર્જનાદિ] ક્રિયા પણ સમિતિ ગુપ્તિ પૂર્વક કરે. તો પછી મોટા કાર્યમાં તો શું કહેવું ? અર્થાત્ પ્રત્યેક કાર્યમાં ઉપયોગવાળા જ થવું જોઈએ. ।।૨૨।।

अन्यार्थं किञ्चिदुत्सृष्टं, यत्रान्यार्थमपोह्यते ।
दुर्विधिप्रतिषेधं तन्न, शास्त्रं छेदशुद्धिमत् ।।२३।।

જ્યાં કંઈક અન્ય માટે ઉત્સર્ગ માર્ગથી કથન છે અને જ્યાં કંઇક અન્ય વિષય માટે અપવાદ માર્ગથી કથન છે. તે દુષિત વિધિ નિષેધવાળું શાસ્ત્ર, છેદ શુદ્ધિવાળું બનતું નથી. ।।૨૩।।

निषिद्धस्य विधानेऽपि, हिंसादेर्भूतिकामिभिः ।
दाहस्येव न सद्वैद्यै-र्याति प्रकृतिदुष्टता ।।२४।।

નિષેધ એવા હિંસાદિનું, ઐશ્વર્યની ઈચ્છાથી વિધાન કરવામાં આવે તો પણ પાપ કર્મની દુષ્ટતા દૂર થતી નથી. ઉત્તમ વૈદ્ય વડે શરીરમાં થતી પીડા દૂર કરવા માટે દાહ [ડાંભ] નું વિધાન કરવામાં

આવે તો પણ એ દાહની પ્રકુતિ દુષ્ટતા [અગ્નિ જન્ય પીડા] દૂર થતી નથી

**વિશેષાર્થ**: 'न हिंस्यात् मर्वभूतानि'' આ ઉત્સર્ગ વાકયથી પ્રાણીઓની હિંસાનો નિષેધ કર્યો.

आग्नषोमोयं पशुमालभेत् भूतिकामः

આબાદીની ઇચ્છાવાળા, અગ્નિ ષોમ દેવતાવાળા યજ્ઞમાં પશુ ને હોમે. અહી એ જ શાસ્ત્રમાં અપવાદ મૂકયો. આ પરસ્પર વિરૂદ્ધ થયું. યજ્ઞગત હિંસાદિથી જો ઐશ્વર્ય મળે તો પણ પાપ અવશ્ય થાય છે. હિંસાનો સ્વભાવિક દોષ જતો નથી. ॥૨૪॥

हिंसा भावकृतो दोषो, दाहस्तु न तथेति चेत् ।
भूत्यर्थं तद्विधानेऽपि भावदोषः कथं गतः ॥२५॥

વૈદિક કહે છે કે, 'હિંસા માનસ ભાવથી કરાયેલો દોષ છે.' ડામ તે ભાવથી કરાયેલા દોષો નથી. જેમ ખુની ખુન માટે છરી મારે અને ડોકટર જેમ ઓપરેશન માટે છરી ચલાવે.

પરંતુ ઐશ્વર્ય માટે યજ્ઞગત હિંસાનું વિધાન હોવા છતાં, તેમાં ભાવદોષ કેમ દૂર થાય? ॥૨૫॥

वेदोक्तत्वान्मनःशुद्धया, कर्मयज्ञोऽपि योगिनः ।
ब्रह्मयज्ञ इनोच्छन्तः श्येनयागं त्यजन्ति किम् ॥२६॥

'મનની શુદ્ધિ માટે, યોગીઓ પણ કર્મ યજ્ઞ કરે છે. કેમકે વેદમાં પ્રતિપાદિત છે.' તો પછી બ્રહ્મયજ્ઞને સ્વીકારનારા યોગીઓ શ્યેનયાગ [શત્રુની હિંસા માટે યજ્ઞ] શા માટે છોડે છે ? એમાં પાપ-નરક ગમન કેમ માને છે ? ॥૨૬॥

वेदान्तविधिशेषत्व-मतः कर्मविधेर्हतम् ।
भिन्नात्मदर्शकाः शेषा, वेदान्ता एव कर्मणः॥२७॥

આથી કર્મ વિધાનને વેદાંત વિધાનનું અંગ માનવું તે યોગ્ય નથી. તેવી જ રીતે ભિન્ન આત્માનું દર્શન કરનારા વેદાંત વાકયોને કર્મનું અંગ માનવું તે પણ યોગ્ય નથી.

- પૂર્વ મીમાંસક ક્રિયાવાદી છે.
- ઉત્તર મીમાંસક આત્મવાદી છે. ॥૨૭॥

कर्मणां निरवद्यानां चित्तशोधकतां परम् ।
साङ्ख्याचार्या अपीच्छन्तीत्यास्तामेषोऽत्र विस्तरः ॥२८॥

કપીલાદિ સાંખ્યાચાર્યો હિંસાદિ દોષ રહિત કાર્યો, ચિત્તની શુદ્ધિ કરનારા માને છે. માટે અહીં ઉપરની વાતનો વિસ્તાર રહેવા દો. ॥૨૮॥

यत्र सर्वनयालम्बि–विचारप्रबलाग्निना ।
तात्पर्यश्यामिका न स्यात्तच्छास्त्रं तापशुद्धिमत् ॥२९॥

જે શાસ્ત્રમાં નૈગમાદિ....બધા નયોનું અવલંબન કરનાર વિચાર સ્વરૂપ અગ્નિ વડે તાત્પર્યની મલિનતા ન થાય. અર્થાત્ વિચારથી જે શસ્ત્રમાં દોષ સિદ્ધ ન થાય. તે શાસ્ત્ર તાપશુદ્ધિવાળું. કહેવાય ॥૨૯॥

यथाह सोमिलप्रश्ने जिनः स्याद्वादसिद्धये ।
द्रव्यार्थादहमेकोऽस्मि, दृग्ज्ञानार्थादुभावपि ॥३०॥

જેમ સોમિલના પ્રશ્નમાં, સ્યાદ્વાદની સિદ્ધિ માટે ભગવાને કહ્યું કે: દ્રવ્યની દૃષ્ટિ એ હું એક છું. જ્ઞાયક છું.

અને દર્શન–જ્ઞાનની અપેક્ષાએ હું ઉભય રૂપ છું. અર્થાત્ દર્શન–જ્ઞાનમય છું. કેવળજ્ઞાન–દર્શનનો ઉપયોગ બદલતો છે. ॥૩૦॥

अक्षयश्चाव्ययश्चास्मि, प्रदेशार्थविचारतः ।
अनेकभूतभावात्मा, पर्यायार्थपरिग्रहात् ॥३१॥

પ્રદેશો આત્માથી જુદા પડતા નથી. આ અર્થના વિચારથી હું અક્ષય અને અવિનાશી છું અને પર્યાય રૂપ અર્થના વિચારથી હું અનેક રૂપ છું. કારણ કે રાગાદિ પરિણામો....અને મનુષ્યાદિ પર્યાયોના ભાવોથી હું અનેક રૂપ છું. ॥૩૧॥

द्वयोरेकत्वबुद्धयापि यथा द्वित्वं न गच्छति ।
नयैकान्तधियाप्येवमनेकान्तो न गच्छति ॥ २॥

બેમાં એક પણાની બુદ્ધિ વડે પણ દ્વિત્વ દૂર થતું નથી. તેમ નયની અપેક્ષાએ એકાંત બુદ્ધિ વડે પણ અનેકાંત દૂષિત થતો નથી.

દા. ત. ઘટ-પટ બે પદાર્થો છે. તેમાં ઘટમાં એકત્વ છે અને પટમાં એકત્વ છે. આ એકત્વ સંખ્યાથી ઘટ-પટમાં રહેલું દ્વિત્વ દૂર થતું નથી. તેમ નયની અપેક્ષાએ આ વસ્તુ નિત્ય છે કે આ વસ્તુ અનિત્ય છે. છતાં અનેકાંત બુદ્ધિથી તેમાં રહેલ નિત્ય-અનિત્ય રૂપ અનેકાંત દૂર થતું નથી. જેમ

દ્રવ્ય દૃષ્ટિથી આત્મા નિત્ય પણ છે અને પર્યાય દૃષ્ટિથી આત્મા અનિત્ય પણ છે. નિશ્ચયનયથી

આત્મા મુક્ત પણ છે અને વ્યવહારનયથી આત્મા સંસારી પણ છે. આ અનેકાંત દૂર થતું નથી. ॥૩૨॥

सामग्रयेण न मानं स्याद् द्वयोरेकत्वधोयथा ॥
तथा वस्तुनि वस्त्वंश बुद्धिर्ज्ञेया नयात्मका॥३३॥

બન્નેમાં સમગ્ર રૂપથી એકત્વ બુદ્ધિ જેમ પ્રમાણાત્મક નથી. તેમ વસ્તુમાં વસ્તુ અંશની બુદ્ધિ પ્રમાણાત્મક નથી પરંતુ નયાત્મક છે.

ઘટ પટ બન્નેમાં સંપૂર્ણ પણે એકત્વ બુદ્ધિ પ્રમાણાત્મક નથી. ઘટમાં એકત્વ છે પટમાં એકત્વ છે. આ એકત્વ બુદ્ધિ નયાત્મક છે.

આવી જ રીતે નિત્યાનિત્ય ઉભયાત્મક વસ્તુમાં નિત્યત્વરૂપ અથવા અનિત્યત્વરૂપ વસ્તુ અંશની બુદ્ધિ નયાત્મક છે. પ્રમાણાત્મક નથી. જ્યારે આત્માને નિત્ય કહે અને અનિત્યતાનો નિષેધ ન કરે તો તે નયાત્મક છે. આવી રીતે આત્માને અનિત્યનું વિધાન કરે અને નિત્યતાનો નિષેધ ન કરે, તો તે નયાત્મક બુદ્ધિ છે. પરંતુ સર્વથા એકાંતે આત્માને નિત્ય કે અનિત્ય કહે ત્યારે તે નયાત્મક નથી પરંતુ દુર્નયાત્મક છે. ॥૩૩॥

एकदेशेन चैकत्वधीर्द्वयोः स्याद्यथा प्रमा।
तथा वस्तुनि वस्त्वंश-बुद्धिर्ज्ञेया नयात्मिका ।।३४।।

બન્નેમાં એક દેશથી એકત્વ બુદ્ધિ જેમ યથાર્થ છે તેમ વસ્તુમાં વસ્તુના અંશની બુદ્ધિ છે તે નયાત્મક છે.

આ ઘટ જેમ અનિત્ય છે અને માટી [પરમાણું] જેમ નિત્ય છે. વસ્તુ જે છે તે દ્રવ્ય પર્યાય ઉભયાત્મક છે. તેમાં દ્રવ્ય બુદ્ધિ અથવા પર્યાયની બુદ્ધિ તે નયાત્મક છે. આત્મા દ્રવ્ય રૂપે નિત્ય છે. પર્યાય રૂપે અનિત્ય છે. આ બુદ્ધિ નયાત્મક છે. ।।૩ ।।

इत्थं च संशयत्वं यन्नयानां भाषते परः ।
तदपास्तं विलंबानां, प्रत्येकं न नयेयु यत् ।।३५।।

અને વળી જે અન્ય દર્શની, અનેકાંતના રહસ્યથી અનભિજ્ઞ એવો ઇત્તર દાર્શનિક, નયોમાં સંશયત્વનો આક્ષેપ કરે છે તે ખંડિત થયો. નયોમાં પ્રત્યેકની અંદર વિરોધ નથી.

એક ધર્મીમાં અનેક ધર્મોનું પ્રતિપાદન થાય છે ત્યારે વિરોધ થતો નથી. તે કારણે તે

જ્ઞાન સંશય રૂપ બનતું નથી. જેમ એકજ રામમાં અપેક્ષાથી પુત્રત્વ–પતિત્વ–બંધુત્વ....આદિ પરસ્પર વિરોધી ધર્મો રહે છે. પણ તે સંશય રૂપ બનતા નથી. ॥૩૫॥

सामग्येण द्वयालंबेऽप्यविरोधे समुच्चयः ।
विरोधे दुर्नयव्राताः स्वशस्त्रेण स्वयं हताः ॥३६॥

સંપૂર્ણ રૂપથી બે ધર્મોનું આલંબન હોવા છતાં જો વિરોધ ન થાય તો યથાર્થ જ્ઞાન થાય છે અને જો વિરોધ થાય તો દુર્નયોનો સમૂહ પોતાના શસ્ત્ર વડે પોતે જ હણાય છે.

જ્યારે એક પુરૂષમાં અપેક્ષા ભેદથી પિતા–પુત્ર બંધુની બુદ્ધિ થાય છે. ત્યારે પિતૃત્વ–પુત્રત્વ બંધુત્વ છે. પુરૂષનો કોઇ એક અંશ પિતા અને એક અંશ પુત્ર કે બંધુ નથી. આ રીતીથી જ્યારે વિરોધ ન થાય ત્યારે જે જ્ઞાન છે તે સમૂહ જ્ઞાન છે. જ્યારે ધર્મોના વિરોધ થાય છે. ત્યારે જ્ઞાન દુર્નય થાય છે. ॥૩૬॥

कथं विप्रतिषिद्धानां, न विरोधः समुच्चये ।
अपेक्षाभेदतो हन्त, कैव विप्रतिषिद्धता ॥३७॥

શંકા : જે પરસ્પર વિરોધી ધર્મો છે. તેઓના વિરોધ સમુચ્ચયમાં કેમ દૂર થાય ?

ઉત્તર : જ્યારે અપેક્ષાનો ભેદ થાય ત્યારે ધર્મોનો વિરોધ નતો નથી.

- ઉત્પત્તિ અને વિનાશનો અભાવ નિત્યત્વ સાથે છે. દ્રવ્ય સાથે.
- ઉત્પત્તિ અને વિનાશનો સંબંધ અનિત્યતા સાથે છે. પર્યાય સાથે ॥૩૭॥

भिन्नापेक्षा यथैकत्र, पितृपुत्रादिकल्पना ।

नित्यानित्याद्यनेकान्त–स्तथैव न विरोत्स्यते ॥३८॥

જેમ એકજ વ્યક્તિમાં, અપેક્ષા ભેદથી પિતા–પુત્ર–બંધુની કલ્પના થાય છે. જેમ કે : દશરથ–લવકુશ–લક્ષમણ નો એક જ રામની સાથે, અનુક્રમે પિતા–પુત્ર–બંધુનો સંબંધ છે.

તેવી જ રીતે નિત્ય–અનિત્યાદિ અનેકાંત વિરૂદ્ધ થશે નહિ.

- પરમાણું દ્રવ્યની અપેક્ષાએ ઘટ નિત્ય છે.
- ઘટકાર્યની અપેક્ષાએ ઘટ અનિત્ય છે. ॥૩૮॥

व्यापके सत्यनेकान्ते, स्वरूपपररूपयोः ।

आनेकान्त्यान्न कुत्रापि, निर्णीतिरिति चेन्मतिः ॥३९॥

નૈયાયિકો પ્રશ્ન કરે છે:

જો અનેકાંત વ્યાપક બને તો, ત્યારે પોતાનું સ્વરૂપ અને પારકાનું જે સ્વરૂપ છે. તેમાં અનેકાંતતા હોવાથી કોઇપણ વસ્તુમાં નિર્ણય ન થઈ શકે. આવી જો તમારી મતિ હોય તો :– ॥૩૯॥

अव्याप्यवृत्तिघर्माणां, यथावच्छेदकाश्रया ।
नापि ततः परावृत्ति–स्तत् किं नात्र तथेक्ष्यते ?
॥४०॥

જેમ અવ્યાપ્તવૃત્તિવાળા ધર્મો (સંયોગ) અવચ્છેદના (સાપેક્ષઅંશના) આશ્રયે એટલે કે:

- मूलावच्छेदेन कपिसंयोगो नास्ति.
- शाखावच्छेदकेन कपि संयगो अस्ति.

એક જ વૃક્ષમાં (ધર્મીમાં) કપિ સંયોગનો સદ્ભાવ અને કપિ સંયોગનો અસદ્ભાવ. આમ દેખીતી રીતે વિરોધ જણાતા ધર્મો અવિરોધપણે એક ધર્મીમાં રહી શકે છે. આવું તમે માનો છો. (નૈયાયિક-વૈશેષિકો.)

તો પછી જૈની દૃષ્ટિનું સ્વરૂપથી અસ્તિત્વ અને પર રૂપથી નાસ્તિત્વ, આ અપેક્ષા ભેદથી ભિન્ન ભિન્ન અસ્તિત્વ અને નાસ્તિત્વમાં વિરોધનો અવકાશ કેમ હોઇ શકે ? ।।૪૦।।

आनैगमान्त्यभेदं तत्, परावृत्तावपि स्फुटम् ।
अभिप्रेताश्रयेणैव, निर्णयो व्यवहारकः ।।४१।।

નૈગમનયના ભેદ : ૧ હું અમેરિકા જાવું છું. પણ હજુ ભારતમાં ઊભો છે.

૨ ઝાડ ઉપરથી પડી ગયો છતાં બોલે કે : મરી ગયો.

૩ દુધીનું શાક કપાય છે છતાં કે: આજે દુધીનું શાક બનાવ્યું છે.

૪ આજે ભગવાન મહાવીરનો નિર્વાણ દિન છે.

પરથી અવૃત્તિ સુસ્પષ્ટ હોવા છતાં, ઇષ્ટ અર્થના આશ્રય વડે કરવામાં આવતો નિર્ણય વ્યવહાર સાધક છે. ।।૪૧।।

अनेकान्तेऽप्यनेकान्ता–दनिष्ठैवमपाकृता ।
नयसूक्ष्मेक्षिकाप्रान्ते, विश्रान्तेः सुलभत्वतः ।।४२।।

અનેકાંતમાં પણ એકાંતતા હોવાથી અનવસ્થા દોષ રહી શકતો નથી. નયનાં સૂક્ષ્મ વિચારને અંતે વિશ્રાન્તિ સુલભ બની રહે છે જેમ કે :-

૦ ઘટ સ્વરૂપથી સત્ છે પર રૂપથી અસત્ છે.

એક વસ્તુમાં સત્ અસત્ હોવાથી ઘટનું સ્વરૂપ અનેકાંત છે. પણ ઘટ ઘટ સ્વરૂપથી કેવળ સત્ છે અસત્ નથી એટલા અંશે એકાંત રૂપ છે. પર રૂપથી એકાંતે અસત્ છે.

ઘટ સત્ અસત્ ધર્મોની અપેક્ષાથી અનેકાતાત્મક છે. ।।૪૨।।

आत्माश्रयादयोऽप्यत्र, सावकाशा न कर्हिचित् ।
ते हि प्रमाणसिद्धार्थात्, प्रकृत्यैव पराङ्मुखाः
।।४३।।

આત્માશ્રયાદિ દોષો પણ અનેકાંત સિદ્ધાંતમાં કયારે પણ આવતા નથી. કારણ કે પ્રમાણથી સિદ્ધ થયેલા અનેકાંતમાં તે દોષો સ્વભાવથી જ દૂર રહે છે.

[૧] **આત્માશ્રય દોષ** :- એક વસ્તુ જ્યારે પોતનો જ આશ્રય કરે, અર્થાત્ પોતાની સિદ્ધિમાં પોતાનો જ ઉલ્લેખ કરે. ત્યારે આત્માશ્રય દોષ આવે છે. દા. ત. આ અગ્નિ છે તેની સિદ્ધિમાં દાહકત્વ પ્રમાણ થઈ શકે છે. પણ અગ્નિ જો પોતાના અસ્તિત્વમાં અગ્નિનો જ ઉલ્લેખ કરે ત્યારે આત્માશ્રય દોષ આવે.

આવી રીતે અનેકાંતમાં સમજવું.

આ અનેકાંત છે. એમાં પ્રમાણ શું ? એકાંતનો અભાવ હોવાથી. એમ બોલવામાં જો આવે તો આત્માશ્રય દોષ થયો.

અનેકાંત પોતાના સ્વરૂપને સિદ્ધ કરી શકતો નથી. નયાદિ .. તેને અનેકાંત રૂપે સિદ્ધ કરે છે.

[૨] **અન્યોન્યાશ્રય દોષ** :-

એક બીજાની અપેક્ષા જ્યારે થાય. ત્યારે અન્યોન્યાશ્રય દોષ આવે છે. એકની ખાત્રી બીજાની અપેક્ષા રાખે અને બીજાની ખાત્રી પ્રથમની અપેક્ષા કરે જેમકે :-

० મારૂં ઘર જિનમંદિર સામે છે.
० જિનમંદિર મારા ઘર સામે છે.

[૩] **અનવવસ્થા દોષ :-**

અપ્રમાણિક પરંપરાની અપેક્ષા રાખે
० 'આ જ્ઞાન પ્રમાણ છે.' તેમાં શું હેતુ ?
० બીજું જ્ઞાન આ જ્ઞાનને સત્ય કહે છે.
० બીજું જ્ઞાન સત્ય છે. એનું શું પ્રમાણ ?
ત્રીજું જ્ઞાન આ જ્ઞાનને સત્ય કહે છે.

[૪] **ચક્રક દોષ :-**

જ્યારે ત્રણ વસ્તુમાં પરસ્પર અપેક્ષા થાય ત્યારે ચક્રક દોષ ।।૪૩।।

उत्पन्नं दधिभावेन, नष्टं दुग्धतया पयः ।
गोरसत्वात् स्थिरं जानन्, स्याद्वादद्विड् जनोऽपि कः
।।४४।।

એક વસ્તુમાં પરસ્પર વિરોધી ધર્મો રહે છે. તેથી પ્રત્યેક વસ્તુ અનેકાંતાત્મક છે.' આ અનેકાંતનો સિદ્ધાંત છે.

० એક જ વસ્તુ દહીં ભાવથી ઉત્પન્ન થાય છે.

० अने दूध भावथी नष्ट थाय छे. गोरस रूपे स्थिर रहे छे.

दही अने दूध गोरस रूप कहेवाय छे. गोरस बन्नेमां स्थिर छे.

एम जाणतो साधारण जन पण कोण एवा प्रकारनो छे के अनेकांतनो विरोध करे ? ॥४४॥

इच्छन् प्रधानं सत्त्वाद्यै-र्विरूद्धैर्गुम्फितं गुणैः ।
साङ्ख्यः सङ्ख्यावतां मुख्यो, नानेकान्तं प्रतिक्षिपेत् ॥४५॥

सत्त्व-रजस्-तमस् आ त्रण विरोधी गुणोवाळी प्रकृतिने स्वीकारनारा विद्वानोमां मुख्य सांख्याचार्य पण अनेकांतनो विरोध करी शकता नथी.

सांख्यमत :- सत्त्व-रज-तम आ त्रण गुणोने प्रकृति कहेवाय छे.

० सत्त्व गुण प्रकाशक छे.

० रज गुण क्रियाजनक छे.

० तम गुण आच्छादक रूप छे.

કોઇ પણ વસ્તુ એવી નથી કે આ ત્રણ ગુણ વિનાની હોય. બધા પદાર્થો આ ત્રણ ગુણના જ પરિણામ રૂપ છે. એમ સાંખ્યશાસ્ત્ર સંસારના સ્વરૂપને માને છે. તે પણ અનેકાંતવાદનો નિષેધ કરી શકતા નથી.

૦ તેના મતાનુસાર એક જ પ્રકૃત્તિ [તત્ત્વ] સત્ત્વની અપેક્ષાએ પ્રકાશક છે. રજ-તમની અપેક્ષાએ અપ્રકાશક છે.

રજની અપેક્ષાએ ચંચળ છે. સત્ત્વ-તમની અપેક્ષાએ સ્થિર છે.

૦ તમની અપેક્ષાએ આચ્છાદક છે. સત્ત્વ-રજની અપેક્ષાએ આચ્છાદક નથી.

આ રીતે એક જ પ્રકૃતિમાં પરસ્પર વિરોધી ધર્મો સ્વીકારનાર સાંખ્ય પણ અનેકાંતનો વિરોધ કરી શકતો નથી. ॥૪૫॥

विज्ञानस्यैकमाकारं, नानाकारकरम्बितम् ।
इच्छंस्तथागतः प्राज्ञो, नानेकान्तं प्रतिक्षिपेत्
॥४६॥

વિજ્ઞાનના એક આકારને વિવિધ આકારોથી યુક્ત સ્વીકારનાર બુદ્ધિમાન બૌદ્ધો અનેકાંતનો નિષેધ ન કરી શકે.

વિજ્ઞાનવાદી બુદ્ધના મતમાં માત્ર જ્ઞાન જ સત્ય છે. અને જે ઘટ-પટ-ચંદ્ર-સૂર્યાદિ....દેખાય છે તે કલ્પીત છે. શુક્તિમાં જેમ ચાંદી અને રજ્જુમાં જેમ સર્પની ભ્રાંતિ પ્રતીત થાય છે. તેમ જાગૃત દશામાં બધા પદાર્થો કલ્પના રૂપે પ્રતીત થાય છે. સ્વપ્નામાં કોઈ પદાર્થ હોતા નથી. કેવળ જ્ઞાન જ અનેક પદાર્થોના રૂપમાં પ્રતીત થાય છે. તેમ....

જાગૃત સમયમાં જે જ્ઞાન પ્રતીત થાય છે. તે પણ સ્વપ્ન કાળના જ્ઞાનની જેમ મિથ્યા છે. આ વિજ્ઞાનવાદી બૌદ્ધનો મત છે.

બાંહ્ય પદાર્થોનો સર્વથા અભાવ માનીને એક જ વિજ્ઞાનમાં ભિન્ન ભિન્ન ઘટ પટાદિ....આકારનું થવું; તે ઘટ પટાદિ પદાર્થોના અસ્તિત્વ વિના સંભવિત નથી

અનેક આકારવાળા વિજ્ઞાનનું માનવું. અનેકાંત વિના ઘટતું નથી. એક બાજુથી વિજ્ઞાનનો એક જ આકાર માનવો અને બીજી બાજુથી એ જ વિજ્ઞાનને અનેક આકારથી ઈચ્છવું. આ અનેકાંત વિના ન ઘટે. ॥૪૬॥

चित्रमेकमनेकं च, रूपं प्रामाणिकं वदन् ।
योगो वैशेषिको वापि, नानेकान्तं प्रतिक्षिपेत्
॥४७॥

નૈયાયિક અને વૈશેષિક: કાબર ચિતરા રૂપને પ્રમાણથી સિદ્ધ, એક અને અનેક સ્વીકારતા અનેકાંતનો વિરોધ ન કરી શકે.

નીલ પીતાદિ રૂપો જેમ ભિન્ન ભિન્ન છે તેમ ચિત્ર–કાબર ચીતરૂં પણ એક ભિન્ન સ્વતંત્ર રૂપ છે.

ચિત્ર રૂપ જો કે એક છે. છતાં એક સ્થાનમાં નીલ પીતાદિની પ્રતીતિ અનેક રૂપ પણ છે. જેમ દીપડો–બિલાડી–કાબરચીતરો સાપ.

એક જ રૂપમાં પરસ્પર વિરૂદ્ધતા અને અનેકાંતનો સ્વીકાર કરે છે. તેથી અનેકાંતનો વિરોધી નથી. ॥૪૭॥

प्रत्यक्षं मितिमात्रंशे, मेयांशे तद्विलक्षणम् ।
गुरुर्ज्ञानं वदन्नेकं, नानेकान्तं प्रतिक्षिपेत् ॥४८॥

**પ્રમિતિ**=જ્ઞાન; **પ્રમાતા**=આત્મા; **પ્રમેય**=ઘટ-પટાદિ પદાર્થો.

પ્રમિતિ અને પ્રમાતાના અંશમાં જ્ઞાનને સ્વ પ્રકાશક માનતો, તેમ જ પ્રમેય અંશમાં જ્ઞાનને પર પ્રકાશક માનતો પ્રભાકર [પૂર્વ મીમાંસક] [અપર નામ-ગુરુ] અનેકાંતતાનું જ અનુસરણ કરે છે.

'**હું ઘટને જાણું છું.**' પ્રભાકરના મતે આમાં ત્રણ વસ્તુ પ્રતીત થાય છે.

- ઘટ એ પ્રમેય = જ્ઞાનનો વિષય છે.
- હું એ પ્રમાતા = આત્મા.
- જાણું છું. એ પ્રમિતિ = ઘટનું જ્ઞાન.

અહીં ઘટજ્ઞાન તથા પ્રમાતા આત્મા પ્રત્યક્ષ છે. પરંતુ પ્રમેય ઘટ પરોક્ષ છે. બાહ્ય વસ્તુની

સત્તા જ્ઞાન વડે સિદ્ધ થાય છે. ઘટ પટાદિ....ની સત્તામાં તેઓનું જ્ઞાન પ્રમાણ છે.

આ રીતે એક જ જ્ઞાનમાં જ્ઞાન અને આત્મા પ્રત્યક્ષ અને પ્રમેય-પુસ્તકાદિને પરોક્ષ રૂપે સ્વીકારે છે. આમ એક જ વસ્તુમાં પ્રત્યક્ષત્વ અને પરોક્ષ-ત્વને સ્વીકારનાર પ્રભાકર ગુરુ અનેકાંતનો નિષેધ કરતા નથી. ।।૪૮।।

जातिव्यक्त्यात्मकं वस्तु, वदन्ननुभवोचितम् ।
भट्टो वाऽपि मुरारिर्वा, नानेकान्तं प्रतिक्षिपेत्
।।४९।।

પૂર્વ મીમાંસક: કુમારીલ ભટ્ટ અને મુરારિ મિશ્ર એક જ વસ્તુને જાતિ અને વ્યક્તિથી ઉભય રૂપ અનુભવથી સિદ્ધ બોલતા, અનેકાંતનો નિષેધ કરી શકતા નથી.

બ્રાહ્મણત્વ એ જાતિ છે. દેવદત્ત એ વ્યક્તિ છે. બંન્ને એકમાં જ છે. જાતિ અને વ્યક્તિ ઉભયનો એકી સાથે પ્રમાણિક બોધ માનતો ભટ્ટ કે મુરારી સિદ્ધાંત, અનેકાન્તની જ પુષ્ટિ કરે છે.

अबद्धं परमार्थेन, बद्ध च व्यवहारत:
ब्रुवाणो ब्रह्मवेदान्ती, नानेकान्तं प्रतिक्षिपेत्
॥५०॥

પરમાર્થ દૃષ્ટિથી બંધન રહિત અને વ્યવહારની અપેક્ષાએ બંધનથી યુક્ત બ્રહ્મને [આત્માને] પ્રતિપાદન કરતો વેદાંતી અનેકાંતનો નિષેધ કરી શકતો નથી. [બ્રહ્મજ્ઞાની]

શ્રી શંકરાચાર્ય મતાવલંબી વેદાંતગામી એક બ્રહ્મને જ સત્ય સ્વીકારે છે. તેની માન્યતાનુસાર:

- પશુ–પક્ષી–મનુષ્યાદિ....ચેતનોના રૂપમાં,
- પૃથ્વી–જલાદિ ...અચેતનોના રૂપમાં....એક બ્રહ્મ જ પ્રતીત છે. બ્રહ્મ વાસ્તવમાં બંધન યુક્ત નથી. ભ્રમથી તેમાં બંધન પ્રતીત થાય છે. વ્યવહારથી બંધન યુક્ત છે.

એક બ્રહ્મમાં ભિન્ન અપેક્ષાએ બદ્ધત્વ અને અબદ્ધત્વ આ બે વિરોધી ધર્મોને માનનારા અદ્વૈત વેદાંતી અનેકાંતનો નિષેધ કરી શકતા નથી. ॥૫૦॥

ब्रुवाणा भिन्नभिन्नार्थान्, नयभेदव्यपेक्षया ।
प्रतिक्षिपेयुर्नो वेदाः, स्याद्वादं सार्वतान्त्रिकम्
॥५१॥

નય ભેદોની અપેક્ષાથી ભિન્ન ભિન્ન અર્થોના પ્રતિપાદન કરનારા વેદો પણ સમસ્ત શાસ્ત્રોમાં વ્યાપક અનેકાંતવાદનો નિષેધ કરી શક્તા નથી. ॥૫૧॥

त्रिमतिः सम्मतिर्वापि, चार्वाकस्य न मृग्यते ।
परलोकात्ममोक्षेषु, यस्य मुह्यति शेमुषी ॥५२॥

નાસ્તિક મત :- જે ચાર્વાકની બુદ્ધિ પરલોક, આત્મા અને મોક્ષના વિષયમાં મૂંઝાય છે. એવા ચાર્વાકની અસંમત્તિ [વિરૂદ્ધમત] કે સંમત્તિ [અનુકુળ મત] તપાસાય નહિ.

નાસ્તિક મત વાળા ઇન્દ્રિય દૃષ્ટ પદાર્થને જ પ્રમાણ માને છે. ખાઓ-પીઓ-મોજ મજા કરો. પરલોક-આત્મા જેવું કંઈ નથી. માટે મળેલા પદાર્થોને છોડી, ન મળેલાની વાંછા કરવી, તે વ્યર્થ છે. મૂર્ખતા છે.

આવા નાસ્તિક મતવાળાના અભિપ્રાયથી સર્યું !
॥૫૧॥

तेनानेकान्तसूत्रं यद्, यद्वा सूत्रं नयात्मकम् ।
तदेव तापशुद्धं स्याद्, न तु दुनयसंज्ञितम् ॥५२॥

તેથી અનેકાંત સંબંધી સૂત્ર અથવા જે સૂત્ર નય સ્વરૂપ છે. તે જ 'શાસ્ત્ર' તાપથી શુદ્ધ કહેવાય. પરંતુ જે દુર્નય સંજ્ઞાવાળું સૂત્ર છે. તે તાપથી શુદ્ધ થતું નથી.

અપેક્ષા ભેદથી જે અનેક ધર્મોને એક ધર્મીમાં પ્રકાશિત કરે તે અનેકાન્ત શાસ્ત્ર છે અને અપેક્ષા ભેદથી એક ધર્મને એક ધર્મીમાં પ્રકાશિત કરે તે નય સૂત્ર છે.

દા. ત. એક આત્મા નિત્ય-અનિત્ય, ભિન્ન-અભિન્ન, વાચ્ય-અવાચ્ય....આદિ અનેક ધર્મોને પ્રકાશિત કરે તે અનેકાન્ત શાસ્ત્ર, અને જે એક ધર્મીમાં કેવળ નિત્ય-ભિન્ન-વાચ્ય-કર્મબદ્ધ વગેરે અન્ય ધર્મોનો અપલાપ કર્યા વિના પ્રકાશિત કરે તે

નય સૂત્ર છે. આવું શાસ્ત્ર તે તાપ શુધ્ધ શાસ્ત્ર કહેવાય.

કેવળ નિત્ય-ભિન્ન-કર્મબધ્ધ....વગેરે અન્ય ધર્મનું ખંડન કરતું શાસ્ત્ર, તાપ શુધ્ધિ પામતું નથી. ।।૫૩।।

नित्यैकान्ते न हिंसादि, तत्पर्यायपरिक्षयात् ।
मनःसंयोगनाशादौ, व्यापारानुपलम्भतः ।।५४।।

**નૈયાયિક મત ખંડન:**

એકાંત નિત્ય પક્ષમાં હિંસાદિ....ઘટતું નથી. કારણ કે :-

આત્માનો મનની સાથે સંયોગ થાય છે. મન ઇન્દ્રિયોની સાથે જોડાય છે. ઇન્દ્રિયો પદાર્થની સાથે સંબંધ પામે છે. પછી વ્યવહાર થાય છે.

સંયોગ અને વિયોગ રૂપ વ્યાપાર એકાંત નિત્ય આત્મામાં કદી પણ ઘટી શકે નહિ. ।।૫૪।।

बुद्धिलेपोऽपि को नित्य-निर्लेपात्मव्यवस्थितौ ।
सामानाधिकरण्येन, बन्धमोक्षौ हि सङ्गतौ ।।५५।।

સાંખ્યમત નિરસન :-

સદા નિર્લેપ આત્માની વ્યવસ્થામાં બુદ્ધિનો લેપ અર્થાત્ સંબંધ ઘટતો નથી. એક જ અધિકરણમાં [ધર્મીમાં] બંધ અને મોક્ષ સંગત થાય છે.

સુખ-દુઃખ-ઇચ્છા....આત્માના ધર્મો નથી. આ ધર્મો બુધ્ધિના છે. બુધ્ધિના સંબંધથી આત્મા બંધાય છે. બુધ્ધિના વિયોગથી આત્મા મૂકાય છે. આ પક્ષ બરાબર નથી.

આપના મતમાં આત્મા નિર્લેપ છે. બુધ્ધિના સંગથી પણ તેમાં વિકાર થઇ શક્તો નથી. તેથી આત્મા બધ્ધ થઇ શકતો નથી. જે સુખ-દુઃખાદિવાળી બુધ્ધિ છે, તેનો જ મોક્ષ થઇ શકે છે. પણ સુખ દુઃખાદિથી રહિત છે તેનો મોક્ષ થઈ શકતો નથી.

આ માન્યતા બરાબર નથી. બંધન અને મોક્ષ એક જ ધર્મીમાં ઘટી શકે છે. ।।૫૫।।

अनित्यैकान्तपक्षेऽपि, हिंसादिकमसङ्गतम् ।
स्वतो विनाशशीलानां, क्षणानां नाशकोऽस्तु कः ?
।।५६।।

'સર્વ અનિત્ય જ છે.' આ એકાંત પક્ષમાં હિંસા આદિ યુક્ત નથી. પોતાની મેળે જ જે વિનાશ સ્વભાવવાળા છે. તેવા પદાર્થોના નાશ કરનારા કોણ થઈ શકે? ॥૫૬॥

आनन्तर्यं क्षणानां तु, न हिंसादिनियामकम् ।
विशेषादर्शनात्तस्य, लुब्धलुब्धकयोर्मिथः ॥५७॥

सङ्कलेशेन विशेषश्चे–दानन्तर्यमपार्थकम् ।
न हि तेनापि सङ्क्लिष्ट–मध्ये भेदो विधीयते
॥५८॥

मनोवाक्काययोगानां, भेदादेवं क्रियाभिदा ।
समग्रैव विशीर्येते–त्येतदन्यत्र चर्चितम् ॥५९॥

શ્લોક: ૫૭–૫૮–૫૯ ત્રણ સાથે.

પદાર્થ માત્રનો ક્ષણવિનશ્વર સ્વભાવ છે. એટલે પદાર્થના નાશમાં કોઈ પણ હેતુ બની શકતો નથી. પદાર્થ પોતાની મેળે જ સ્વયં નાશ પામી રહ્યો છે. આ સિધ્ધાંતમાં લુબ્ધક–શિકારી મૃગનો હિંસક કેવી રીતે બની શકે?

પોતાની વાતની પુષ્ટિમાં બૌધ્ધ થોડી દલીલ કરે છે કે : વિજ્ઞાનની જે ધારા વહી રહી છે. તેના બે ફાંટા છે.

૧ સભાગ સંતતિ. ૨ વિસભાગ સંતતિ.

આથી લુબ્ધક-શિકારીએ જે વિસભાગ ક્ષણ સંતતિનું જનન કર્યું. એથી એ લુબ્ધક શીકારી હિંસક છે. આ કથન પણ માત્ર આનન્તર્યથી હિંસક કેવી રીતે બની શકે ? તો પછી તમારા સર્વજ્ઞ બુધ્ધનું પણ સર્વજ્ઞત્વ હોવાથી એમનું વિજ્ઞાન પણ વિસભાગ સંતતિનું જનક બનશે.

તો તેમાં પણ લુબ્ધક-શિકારીની જેમ હિંસકત્વ પણ આનન્તર્યથી આવી પડશે.

આનો પણ તેઓ [બૌધ્ધ] ઘણાં ઘણાં તર્કો-કુતર્કોથી બચાવ કરવા જેમ જેમ કોશિષ કરે છે. તેમ તેમ તેઓની પ્રતિજ્ઞા સિધ્ધિ તો થતી નથી બલ્કે સમ્યક્ શાસ્ત્રજ્ઞોને અકિંચિત્કર જણાય છે.

જેમ કે : જે વિજ્ઞાનમાં 'હન્મિ' એવો સંક્લેશ ભળયો હોય, તેમ જ વિસભાગ સંતતિનું જનક

૩૫ આનન્તર્ય પણ હોય, ત્યાં જ હિંસકત્વ છે. આ કથન પણ સ્પષ્ટતા કરી શકતું નથી

મન-વચન-કાયાના ભેદોમાં જે સંક્લેશ યા અસંક્લેશનો પ્રવેશ છે, તે કેવળ આનન્તર્ય માત્રથી ક્ષણ વિનશ્વર-નિર્હેતુક વિનાશમાં ભલા કઇ યુક્તિથી પ્રવેશ પામી શકશે ? એ પ્રામાણિક પરીક્ષકોને સમજાતું જ નથી.

જરા પણ યુક્તિ સંગત આ કથન સિદ્ધ થઇ શકતું નથી.

नित्यानित्याद्यनेकान्त-शास्त्रं तस्माद्विशिष्यते ।
तद्, दृष्ट्यैव हि माध्यस्थ्यं, गरिष्टमुपपद्यते॥६०॥

એકાંત નિત્ય અને એકાંત અનિત્ય શાસ્ત્ર સ્વયમેવં પોતાની અસ્પષ્ટતા રજુ કરે છે. આથી સ્પષ્ટ થાય છે કે : કથંચિત્ નિત્ય-અનિત્ય આદિ ધર્મો યુક્ત અનેકાંત શાસ્ત્ર-વ્યવસ્થા સર્વ કરતાં સર્વોત્કૃષ્ટતાને પામે છે. જે યુક્તિ સંગત હોવાથી પ્રામણિક છે. ॥૬૦॥

यस्य सर्वत्र समता नयेषु तनयेष्विव ।
तस्यानेकान्तवादस्य, क्व न्यूनाधिकशेमुषी ॥६१॥

જે અનેકાંતવાદની બધા નયોમાં, પુત્રોની જેમ સમાનતા છે. તે અનેકાન્તવાદની ન્યૂન અને અધિક બુધ્ધિ કયા નયોમાં થઇ શકે ? ॥૬૧॥

स्वतन्त्रास्तु नयास्तस्य, नांशाः किन्तु प्रकल्पिताः ।
रागद्वेषौ कथं तस्य, दूषणेऽपि च भूषणे ? ॥६२।

જે નયો એક બીજાની અપેક્ષાથી રહિત છે. તે અનેકાંતવાદના વાસ્તવમાં અંશો નથી પરંતુ કલ્પિત અંશો છે.

આવા પ્રકારના કલ્પિત અંશોનું જો નિરાકરણ કરવામાં આવે અર્થાત્ તેની સિધ્ધિ કરવામાં આવે તો અનેકાંતવાદને રાગ-દ્વેષ કેમ થાય ?

અનેકાન્ત સિધ્ધાંતનું રહસ્ય સ્પષ્ટ કરતાં, ન્યાયવિદ્ ઉપાધ્યાયજી મહારાજા અતિ સુંદર સમજાવે છે કે :-

નયો કોઈ સ્વતંત્ર રીતે પદાર્થોનું પ્રતિપાદન કરતા નથી. કિન્તુ જરૂરત પ્રમાણેના પ્રકલ્પિત

અંશોનું વિનમ્રપણે, વ્યવહાર સાધક એકાંશનું નિરૂપણ કરી રહ્યા છે.

આવું નહિ સમજનાર–નયવાદને, સુસ્પષ્ટ નહિ-જાણનાર કોઈ પણ બુધ્ધ કે અબુદ્ધ, નયદૃષ્ટિને દૂષિત કરે કે વિભૂષિત કરે તેથી અનેકાન્ત રહસ્યવેત્તાને ભલા રાગ–દ્વેષ કેમ સંભવિ શકે? ॥૬૨॥

अर्थे महेन्द्रजालस्य, दूषितेऽपि च भूषिते ।
यथा जनानां माध्यस्थ्यं, दुर्नयार्थे तथा मुनेः
॥६३॥

મહા ઈન્દ્ર જાળની વસ્તુ, જો દૂષિત અથવા ભૂષિત [સારૂં ખોટું] કરવામાં આવે, તો પણ સમજદાર માણસોને માધ્યસ્થભાવ જ રહે છે.

તેવી જ રીતે દુર્નયના વિષયમાં મુનિને સદા માધ્યસ્થભાવ જ રહે છે.

એકાંતથી વસ્તુનું પ્રતિપાદન તે દુર્નય છે. ॥૬૩॥

दूषयेदज्ञ एवोच्चैः, स्याद्वादं न तु पण्डितः ।
अज्ञप्रलापे सुज्ञानां, न द्वेषः करुणैव तु ॥६४॥

☆☆☆☆☆☆☆☆☆☆☆☆☆☆☆☆☆☆☆☆☆☆

અબુધ્ધ [અનભિજ્ઞ] માણુસ અનેકાંતવાદનું નિરસન [ખંડન] કરે છે. પણ પંડિત નહિ.

અજ્ઞાનીના પ્રલાપનના વિષયમાં જ્ઞાની માણુસોને દ્વેષ થતો નથી. પરંતુ કરૂણા જ હોય છે. ॥૬૪॥

त्रिविधं ज्ञानमाख्यातं, श्रुतं चिन्ता च भावना।
आद्यं कोष्ठगबीजाभं, वाक्यार्थविषयं मतम्॥६५॥

શ્રુત ચિંતા–ભાવના. આમ ત્રણ પ્રકારે જ્ઞાન કહ્યા છે. શ્રૂતજ્ઞાન :– ચિંતન–મનન વિના માત્ર સાંભળવાથી કે વાંચવાથી થયેલું કદાગ્રહ રહિત વાક્યાર્થ જ્ઞાન તે શ્રુત જ્ઞાન.

આ જ્ઞાન કોઠીમાં રહેલા બીજ સમાન છે. જેમ કોઠારમાં પડેલા બીજમાં ફળની શક્તિ રહેલી છે. જો યોગ્ય ભૂમિ–વરસાદ–પ્રકાશ....આદિ નિમિત્તો મળે તો તેમાંથી ફળ પાક થાય.

તેમ શ્રુત જ્ઞાનમાં ચિંતાજ્ઞાન અને ભાવના જ્ઞાન રૂપ ફળ થવાની શક્તિ રહેલી છે.

શ્રુત જ્ઞાનમાં, હિતમાં પ્રવૃત્તિ અને અહિતમાં નિવૃત્તિ કરવાની શક્તિ નથી. કોઠીમાં પડેલું બીજ

જેમ ઉપયોગમાં આવતું નથી. તેમ માત્ર શ્રુત જ્ઞાનથી [હિતાહિતમાં પ્રવૃત્તિ-નિવૃત્તિ] લાભ થતો નથી.

શ્રુત જ્ઞાનના બળથી આત્માને માત્ર બાહ્ય બોધ થાય છે. પરંતુ આંતર પરિણતિ વિકસતી નથી.

આથી ધર્મ બિન્દુમાં શ્રુત જ્ઞાનને ઉપરાગ માત્ર કહ્યું છે. જેમ લાલ પુષ્પના સાન્નિધ્યથી, સ્ફટિક મણિમાં માત્ર લાલ રંગનો ઉપરાગ થાય છે, પણ મણિ તદ્ રૂપ બની જતો નથી. તેમ શ્રુત જ્ઞાન જાણવું. ॥૬૫॥

महावाक्यार्थजं यत्तु सूक्ष्मयुक्तिशतान्वितम् ।
तद् द्वितीयं जले तैल-बिन्दुरीत्या प्रसृत्वरम् ॥६६॥

**ચિંતાજ્ઞાન :-** સાંભળ્યા કે વાંચ્યા પછી અત્યંત સૂક્ષ્મ અને સુંદર યુક્તિઓથી ચિંતા [વિચારણા] કરવાથી થતું મહાવાક્યાર્થજ્ઞાન તે ચિંતા જ્ઞાન.

જેમ તેલબિંદુ પાણીમાં પ્રસરીને વ્યાપી જાય છે તેમ આ જ્ઞાન સૂત્રાર્થમાં વ્યાપી જાય છે. અર્થાત્ તે વિષયનો બોધ સૂક્ષ્મ બને છે.

ચિત્તની સાથે શબ્દ સંસર્ગનું જ્ઞાન, યુક્તિ-અનુમાન વ્યાપ્તિના સંબંધવાળું મનનાત્મક જ્ઞાન છે. ॥૬૬॥

एदम्पर्यगतं यच्च, विध्यादौ यत्नवच्च यत् ।
तृतीयं तदविशुद्धोच्च-जात्यरत्नविभानिभम् ॥६७॥

મહાવાકયાર્થ થયા પછી એ વિષયના તાત્પર્યનું-રહસ્યનું જ્ઞાન તે ભાવના જ્ઞાન.

આ જ્ઞાનના યોગે, વિધિ-આદર-સાતત્ય આદિ વિષે અતિશય આદર થાય છે. આ જ્ઞાન જાતિવંત અશુદ્ધ રત્નની કાંતિ સમાન છે.

જેમ શ્રેષ્ઠ રત્ન અશુધ્ધ હોવા છતાં અન્ય રત્નોથી અધિક દેદીપ્યમાન હોય છે, તેમ ભાવનાજ્ઞાન અશુદ્ધ રત્ન સમાન ભવ્યજીવ કર્મરૂપ મલથી મલીન હોવા છતાં શેષ [શ્રુતાદિ] જ્ઞાનોથી અધિક પ્રકાશ પાથરે છે.

આ જ્ઞાનથી જાણેલું જ વાસ્તવિક જાણેલું છે. ક્રિયા પણ આ જ્ઞાન પૂર્વક કરવામાં આવે તો ભવ-અંત અને મોક્ષ પ્રાપ્ત થાય.

ભાવના જ્ઞાનથી પદાર્થનું જેવું જ્ઞાન થાય છે. તેવું શ્રુતાદિ.... જ્ઞાનોથી થતું નથી. અનુભવની સાથે સંબંધ ધરાવતું પ્રત્યક્ષ–પ્રાતિભ જ્ઞાન છે. ॥૬૭॥

आद्ये ज्ञाने मनाक् पुंस–स्तद्रागाद्दर्शनग्रहः ।
द्वितीये न भवत्येष, चिन्तायोगात्कदाचन ॥६८॥

પુરૂષને પ્રથમ શ્રુતજ્ઞાનમાં, તેના ઉપર રાગ હોવાના કારણે થોડો આગ્રહ [પક્ષાપાત] હોય છે. અને બીજા ચિંતાજ્ઞાનમાં, સતત મનનના સંબંધથી ક્યારે પણ આગ્રહ થતો નથી. ॥૬૮॥

चारिसञ्जीविनीचार–कारकज्ञाततोऽन्तिमे ।
सर्वत्रैव हिता वृत्ति–र्गाम्भीर्यात्तत्त्वदर्शिनः ॥६९॥

'ચારિ સંજીવની ન્યાય' દૃષ્ટાંત પ્રસિદ્ધ છે. તેનાં દૃષ્ટાંતથી ત્રીજા ભાવનાજ્ઞાનમાં, ગંભીરતાના કારણે તત્ત્વજ્ઞાનીની બધા વિષયોમાં હિતકારક પ્રવૃત્તિ થાય છે.

ભાવનાજ્ઞાનવાળો, પ્રત્યેક વિષયોમાં માધ્યસ્થ ભાવથી પ્રવૃત્તિ કરતો હોવાથી, તેને ક્લિષ્ટ કર્મ-બંધ થતો નથી. ॥૬૯॥

तेन स्याद्वादमालम्ब्य, सर्वदर्शनतुल्यताम् ।
मोक्षोद्देशावि(द्वि)शेषेण, यः पश्यति स शास्त्रवित्
॥७०॥

તે કારણે અનેકાંતવાદનો આશ્રય લઈને મોક્ષના પ્રયોજન અવિશેષ રૂપથી, બધા દર્શનોમાં સમાનતા જુએ છે. તે શાસ્ત્રનો જ્ઞાતા છે.

અનેકાંતવાદી, એકાંત નિત્યતાવાદી દર્શનોને, દ્રવ્યના અભિપ્રાયથી સત્ય કહે છે અને ક્ષણિકતાવાદી દર્શનોમાં પર્યાયના અભિપ્રાયથી સત્ય કહે છે.

આવી રીતે બધા દર્શનોમાં ભિન્ન ભિન્ન અપેક્ષાથી મોક્ષ ઉપયોગી વાતનો સ્વીકાર કરે છે. તે શાસ્ત્રનો યથાર્થ જ્ઞાતા છે. જેમકે :–

- શુદ્ધ નિશ્ચયસ્વરૂપ સંગ્રહ નયે : આત્મા જ્ઞાનાદિ... નો ધારક.
- શબ્દ–સમભિરૂઢ–એવંભૂત નયે : આત્મા જ્ઞાનાદિનો કારક પણ રાગાદિ....નો નહિ.
- રૂજુસૂત્ર નયે : આત્મા રાગાદિ....નો કારક પણ કર્મનો કારક નહિ.

નૈગમ-વ્યવહાર નયે : આત્મા કર્મનો પણ કર્ત્તા કહેવાય. ।।૭૦।।

माध्यस्थ्यमेव शास्त्रार्थो, येन तच्चारु सिध्यति ।
स एव धर्मवाद:स्या-दन्यद् बालिशवल्गनम्।।७१।।

શાસ્ત્રોનો પ્રતિપાદ્ય અર્થ [પારમાર્થિક અર્થ] માધ્યસ્થ ભાવ છે. તે ભાવ, જેનાથી સારી રીતે સિદ્ધ થાય, તે જ ધર્મવાદ છે. તે સિવાય બીજું બધું, મૂર્ખના બકવાદ [પ્રલાપ] જેવું છે. ।।૭૧।।

पुत्रदारादि संसारो, धनिनां मूढचेतसाम् ।
पण्डितानां तु संसार:, शास्त्रमध्यात्मवर्जितम्
।।७२।।

મોહથી મૂઢ બનેલા ચિત્તવાળા, ધનવાનોને જેમ, ધન-પુત્ર પત્ની હીરા-માણેક-આદિ સંસારનું કારણ છે. અર્થાત્ દુઃખનું કારણ છે. તેમ આત્મ જ્ઞાન રહિત જે શાસ્ત્ર, તે પંડિતોને સંસારનું જ કારણ છે, અર્થાત્ દુઃખનું જ કારણ છે. ।।૭૨।।

माध्यस्थ्यसहितं ह्येक-पदज्ञानमपि प्रमा ।
शास्त्रकोटिर्वृथैवान्या, तथा चोक्तं महात्मना
।।७३।।

પાતાંજલી આદિ મહાત્માઓએ પણ કહ્યું છે કે :

માધ્યસ્થ ભાવથી યુક્ત અર્થાત્ રાગ-દ્વેષથી-રહિત એવું એક પદનું જ્ઞાન પણ પ્રમા યાને યથાર્થ જ્ઞાન છે. માંધ્યસ્થ ભાવ રહિત કરોડો શાસ્ત્રો પણ નકામા છે, એમ અન્યદર્શની મહાત્માઓએ પણ કહ્યું છે. ॥૭૩॥

वादांश्च प्रतिवादांश्च, वदन्तोऽनिश्चितांस्तथा ।
तत्त्वान्तं नैव गच्छन्ति, तिलपीलकवद्गतौ ॥७४॥

નિશ્ચય રહિત વાદ [પૂર્વ પક્ષ] અને પ્રતિવાદ [ઉત્તર પક્ષ] બોલતા લોકો, ઘાંચીના બળદની માફક તત્ત્વના પારને [ નિશ્ચયને ] પામી શકતા નથી. ॥૭૪॥

इति यतिवदनात्पदानि बुद्ध्वा,
प्रशमविवेचनसंवराभिधानि ।
प्रदलितदुरितः क्षणाच्चिलाति-
तनय इह त्रिदशालयं जगाम ॥७५॥

એ પ્રમાણે મુનિનાં મુખમાંથી 'ઉપશમ વિવેક-સંવર' નામના ૩ પદોને સાંભળીને, જેના પ્રતિ-

બંધક કર્મો દૂર થયા છે. તે ચિલાતી પુત્ર ક્ષણ વારમાં જ સ્વર્ગે ગયા. ॥૭૫॥

नचानेकान्तार्थावगमरहितस्यास्य फलितम्,
कथं माध्यस्थ्येन स्फुटमिति विधेयं भ्रमपदम ।
समाधेरव्यक्ताद्यदभिदधति व्यक्तसदृशं,
फलं योगाचार्या ध्रुवमभिनिवेशे, विगलिते ॥७६॥

અનેકાંત અર્થના અનભિજ્ઞ [જ્ઞાન રહિત] ચિલાતી પુત્રને સ્પષ્ટપણે માધ્યસ્થ ભાવ કેમ ઉત્પન્ન થયો?

આવા પ્રકારની શંકા ન કરવી. કેમકે...

યોગાચાર્યો, આગ્રહ નષ્ટ થયા પછી અવ્યક્ત સમાધિથી પણ વ્યક્ત સમાધિની જેમ ફળનો સ્વીકાર કરે છે. ॥૭૬॥

विशेषादोधाद्वा सपदि तदनेकान्तसमये,
समुन्मीलद्भक्तिर्भवति य इहाध्यात्मविशदः ।
भृशं धीरोदात्तप्रियमतगुणोज्जागररुचिर्यशः
श्रीस्तस्याङ्कं त्यजति न कदापि प्रणयिनी ॥७७॥

અનેકાંત સિદ્ધાંતમાં [શુદ્ધ ધર્મમાં] સામાન્ય અગર વિશેષ ભક્તિ જેની જાગી ઉઠે છે અને અધ્યાત્મથી પવિત્ર બનેલા આત્માના ખોળાને ધીરતા ઉદાત્તતા....આદિ પ્રિયતમના ગુણોથી આકર્ષિત બનેલી, યશલક્ષ્મી રૂપી પ્રિયતમા કદી પણ છોડતી નથી. ॥૭૭॥

इति शास्त्रयोग शुद्धिनामा प्रथमोऽधिकारः

# ● જ્ઞાનયોગ શુદ્ધિ અધિકાર ●

## [૨]

दिशा दर्शितया शास्त्रै-र्गच्छन्नच्छमतिः पथि ।
ज्ञानयोगं प्रयुञ्जीत, तद्विशेषोपलब्धये ॥१॥

શાસ્ત્રોએ બતાવેલી દિશા-વિધિ પ્રમાણે ચાલનારો [પ્રવૃત્તિ કરનારો] નિર્મળ બુદ્ધિવાન સાધક, જ્ઞાનની અધિક પ્રાપ્તિ માટે જ્ઞાનયોગનો પ્રયોગ કરે.

० વેપારી જેમ ધન માટે; રોગી જેમ નિરોગી થવા માટે પ્રયત્ન કરે છે તેમ. ॥૧॥

योगजादृष्टजनितः, स तु प्रातिभसंज्ञितः ।
सन्ध्येव दिनरात्रिभ्यां, केवलश्रुतयोः पृथक् ॥२॥

યોગજ - ચિત્તની સ્થિરતાથી. ઉત્પન્ન થયેલ, અપૂર્વ શક્તિ વિશેષ દ્વારા, ઉત્પન્ન થયેલ જે જ્ઞાન, તે પ્રતિભ નામનું જ્ઞાન છે.

દિવસ અને રાત્રિથી જેમ સંધ્યા ભિન્ન છે, તેમ શ્રુતજ્ઞાન અને કેવળજ્ઞાનથી પ્રતિભજ્ઞાન ભિન્ન છે.

અનુભવજ્ઞાન શ્રુતજ્ઞાનનું કાર્ય છે અને કેવળ જ્ઞાનનું અસાધારણ કારણ છે. અર્થાત્ શ્રુતજ્ઞાનના અભ્યાસથી અનુભવ જ્ઞાન થાય છે. અને ઉષા પછી જેમ સૂર્યોદય થાય છે તેમ અનુભવ જ્ઞાન પછી તુરત- અંત મૂંહુર્તમાં કેવળજ્ઞાન થાય છે.

જેમ સૂર્યોદય થવાનો હોય. ત્યારે પહેલાં અનુભવજ્ઞાન થાય છે. અનુભવજ્ઞાનને પ્રતિભજ્ઞાન કહેવામાં આવે છે. આ જ્ઞાન ક્ષપક શ્રેણિમાં હોય છે-[સ્વોપજ્ઞ ટબો-જ્ઞાનસાર] ॥૨॥

पदमात्रं हि नान्वेति, शास्त्रं दिग्दर्शनोत्तरम् ।
ज्ञानयोगो मुनेः पार्श्व-माकैवल्यं न मुञ्चति ॥३॥

શાસ્ત્ર એ, દિશા સૂચન કર્યા પછી આગળ એક પગલું પણ જતું નથી પરંતુ જ્ઞાનયોગ તો કેવળ જ્ઞાન ન થાય ત્યાં સુધી મુનિનું સાનિધ્ય છોડતું નથી. ॥૩॥

तत्त्वतो ब्रह्मणः शास्त्रं, लक्षकं न तु दर्शकम् ।
न चादृष्टात्मतत्त्वस्य, दृष्टभ्रान्तिर्निवर्तते ।।४।।

તત્ત્વથી શાસ્ત્ર બ્રહ્મનું [શુદ્ધ આત્માનું] દૂર રહીને લક્ષક [પ્રદર્શક] બને છે. પરંતુ દર્શક તો નહિ જ. અર્થાત્ આત્માના પ્રત્યક્ષ જ્ઞાનનું જનક શાસ્ત્ર થતું નથી.

જેણે આત્મ તત્ત્વને જોયું નથી. તેની પ્રત્યક્ષ ભ્રાંતિ દૂર થતી નથી. ।।૪।।

तेनात्मदर्शनाकाङ्क्षी, ज्ञानेनान्तर्मुखो भवेत् ।
द्रष्टुर्दृगात्मता मुक्ति–र्दृश्यैकात्म्यं भवभ्रमः ।।५।।

તેથી આત્મ દર્શનની ઇચ્છાવાળાએ, સૌ પ્રથમ જ્ઞાનદ્વારા અંતર્મુખવાળા થવું જોઇએ.

- દ્રષ્ટાની [આત્માની] જ્ઞાન સાથે અભેદતા, તે મુક્તિ.
- દ્રષ્ટાની [આત્માની] જ્ઞેય પદાર્થોની સાથે એકતા, તે સંસાર.

જગતના જ્ઞેય પદાર્થો, ધર્માસ્તિકાય....આદિ ષટ્ દ્રવ્યોની સાથે, આત્માને 'જ્ઞેય જ્ઞાયક' તરીકેનો

જ માત્ર સંબંધ છે. પરંતુ જ્યારે આત્મા, જગતના પદાર્થોમાં ઇષ્ટ–અનિષ્ટ; સારા–નરસા; રાગ–દ્વેષ.... કરે છે. ત્યારે આત્મા મલિન થાય છે. અને તે મલીનતા જ સંસાર પરિભ્રમણનું કારણ છે. ॥૫॥

आत्मज्ञाने मुनिर्मग्नः, सर्वं पुद्गलविभ्रमम् ।
महेन्द्रज़ालवद्वेत्ति, नैव तत्रानुरज्यते ॥६॥

આત્મજ્ઞાનમાં મગ્નતા અનુભવનાર જે મુનિ છે, તે જડના સમસ્ત ભ્રમને [વિલાસને] મહાઇન્દ્ર-જાલની જેમ કૃત્રિમ જાણે છે. એથી તેમાં અનુરાગ વાળા [રાગ–દ્વેષી] થતાં નથી. ॥૬॥

आस्वादिता सुमधुरा, येन ज्ञानरतिः सुधा ।
न लगत्येव तच्चेतो, विषयेषु विषेष्विव ॥७॥

'બાહ્ય જગતનું દૃશ્યત્વ અને ચેતન આત્માનું દૃષ્ટુત્વ'

એની સતત જાગરૂક્તાવાળા, મુનિનું ચિત્ત, વિષયોમાં ઝેરની જેમ આશક્ત બનતું નથી. કેમકે સદાય જ્ઞાનામૃતનું નિરંતર પાન કરનારા હોવાથી. ॥૭॥

सत्तत्त्वचिन्तया यस्या–भिसमन्वागता इमे ।
आत्मवान् ज्ञानवान् वेद–धर्मवान् ब्रह्मवांश्च सः ॥८॥

ઉપર પ્રમાણે આત્મતત્ત્વની સતત ચિંતાથી, જેને વિષયો ચારે બાજુથી, એકી સાથે વશ થયેલા છે. અર્થાત્ પદાર્થોની સાથે માત્ર 'જ્ઞેય જ્ઞાયક' સબંધ જ જેણુ સ્થાપિત કર્યા છે. તે જ આત્મા ખરેખર! આત્મવાન, જ્ઞાનવાન, ધર્મવાન, અને બ્રહ્મવાન કહેવાય છે.

આત્માના જ્ઞાનરૂપી અરિસામાં જગતના સઘળાય–જ્ઞેય પદાર્થોનો, પ્રતિબિંબ રૂપ સંયોગ છે. પરંતુ બિંબ રૂપે કોઇ પણ દ્રવ્યનો કદી પણ સંયોગ થાય જ નહિ. સદાનો વિયોગ છે.

સિદ્ધ પરમાત્માના જ્ઞાન રૂપી આરિસામાં [દર્પણમાં] પ્રતિબિંબ રૂપે લોકાલોકનો સંયોગ છે અને બિંબ રૂપે સમસ્ત પદાર્થોનો વિયોગ છે. ॥૮॥

विषयान् साधकः पूर्व–मनिष्टत्वधिया त्यजेत् ।
न त्यजेन्न च गृह्णीयात्, सिद्धो विन्द्यात् स तत्त्वतः ॥९॥

સાધક પ્રાથમિક ભૂમિકામાં, ઇન્દ્રિયના વિષયોને અનિષ્ટ બુદ્ધિથી ત્યાગ કરે અને સિદ્ધ અર્થાત્ તત્ત્વજ્ઞાની-આત્મજ્ઞાની, વિષયોનો ત્યાગ પણ ન કરે, સ્વીકાર પણ ન કરે.

પદાર્થોને તત્ત્વથી યથાર્થ રૂપે જાણે. ગમો-અણગમો કે રાગ-દ્વેષ ન કરે. ॥૯॥

योगारम्भदशास्थस्य, दुःखमन्तर्बहिः सुखम् ।
सुखमन्तर्बहिर्दुखं, सिद्धयोगस्य तु ध्रुवम् ॥१०॥

યોગની પ્રાથમિક ભૂમિકામાં અંદર દુઃખ હોય છે. બહાર સુખ થાય છે.

ઈન્દ્રિયના વિષયોના ભોગવટામાં આનંદ થાય છે. પરંતુ માનસિક દુઃખ હોય છે. કેમકે તે જાણે છે કે : વિષયો પરિણામે દુઃખદાઈ છે.

પરંતુ જેને યોગ સિધ્ધ થયો છે, તેને અંતઃકરણમાં સુખની પ્રતીતિ થાય છે. આત્મા શુધ્ધ નિર્મળ-આનંદઘન-જ્ઞાયક....છે. આવા વિચારથી સુખ અને બહારના વિષયો આશક્તિના કારણે

સંસારમાં રખડાવનાર છે. આવા વિચારથી બાહ્ય દુઃખ થાય છે. ॥૧૦॥

प्रकाशशक्त्या यद्रूप–मात्मनो ज्ञानमुच्यते ।
सुखं स्वरूपविश्रान्ति–शक्त्या वाच्यं तदेव तु
॥११॥

પ્રકાશ શક્તિના કારણે આત્માનું સ્વરૂપ જે જ્ઞાન કહેવાય છે, તે જ જ્ઞાન, સ્વરૂપ વિશ્રાન્તિની અપેક્ષાએ સુખ કહેવાય છે.

જ્ઞાન જ ઘટ-પટાદિ....બાહ્ય વિષયોનો પ્રકાશક છે. આ જ્ઞાન જ આત્માનું સ્વરૂપ છે. અર્થાત્ જ્ઞાનજ આત્મા છે. પરંતુ જ્યાં સુધી ઘાતીકર્મ રૂપ શરીર છે, ત્યાં સુધી બાહ્ય પદાર્થોની સાથે રાગાદિપૂર્વક સંબંધ છે. આ સંબંધ સર્વથા દૂર થતાં, આત્માનું જે જ્ઞાનમય સ્વરૂપ છે તે જ, સ્વરૂપમાં સ્થિર થતાં સુખરૂપે-આનંદરૂપે પરિણમે છે.

મોક્ષ દશામાં કેવળ સુખનો અનુભવ થાય છે. ॥૧૧॥

सर्वं परवशं दुःखं, सर्वमात्मवशं सुखम् ।
एतदुक्तं समासेन, लक्षणं सुखदुःखयोः ॥१२॥

જે અન્ય પદાર્થને આધીન હોય તે દુઃખ અને આત્માને સ્વાધીન હોય તે સુખ છે. સંક્ષેપથી આજ સુખ-દુઃખનું લક્ષણ છે. ॥૧૨॥

ज्ञानमग्नस्य यच्छर्म, तद्वक्तुं नैव पार्यते ।
नोपमेयं प्रियाश्लेषै–र्नापि तच्चन्दनद्रवैः ॥१३॥

જ્ઞાનમગ્ન આત્માનું સુખ, વાણીથી કહી શકાય તેમ નથી. પ્રિયાના આલિંગનના કે ચંદનના વિલેપનના સુખ સાથે સરખામણી થઈ શકે તેમ નથી. ॥૧૩॥

तेजोलेश्याविवृद्धिर्या, पर्यायक्रमवृद्धितः ।
भाषिता भगवत्यादौ, सेत्थम्भूतस्य युज्यते ॥१४॥

ભગવતી....આદિ ગ્રંથોમાં કહેલા, સાધુના સંયમ પર્યાયની વૃધ્ધિથી તેજોલેશ્યાની–ચિત્ત સુખની વૃધ્ધિ આવા પ્રકારના જ્ઞાત મગ્ન મહાત્માને ઘટે છે.

## તેજોલેશ્યા વૃદ્ધિનો ક્રમ

| દીક્ષા પર્યાય | કયા દેવોથી અધિક : |
| --- | --- |
| ૧ માસ | વાણવ્યંતર |
| ૨ માસ | ભુવનપતિ |
| ૩ માસ | અસુરકુમાર |
| ૪ માસ | ગ્રહ, નક્ષત્ર, તારા |
| ૫ માસ | ચંદ્ર-સૂર્ય |
| ૬, ૭, ૮, ૯, ૧૦ માસ | ક્રમશઃ ૧-૨; ૩-૪; ૫-૬; ૭-૮; ૯ થી ૧૨ |
| ૧૧, ૧૨ માસ | ૯ ગ્રૈવેયક-૫ અનુત્તર |

॥૧૪॥

चिन्मात्रलक्षणेनान्य-व्यतिरिक्तत्वमात्मनः।
प्रतीयते यदश्रान्त, तदेव ज्ञानमुत्तमम् ॥१५॥

જ્ઞાન સ્વરૂપ અસાધારણ લક્ષણ વડે [ધર્મથી] આત્માની જે અન્ય દ્રવ્યોથી સતત ભિન્નતા પ્રતિત થાય છે, તે જ જ્ઞાન ઉત્તમ છે. ॥૧૫॥

शुभोपयोगरूपोऽयं, समाधिः सविकल्पकः।
शुद्धोपयोगरूपस्तु, निर्विकल्पस्तादेकदृक् ॥१६॥

શુભ ઉપયોગ રૂપ સમાધિ તે સવિકલ્પ સમાધિ અર્થાત્ જેમાં દેવ-ગુરૂ ભક્તિ; આદર–બહુમાન. ઈત્યાદિ પ્રશસ્ત શુભ ભાવો તે સવિકલ્પ સમાધિ અને શુદ્ધ ઉપયોગ રૂપ સમાધિ તે નિર્વિકલ્પ સમાધિ છે. એમાં કોઇ આલંબન નથી. ॥૧૬॥

आद्यः सालम्बनो नाम, योगोऽनालम्बनः परः
छायाया दर्पणाभावे, मुखविश्रान्तिसंनिभः ॥१७॥

સવિકલ્પ સમાધિ આલંબન યોગ કહેવાય છે. અને નિર્વિકલ્પ સમાધિ નિરાલંબન યોગ કહેવાય છે.

જેમ દર્પણમાં પ્રતિબિંબની પ્રતીતિ થાય છે ત્યારે સાલંબન યોગ અને માત્ર ચૈતન્યની પ્રતીતિ થાય તે અનાલંબન યોગ.

- સમવસરણ સ્થિત જિન અને તેની પ્રતિમાદિ રૂપ રૂપી આલંબન.
- તથા પરમ–પરમાત્મા રૂપ અરૂપી આલંબન. એમ આલંબન બે પ્રકારે છે. તેમાં અરૂપી પરમાત્માના કેવલજ્ઞાનાદિ....ગુણોની સાથે તન્મયતા રૂપ યોગ, ઈન્દ્રિયોને અગોચર હોવાથી

સૂક્ષ્મ અનાલંબન યોગ કહ્યો છે.....યોગવિંશિકા ગા. ૧૯ ॥૧૭॥

यद्दृश्यं यच्च निर्वाच्यं, मननीयं च यद्भुवि ।
तद्रूपं परसंश्लिष्टं, न शुद्धद्रव्यलक्षणम् ॥१८॥

જગતમાં જે વસ્તુ જોવાલાયક છે; જે વાણી વડે પ્રતિપાદન કરાય છે અને જે મન વડે વિચારાય છે તે સ્વરૂપ, અન્ય પદાર્થોથી સંયુક્ત છે.

તે શુદ્ધ આત્માનું સ્વરૂપ નથી.

શુદ્ધ આત્માનું સ્વરૂપ અનિર્વચનીય છે. ॥૧૮॥

अपदस्य पदं नास्तो–त्युपक्रम्यागमे ततः ।
उपाधिमात्रव्यावृत्त्या, प्रोक्तं शुद्धात्मलक्षणम् ॥१९॥

પદરહિત આત્માનું સ્વરૂપ કોઈ પદથી પ્રતિપાદ્ય નથી. આગમમાં ઉપાધિઓનાં નિષેધથી શુદ્ધાત્માનું લક્ષણ કહ્યું છે.

જેમકે :- શુદ્ધાત્મા કેવો છે ? અશરીરી, અતીન્દ્રિય, સુખદુઃખ ઇચ્છા રહિત, અરૂપ–રસ–ગંધ

સ્પર્શવાન, અજર, અમર, ઈત્યાદિ....
શુદ્ધાત્મા અનુભવગમ્ય છે. ॥૧૯॥

यतो वाचो निवर्तन्ते, अ(ह्य)प्राप्य मनसा सह ।
इति श्रुतिरपि व्यक्ता-मेतादर्थानुभाषिणो ॥२०॥

વેદવચન પણ આ વાતની સ્પષ્ટપણે સાક્ષી પૂરે છે કે :-

મનની સાથે શબ્દો પણ જેને પ્રાપ્ત કર્યા વિના પાછા ફરે છે, તે આત્માનું સ્વરૂપ અનિર્વચનીય છે.

આત્માના અસાધારણ સ્વરૂપને પ્રતિપાદન કરવામાં શબ્દો અસમર્થ છે. સાકર અને ગોળ.... વગેરેના મધુર રસોમાં તરતમતા હોય છે. તેના ભેદનું વર્ણન કરવું; તે શબ્દો દ્વારા અસમર્થ છે. માત્ર રસના સ્વાદથી જાણી શકાય.

એમ આત્માનું સ્વરૂપ જ્ઞાનાત્મક છે. તે વાણી દ્વારા જાણી શકાતું નથી. અનુભવ ગમ્ય છે. ॥૨૦॥

अतीन्द्रियं परं ब्रह्म, विशुद्धानुभवं विना ।
शास्त्रयुक्तिशतेनापि, नैव गम्यं कदाचन ॥२१॥

પરંબ્રહ્મ અર્થાત્ આત્માનું શુદ્ધ સ્વરૂપ, ઇન્દ્રિયાતીત છે. સેંકડો શાસ્ત્રોથી કે સેંકડો યુક્તિઓથી આત્માનું શુદ્ધ સ્વરૂપ જાણી શકાતું નથી. પરંતુ વિશુદ્ધ અનુભવગમ્ય છે. ॥૨૧॥

केषां न कल्पना दर्वी, शास्त्रक्षीरान्नगाहिनी ।
विरलास्तद्रसास्वाद-विदोऽनुभवजिह्वया ॥२२॥

કોની કલ્પના રૂપ કડછી, શાસ્ત્રરૂપ દૂધપાકમાં પ્રવેશ કરનારી નથી? અર્થાત્ સર્વની કલ્પના શાસ્ત્રમાં પ્રવેશ કરે છે, પરંતુ અનુભવ રૂપ જીભ વડે શાસ્ત્રરૂપ ક્ષીરના રસનો આસ્વાદ-રહસ્ય જાણનારા થોડા છે. એટલે શાસ્ત્રજ્ઞાન તે બાહ્ય અને અનુભવજ્ઞાન એ અંતરંગ છે. ॥૨૨॥

पश्यतु ब्रह्म निर्द्वन्द्वं, निर्द्वन्द्वानुभवं विना ।
कथं लिपिमयी दृष्टिः, वाङ्मयी वा मनोमयी
॥२३॥

નિર્દ્વન્દ્વ-સર્વ પ્રકારના ક્લેશ રહિત, બ્રહ્મ-આત્મસ્વરૂપને દ્વન્દ્વરહિત અપરોક્ષ (પ્રત્યક્ષ) અનુભવ વિના

- લિપીમયી-સંજ્ઞાક્ષર રૂપ,
- વાઙ્મયી-વ્યંજનાક્ષર [ઉચ્ચારણ કરવા] રૂપ.
- મનોમયી-લબ્ધ્યાક્ષર [અર્થના પરિજ્ઞાન] રૂપ.

દૃષ્ટિ કેવી રીતે દેખે ?

શાસ્ત્રદૃષ્ટિથી બ્રહ્મ ન જણાય. ચર્મદૃષ્ટિથી પણ ન જણાય. માત્ર અનુભવ દૃષ્ટિથી જ જણાય ॥૨૩॥

न सुषुप्तिरमोहत्वा-न्नापि च स्वापजागरौ ।
कल्पनाशिल्पविश्रान्ते-स्तुर्यैवानुभवो दशा ॥२४॥

અનુભવ એ સુષુપ્તિદશા નથી. કારણ કે અનુભવ તે મોહ રહિત છે અને સુષુપ્તિ તો નિર્વિકલ્પ છે પણ મોહ સહિત છે.

વળી સ્વપ્નદશા અને જાગરદશા પણ નથી. કારણ કે અનુભવે તે કલ્પના રૂપ શિલ્પ-કારીગરીની વિશ્રાન્તિ [અભાવ] છે અને સ્વપ્નદશા તથા જાગ્રતદશા તો કલ્પના રૂપ છે.

માટે અનુભવ એ ચોથી દશા છે.

- આત્માનો અનુભવ એ ચોથી ઉજાગર દશા છે. મોહ રહિત છે. ॥૨૪॥

अधिगत्याखिलं शब्द-ब्रह्म शास्त्रदृशा मुनिः ।
स्वसंवेद्यपरं ब्रह्मा-नुभवैरधिगच्छति ॥२५॥

મુનિ શાસ્ત્ર રૂપી દૃષ્ટિ વડે, સમસ્ત શબ્દ રૂપી બ્રહ્મને જાણીને સ્વસંવેદ્ય જે પરબ્રહ્મ તેને કેવળ અનુભવ વડે, અન્ય દ્રવ્યથી ભિન્ન પરમ, બ્રહ્મ-શુદ્ધાત્માને જાણે છે. ॥૨૫॥

ये पर्यायेषु निरता-स्ते ह्यन्यसमयस्थिताः ।
आत्मस्वभावनिष्ठानां, ध्रुवा स्वसमयस्थितिः ॥२६॥

જે જીવો પર્યાયોમાં આસક્ત છે, તે બીજા લોકોના સિદ્ધાંતમાં રહે છે અને જે આત્માના સ્વભાવમાં, [ધ્રૂવ-જ્ઞાયક ભાવમાં] સ્થિર છે, તે લોકોની પોતાના સિદ્ધાંતમાં જ નિયમા સ્થિતિ છે. ॥૨૬॥

आवापोद्वापविश्रान्ति-र्यत्राशुद्धनयस्य तत् ।
शुद्धानुभवसंवेद्यं, स्वरुपं परमात्मनः ॥२७॥

જયાં અશુદ્ધ નયની ગ્રહણ [અન્વય] અને ત્યાગ [વ્યતિરેક] ની વિશ્રાંતિ [નિવૃત્તિ] થાય છે.

ત્યાં આત્માનું શુદ્ધ સ્વરૂપ, શુદ્ધ અનુભવથી [રાગ દ્વેષની કાલિમા વિના] જણાય છે.

અશુદ્ધ સ્વરૂપના પ્રતિપાદક નયના ગ્રહણ અને ત્યાગની જ્યાં વિશ્રાંતિ થાય છે તે શુદ્ધાત્માનું [પરમાત્માનું] અસાધારણ સ્વરૂપ શુદ્ધ અનુભવથી જાણી શકાય છે.

શુદ્ધાત્માનું સ્વરૂપ અનુભવ ગમ્ય છે. ॥૨૭॥

गुणस्थानानि यावन्ति, यावन्त्यश्चापि मार्गणाः ।
तदन्यतरसंश्लेषो, नैवातः परमात्मनः ॥२८॥

આ સિદ્ધાંતથી જેટલા ગુણ સ્થાનકો છે અને જેટલી માર્ગણાઓ છે, તે બન્નેમાંથી કોઇ એકની સાથે પણ શુદ્ધ આત્માનો સંબંધ નથી.

ગુણસ્થાનક અને માર્ગણાઓથી શુદ્ધાત્મા ભિન્ન છે. ॥૨૮॥

कर्मोपाधिकृतान् भावान्, य आत्मन्यध्यवस्यति ।
तेन स्वाभाविकं रूपं, न बुद्धं परमात्मनः ॥२९॥

જે માણસ કર્મ રૂપી ઉપાધિથી ઉત્પન્ન ભાવોને; આત્મામાં આરોપ કરે છે. અર્થાત્ કર્મકૃત ભાવોને,

આત્માના ભાવો સમજે છે. તેણે આત્માનું શુદ્ધ સ્વરૂપ જાણ્યું નથી. ॥૨૯॥

यथा भृत्यैः कृतं युद्धं स्वामिन्येवोपचर्यते ।
शुद्धात्मन्यविवेकेन, कर्मस्कन्धोर्जितं तथा ॥३०॥

જેમ સુભટોએ કરેલા યુદ્ધનો, સ્વામીને વિષે ઉપચાર થાય છે. સેવકોનો જય કે પરાજય ઉપ-ચારથી સ્વામીનો જય-પરાજય કહેવામાં આવે છે. તેમ અવિવેકે કરેલા કર્મ પુદ્ગલોનો પુણ્ય-પાપ ફલ રૂપ વિલાસ, શુદ્ધ આત્મામાં આરોપાય છે. તેથી તે ઉપચારથી શુદ્ધ આત્માનો જણાય છે. ॥૩૦॥

मुषितत्वं यथा पान्थ-गतं पथ्युपचर्यते ।
तथा व्यवहरत्यज्ञ-श्चिद्रूपे कर्मविक्रियाम् ॥३१॥

મુસાફર માર્ગમાં લૂંટાતો હોય તો ઉપચારથી કહેવાય છે કે, આ માર્ગ લૂંટાય છે. હકીકતે તો વટેમાર્ગુ લૂંટાય છે. તેમ ઉપચારથી કહેવાય છે, તેવી રીતે.

અનભિજ્ઞ માણસ-પરમાર્થનો અજ્ઞાત પુરૂષ, ચૈતન્યસ્વરૂપ આત્મામાં, કર્મથી ઉત્પન્ન વિકારનો ઉપચાર કરે છે. જેમકે :-

આત્મા પશુ છે–દેવ–મનુષ્ય–સ્ત્રી–બાળક–બ્રાહ્મણ ક્ષત્રિય–ધની–નિર્ધન....ઇત્યાદિનો વ્યવહાર કરે છે. ॥૩૧॥

स्वत एव समायान्ति, कर्मण्यारब्धशक्तितः ।
एकक्षेत्रावगाहेन, ज्ञानी तत्र न दोषभाक् ॥३२॥

પ્રારબ્ધકર્મની શક્તિથી કર્મો પોતેજ આવે છે. એક ક્ષેત્ર [પ્રદેશ] માં કર્મો છે અને પ્રારબ્ધ પણ છે. છતાં જ્ઞાની દોષના ભાગીદાર નથી, કેમકે જ્ઞાની રાગાદિથી રહિત થઇ કાર્ય કરે છે. ક્રિયાઓ પોતે શુભાશુભ નથી. પણ રાગાદિના કારણે તે શુભાશુભ કહેવાય છે. ॥૩૨॥

दारूयन्त्रस्थपाञ्चाली–नृत्यतुल्याः प्रवृत्तयः ।
योगिनो नैव बाधायै, ज्ञानिना लोकवर्तिनः ॥३३॥

લાકડાના યંત્રમાં રહેલી પૂતળીના નૃત્ય સમાન લોકવર્તી જ્ઞાનીની પ્રવૃત્તિઓ, યોગીઓને દોષરૂપ થતી નથી. અર્થાત્ યોગસિદ્ધ મહાત્માને જ્ઞાનીની ક્રિયાઓ બાધક બનતી નથી. ॥૩૩॥

प्रारब्धादृष्टजनितात्. सामायिकविवेकत: ।
क्रियापि ज्ञानिनो व्यक्ता–मौचितीं नातिवर्तते ॥३४॥

ઉદયમાં આવેલી અદૃષ્ટ કર્મે જન્માવેલી, જ્ઞાની પુરૂષની ક્રિયાપણ; સામાયિકના વિવેકથી સ્પષ્ટપણે ઉચિત્તાભાવનું ઉલ્લંઘન કરતી નથી. અર્થાત્ જ્ઞાની પુરૂષ પણ સર્વત્ર ઔચિત્યનું પાલન કરે છે. ॥૩૪॥

संसारे निवसन् स्वार्थ–सज्ज: कज्जलवेश्मनि ।
लिप्यते निखिलो लोको, ज्ञानसिद्धो न लिप्यते ॥३५॥

કાજળના ઘર જેવા સંસારમાં રહેતો, સ્વાર્થમાં તત્પર સમગ્ર લોક કર્મથી લેપાય છે. પણ જે જ્ઞાન વડે સિદ્ધ છે. તે પુરૂષ લેપાતો નથી. ॥૩૫॥

नाहं पुद्गलभावानां, कर्ता कारयिता च न ।
नानुमन्तापि चेत्यात्म–ज्ञानवान् लिप्यते कथम् ॥३६॥

'હું પુદ્ગલિક ભાવોનો કરનાર, કરાવનાર અને અનુમોદના કરનાર નથી.'

આવા સમભાવવાળો આત્મજ્ઞાની કર્મથી કેમ લેપાય ? ॥૩૬॥

लिप्यते पुद्गलस्कन्धो, न लिप्ये पुद्गलैरहम् ।
चित्रव्योमाञ्जनेनेव, ध्यायन्निति न लिप्यते॥३७॥

પુદ્ગલનો સ્કંધ પુદ્ગલો વડે, સંક્રમાદિ ઉપચયે લેવાય છે. [પૂર્વના પુદ્ગલો સાથે બીજા નવા પુદ્ગલોના મળવા વડે ઉપચય થાય છે] પણ હું શુદ્ધાત્મા લેપાતો નથી.

જેમ ચિત્રામણવાળું [વિવિધ વર્ણવાળું] આકાશ અંજન [કાજળ] થી લેપાતું નથી.

આ પ્રમાણે શુદ્ધાત્માનું ધ્યાન કરતો આત્મા, કર્મથી લેપાતો [બંધાતો] નથી. ॥૩૭॥

लिप्तता ज्ञानसम्पात-प्रतिघाताय केवलम् ।
निर्लेपज्ञानमग्नस्य, क्रिया सर्वोपयुज्यते ॥३८॥

નિર્લેપ જ્ઞાનમાં મગ્ન એટલે હું નિર્લેપ છું' એવી જ્ઞાનધારામાં આરૂઢ થયેલા યોગીને, બધી

આવશ્યકાદિ ક્રિયાઓ 'કેવળ' 'આત્મા કર્મથી લિપ્ત છે.' એવા લિપ્તપણાના જ્ઞાનના આગમનને રોકવા માટે ઉપયોગી થાય છે.

આત્મધ્યાનની ધારાથી પડતા રાખવા માટે જ બધી ક્રિયાઓ આલંબનભૂત કહી છે. ।।૩૮।।

तपः श्रुतादिना मत्तः, क्रियावानपि लिप्यते ।
भावनाज्ञानसम्पन्नो, निष्क्रियोऽपि न लिप्यते।।३९।।

જે તપ અને શાસ્ત્રજ્ઞાનાદિથી મત્ત થાય છે. અભિમાની બને છે. તે શાસ્ત્રવિહિત ક્રિયાઓના કર્ત્તા હોવા છતાં-કરનાર હોવા છતાં લિપ્ત થાય છે. કર્મથી લેપાય છે. પરંતુ જે ભાવનાજ્ઞાન સંપન્ન છે તે ક્રિયા વગરનો પણ લેપાતો નથી. કર્મથી બંધાતો નથી. ।।૩૯।।

समलं निर्मलं चेद–मिति द्वैतं यदा गतम् ।
अद्वैतं निर्मलं ब्रह्म, तदैकमवशिष्यते ।।४०।।

આ મળયુક્ત છે અને આ નિર્મળ છે. આવા પ્રકારનો ભેદ જ્યારે દૂર થાય છે-ચાલ્યો જાય છે. ત્યારે નિર્મળ, અદ્વીતીય બ્રહ્મ જ એક બાકી રહે છે.

- અર્થ-કામ-ભોગ-વિષય-કષાય યુક્ત પ્રવૃત્તિ બંધનકારક છે.
- અહિંસાદિનું પાલન નિર્મળ છે.

આવા પ્રકારનો ભેદ જ્યારે દૂર થાય છે અને માણસ જ્યારે શુદ્ધાત્માનું ચિંતન કરે છે. ત્યારે નિર્મળ અદ્વૈત, શુદ્ધાત્માનું સ્વરૂપ પ્રતીત થાય છે.

અનાલંબન સમાધિમાં એક આત્મા જ બાકી રહે છે. ॥૪૦॥

महासामान्यरूपेऽस्मि-न्मज्जन्ति नयजा भिदा:
समुद्र इव कल्लोला:, पवनोन्माथनिर्मिता: ॥४१॥

વાયુના સમાગમથી ઉત્પન્ન થયેલા કલ્લોલો-તરંગો જેમ સમુદ્રમાં ડૂબી જાય છે. અર્થાત્ એમાં જ લય પામે છે. તેમ મહા સામાન્ય રૂપ અર્થાત્ શુદ્ધાત્મા સ્વરૂપ બ્રહ્મમાં નયથી ઉત્પન્ન થયેલા ભેદો ડૂબી જાય છે.

શુદ્ધાત્મા એક છે પણ કર્મોના કારણે દેવ-મનુષ્ય તિર્યંચ-નારક-ગરીબ-શ્રીમંત-રોગી નિરોગી

આદિ વિષમતા જણાય છે. શુદ્ધાત્માની અપેક્ષાએ આત્મા એક જ છે.

નિગોદમાં જે આત્મપ્રદેશો હતા. એ જ આત્મ પ્રદેશો મુકતાવસ્થામાં હોય છે. કર્મકૃતભાવો, સત્તા રૂપ મહા સામાન્યની વિવેક્ષા થાય ત્યારે વિવિધ ભેદો પ્રતીત થતા નથી.

સત્ પ્રતિતિમાં નયકૃત ભેદો નથી. ।।૪૧।।

षड्द्रव्यैकात्म्यसंस्पर्शि, सत्सामान्यं हि यद्यपि ।
परस्यानुपयोगित्वात्, स्वविश्रान्त तथापि तत्
।।४२।।

જો કે સત્તારૂપ સામાન્યથી છ એ દ્રવ્યો એકાત્મતાનો અર્થાત્ એક સ્વરૂપનો સ્પર્શ કરે છે. બીજા દ્રવ્ય માટે તે અનુપયોગી છે. પોત પોતાની અપેક્ષાએ છ એ દ્રવ્ય સ્વતંત્ર છે અને સ્વતઃ પરિણમન શીલ છે.

તો પણ સત્તા રૂપ સામાન્ય, પોતાના સ્વરૂપમાં જ વિશ્રાંત છે. તેનો બીજો કોઈ આધાર નથી.

'જીવ-અજીવ-ધર્મ-અધર્મ-આકાશ-કાળ' આ છ દ્રવ્યો છે. આ છ દ્રવ્યોના ગુણોમાં ભેદ છે. તેના કારણે છ એ દ્રવ્યો પરસ્પર ભિન્ન છે પણ સત્તાની અપેક્ષાએ છએ દ્રવ્યોનું સ્વરૂપ એક પ્રકારનું છે.

આ સત્ સામાન્ય [અસ્તિત્વ] બીજા દ્રવ્ય માટે ભલે ઉપયોગી નથી. તો પણ તે પોતાના સ્વરૂપમાં જ સ્થિર છે.

આ સત્ રૂપ ભાવનાથી ભેદબુદ્ધિ નષ્ટ થાય છે અને એકતાની બુદ્ધિ સ્થિર થાય છે. ।।૪૨।।

नयेन सङ्ग्रहेणैव–मृजुसूत्रोपजीविना ।
सच्चिदानन्दरूपत्वं, ब्रह्मणो व्यवतिष्टते ।।४३।।

આ રીતે રૂજુ સૂત્રનો-આશ્રય કરનાર સંગ્રહ નયથી બ્રહ્મનું [શુદ્ધાત્માનું] સત્-ચિત્ અને આનંદ સ્વરૂપ સ્થિર થાય છે.

સંગ્રહ નય : સામાન્ય ધર્મથી ભિન્ન પદાર્થોને એક રૂપમાં સંગ્રહ કરે છે एगे आया એક આત્મા છે.

ઈંટ-માટી-પત્થર-સોનું-ચાંદિ આદિ ભિન્ન ભિન્ન છે પણ પૃથ્વીત્વ ધર્મની અપેક્ષાથી બધા એકરૂપ છે.

આંબો-લીંબડો-પીપડો-બોરડી....આદિ ભિન્ન ભિન્ન છે પણ વૃક્ષત્વ ધર્મની અપેક્ષાથી બધા સામાન્ય એક રૂપ છે.

- સત્ રૂપે આત્મા અને પુદ્ગલમાં ભિન્નતા નથી, એકતા છે.
- ચિત્ રૂપે આત્મા સહાય જ્ઞાનરૂપ છે. જ્ઞાનાત્મક રૂપ પ્રત્યક્ષ છે.
- આનંદસ્વરૂપ મોક્ષમાં અભિવ્યક્ત થાય છે.
- સંગ્રહ નયથી આત્મા સત્ રૂપે છે. ઋજુસૂત્ર નયના અનુસારે જ્ઞાનવાન છે.
- મોક્ષ દશાની અપેક્ષાએ ચૈતન્ય રૂપ અને આનંદ રૂપ પ્રતીત થાય છે. સિદ્ધ થાય છે. ॥૪૩॥

सत्त्वचित्त्वादिधर्माणां, भेदाभेदविचारणे ।
न चार्थोऽयं विशीर्येत, निर्विकल्पप्रसिद्धितः ॥४४॥

સત્તા-ચૈતન્ય [જ્ઞાન] અને આનંદ આ ધર્મોની વિચારણામાં પરસ્પર ભેદ-અભેદતા છે: આ વિચારમાં બ્રહ્મ-શુદ્ધાત્મા સત્-ચિત્ત અને આનંદ સ્વરૂપ છે. આ અર્થ દૂર થતો નથી.

કારણ કે નિર્વિકલ્પ સમાધિમાં-અનુભવદશામાં આ ત્રણેની અભેદતા [એકતા] પ્રસિદ્ધ થાય છે.

- શુદ્ધ આત્મા, અખંડ-જ્ઞાયક-એક-સ્થિર છે.... છે....છે....
- વિકારી દશામાં પરસ્પર ભેદ જણાય છે. રાગી-દ્વેષી મોહી-કામી....ઈત્યાદિ.... ॥૪૪॥

योगजानुभवारूढे, सन्मात्रे निर्विकल्पके ।
विकल्पौघासहिष्णुत्वं, भूषणं न तु दूषणम् ॥४५॥

યોગજન્ય-સમાધિથી ઉત્પન્ન થયેલ અનુભવ-દશામાં શુદ્ધ જ્ઞાનધારામાં, વિકલ્પોનો સમુદાય ટકી શકતો નથી.

નિર્વિકલ્પ દશામાં, અશુભ ભાવો તો હોતા નથી પરંતુ શુભ ભાવો પણ ટકતા નથી. એ ભૂષણ છે પરંતુ દૂષણ નથી.

- સ્વઘર : શુદ્ધભાવ
- મિત્રઘર : શુભભાવ
- શત્રુઘર : અશુભભાવ

શુભભાવો, અશુભભાવોની અપેક્ષાએ ઉપાદેય છે. પરંતુ શુદ્ધભાવની અપેક્ષાએ શુભભાવો હેય છે.

જ્યારે લક્ષ્યનો વેધકરનાર, કેવળ લક્ષ્ય [સાધ્ય] ને જ જુએ છે. ત્યારે હું વેધ કરૂં છું, આ લક્ષ્ય છે, આ મારૂં બાણ છે. આ બીજા લોકો છે. ઈત્યાદિ જ્ઞાન હોતું નથી. કેવળ લક્ષ્યના સ્વરૂપનું જ ભાન હોય છે તેમ નિર્વિકલ્પ સમાધિમાં, માત્ર આત્માનું જ ભાન હોય છે.

- અશુભ ભાવોથી દુર્ગતિ–, શુભ ભાવોથી સદ્‌ગતિ....આવું જ્ઞાન હોતું નથી. આત્માના જ્ઞાનમય સ્વરૂપના લક્ષણ સિવાય બીજા ધર્મોનું જ્ઞાન હોતું નથી. ।।૪૫।।

यो ह्याख्यातुमशक्योऽपि, प्रत्याख्यातुं न शक्यते ।
प्राज्ञैर्न दुषणीयोऽर्थः, स माधुर्यविशेषवत् ।।४६।।

જે પદાર્થોનું [અતીન્દ્રિય] શબ્દોથી વર્ણન ન કરી શકાય, તેનો નિષેધ ન કરવો જોઈએ. તેના વિષયમાં એમ ન કહી શકાય કે: ‘તે વસ્તુ નથી.’ તે વસ્તુ વિદ્યમાન હોવા છતાં પ્રતિપાદન કરી શકાતી નથી.

એટલા માટે વિદ્વાન લોકોએ એ અર્થનો નિષેધ ન કરવો જોઇએ. મધુરતાની તરતમતાની જેમ :-

શેરડી ગોળ-ખાંડ....આ બધા પદાર્થો મધુર છે. પરંતુ ત્રણેની મધુરતામાં તરતમતા છે. તે તરતમતાનું વર્ણન, વચન માત્રથી થઈ શકતું નથી. પરંતુ તેના ચાખવાથી સાક્ષાત્કાર થાય છે અનુક્રમે શેરડી ગોળ ખાંડની-મધુરતા....અધિક અધિક જણાય છે.

આવી જ રીતે સમાધિમગ્ન આત્માનો આનંદ શબ્દો દ્વારા વર્ણવી શકાતો નથી. પ્રત્યક્ષ આનંદનો અનુભવ, શબ્દ દ્વારા ન થાય પરંતુ અનુભવ દ્વારા જાણી શકાય. ।।૪૬।।

कुमारी न यथा वेत्ति, सुखं दयितभोगजम् ।
न जानाति तथा लोको, योगिनां ज्ञानजं सुखम्
।।४७।।

જેમ કુમારી-અપરણીત બાલિકા, પુરૂષ યાને પતિના સમાગમથી થતા સુખને જાણતી નથી. તેમ સામાન્ય લોકો, યોગીઓના સમાધિ રૂપ જ્ઞાનથી ઉત્પન્ન થયેલ સુખને જાણી શકતા નથી. ।।૪૭।।

अत्यन्तपक्वबोधाय, समाधिर्निर्विकल्पकः ।
वाच्योऽयं नार्धविज्ञस्य, तथा चोक्तं परैरपि॥४८॥

જે વ્યવહારમાં અત્યંત નિપુણ બનેલો છે. અર્થાત્ જેનું જ્ઞાન અત્યંત પરિપકવ થયેલું છે. તેવાને જ, નિર્વિકલ્પ સમાધિનું જ્ઞાન પ્રતિપાદન કરવું જરૂરી છે. બાકી અધકચરા જ્ઞાનવાળાને શુદ્ધાત્માનું પ્રતિપાદન કરવું એ ભારે જોખમ છે. આવું જૈનેતરોએ પણ કહેલ છે. ॥૪૮॥

आदौ शमदमप्रायै–र्गुणैः शिष्यं प्रबोधयेत् ।
पश्चात् सर्वमिदं ब्रह्म, शुद्धस्त्वमिति बोधयेत्
॥४९॥

પ્રારંભમાં ગુરૂ શિષ્યને એમ શીખવાડે–હિત-શીક્ષા આપે કે :-

- તારે સમતામાં રહેવું–ક્રોધ ન કરવો,
- તારે ઈન્દ્રિયોનું દમન કરવું,
- તારે મનને પરમાત્માના ધ્યાનમાં કેન્દ્રિત કરવું....ઈત્યાદિ....પછી તારો આત્મા જ પરમાત્મ-

સ્વરૂપ છે. જગતના સર્વ જીવો નિશ્ચયથી સિદ્ધસમાન છે. સર્વવસ્તુ બ્રહ્મસ્વરૂપ છે-

ગુરૂ : આ રીતે વ્યવહારમાં નિષ્ણાત બનાવ્યા પછી શિષ્યને શુદ્ધાત્માનું જ્ઞાન કરાવે-ભાન કરાવે.

પ્રારંભમાં જ જો ગુરૂ; અનભિજ્ઞ-અર્ધદગ્ધ એવા શિષ્યને એમ શીખવાડે કે; 'આખુ જગત બ્રહ્મ સ્વરૂપ છે, કોઈ ભેદ પ્રભેદો નથી, સ્ત્રી-પુત્ર-પતિ આદિ ભેદોની કલ્પના વ્યર્થ છે.

તો એ ગુરૂએ, અનભિજ્ઞ શિષ્યને, મહાનરકની જાળમાં પાડેલ છે. ॥૫૦॥

तेनादौ शोधयेच्चित्तं, सद्विकल्पैर्व्रतादिभिः ।
यत्कामादिविकाराणां, प्रतिसङ्ख्यानतनाश्यता
॥५१॥

તેથી પ્રાથમિક ભૂમિકામાં વ્રત-તપ-જપ-નિયમાદિ....થી ચિત્તનું શુદ્ધિ કરણ કરવું જોઈએ. કારણ કે કામ-ક્રોધ-લોભાદિ વિકારો સમાધિજન્ય તત્ત્વજ્ઞાનથી નાશ કરવા યોગ્ય છે.

પ્રતિ સંખ્યાંન-સમાધિ જન્ય તત્ત્વ જ્ઞાન; શુભ ભાવો. ॥૫૧॥

विकल्परूपा मायेयं, विकल्पेनैव नाश्यते ।
अवस्थान्तरभेदेन, तथा चोक्तं परैरपि ॥५२॥

કામ-ક્રોધાદિ....રૂપ જે માયા છે, મિથ્યાજ્ઞાન છે, વિભાવ છે. તે વિકલ્પથી જ નષ્ટ થાય છે. અર્થાત્ અશુભ ભાવો છે. તે શુભભાવોથી દૂર થાય છે.

અવસ્થા ભેદના કારણે વિકલ્પ રૂપ માયા, વિકલ્પથી જ નષ્ટ થાય છે. એમ અન્ય અદ્વૈત વાદીઓ પણ કહે છે. ॥૫૨॥

अविद्ययैवोत्तमया, स्वात्मनाशोद्यमोत्थया ।
विद्या सम्प्राप्यते राम, सर्वदोषापहारिणी ॥५३॥

યોગ વાશિષ્ટ શ્લોક :-

પોતાના નાશ માટે જે ઉદ્યમ, તે ઉદ્યમથી ઉત્પન્ન થયેલ જે અવિદ્યા, તે ઉત્તમ અવિદ્યા વડે જ હે રામ! સમસ્ત દોષોને નાશ કરવાવાળી વિદ્યા ઉત્પન્ન થાય છે.

વિશેષાર્થ :

વાસ્તવમાં – પારમાર્થિકદ્રષ્ટિથી શુદ્ધાત્મા જ સત્ય છે. અન્ય સમસ્ત સંસાર મિથ્યા છે. આ સત્યનો સાક્ષાત્કાર જ્યાં સુધી થતો નથી. ત્યાં સુધી અહિંસા–સત્યાદિ વ્રતોનું પાલન કરવું જરૂરી છે.

આ અહિંસાદિનું પાલન પણ, વાસ્તવિક તત્ત્વ-જ્ઞાનની અપેક્ષાથી અવિદ્યા છે. શુદ્ધાત્મદશામાં અહિંસાદિનો વિચાર પણ અવિદ્યા છે.

હિંસા, જુઠ, ચોરી, અબ્રમ, વિષયભોગ આદિ પણ અવિદ્યા છે અને અહિંસા, સત્ય, અચૌર્ય, બ્રહ્મચર્ય, વિષયત્યાગ આ પણ અવિદ્યા છે. છતાં હિંસાદિ અવિદ્યાથી આ અહિંસાદિ અવિદ્યા ઉત્તમ છે.

'શુદ્ધાત્મા (બ્રહ્મ) એક જ સત્ય છે. અન્ય વિકલ્પો માયા છે, મિથ્યા છે.' આ આત્મ સાક્ષા-ત્કારની દૃષ્ટિથી અહિંસાદિ પણ અવિદ્યા છે.

આ રીતે અહિંસા આદિની ભાવનારૂપ અવિ-દ્યાથી સમસ્ત રાગાદિ દોષોનો વિનાશ કરવાવાળી 'શુદ્ધાત્મ બ્રહ્મ' રૂપ વિદ્યા પ્રાપ્ત થાય છે.

'સમસ્ત વસ્તુ બ્રહ્મરૂપ છે. આ વિદ્યાનું સ્વરૂપ છે.' ॥૫૩॥

शाम्यति ह्यस्त्रमस्त्रेण, मलेन क्षाल्यते मल: ।
शमं विषं विषेणैति, रिपुणा हन्यते रिपु: ॥५४॥

- અસ્ત્રથી અસ્ત્ર શાંત થાય છે.
- મળથી મળ ધોવાય છે.
- વિષ-ઝેરથી ઝેર હણાય છે.
- શત્રુ વડે શત્રુ હણાય છે.

તેમ અશુભ વાસનાઓ, શુભ વાસના દ્વારા દૂર થાય છે. હિંસાદિ....ના અશુભ વિચારો; અહિંસાના શુભ વિચારથી દૂર થાય છે. ॥૫૪॥

ईदृशी भूतमायेयं, या स्वनाशेन हर्षद ?।
न लक्ष्यते स्वभावोऽस्या:, प्रेक्ष्यमाणैव नश्यति
॥५५॥

પૃથ્વી....આદિ પંચ ભૂતોની માયા, પોતાના નાશથી જ આનંદ આપનારી છે.

આ પંચભૂતોનો સ્વભાવ જણાતો નથી. જોતાં જાતાં જ નાશ પામે છે.

કેમકે તેનો સ્વભાવ પરાવર્ત્તનશીલ છે.

પૃથ્વી....આદિ ભૂતોનો સ્વભાવ પરાવર્ત્તન શીલ છે. માત્ર શુદ્ધાત્મા જ સત્ય છે. પર્યાયની દૃષ્ટિથી આખું જગત પરાવર્ત્તનશીલ છે અને દ્રવ્યદૃષ્ટિથી સ્થિર છે

આવી જ્યારે દ્રવ્યદૃષ્ટિ પ્રાપ્ત થાય છે. ત્યારે આત્માને અપૂર્વ આનંદ થાય છે.

- કર્મકૃત ભાવો વિષમ અને બદલાતા છે.
- શુદ્ધાત્મા જ્ઞાનાદિમય છે અને સ્થિર છે.

દ્રવ્યદૃષ્ટિ આનંદ આપનારી છે; પર્યાયદૃષ્ટિ વિષમતા પેદા કરનારી છે. ।।૫૫।।

व्रतादि: शुभसङ्कल्पो, निर्णाश्याशुभवासनाम् ।
दाह्यं विनैव दहनः, स्वयमेव विनङ्क्ष्यति
।।५६।।

વ્રત-નિયમ-દયા-દાનાદિ....જે શુભ વિકલ્પો છે. તે અવ્રતાદિ....ના અશુભ વિકલ્પોને દૂર કરી, અને સ્વયં-પોતે ચાલ્યા જાય છે.

- જેમ અગ્નિ, દાહ્ય લાકડાદિ....વિના સ્વયં બૂઝાઇ જાય છે.
- એરંડીયું તેલ જેમ, પેટના મળને દૂર કરી, પોતે નીકળી જાય છે. તેમ અશુભ વિકલ્પોને દૂર કરી, શુભ વિકલ્પો સ્વયં ચાલ્યા જાય છે અને શુદ્ધભાવ પેદા થાય છે. ||૫૬||

इयं नैश्चयिको शक्ति-र्न प्रवृत्तिर्न वा किया ।
शुभसङ्कल्पनाशार्थं, योगिनामुपयुज्यते ॥५७॥

આ નિશ્ચયનયની વાત છે.

નિશ્ચયનયની શક્તિ પ્રવૃત્તિરૂપ કે ક્રિયારૂપ નથી. શુભ સંકલ્પના નાશ માટે, યોગી પુરૂષોને આ ઉપયોગી છે.

નિશ્ચયનયથી આત્મા જ્ઞાનરૂપ છે. અનાદિ કર્મ સંયોગના કારણે તે મનુષ્યાદિ....ના શરીરમાં આવે છે.

શુદ્ધાત્મ સ્વરૂપની પ્રાપ્તિ માટે, જેમ અશુભ કર્મોનો ત્યાગ જરૂરી છે તેમ શુભકર્મોનો ત્યાગ પણ જરૂરી છે.

મોક્ષ પ્રાપ્તિ માટે જેમ હિંસાદિ કાર્યો બાધક છે તેમ દાન-શીલ-અહિંસાદિ....ની ક્રિયા પણ બાધક છે.

આ નૈશ્ચયિક શક્તિ શુભ સંકલ્પોના નાશ માટે યોગીઓને ઉપયોગી થાય છે.

જ્યારે આત્મા, વિભાવપરિણામ યાને શુભાશુભ મન-વચન-કાયાની પ્રવૃત્તિથી વિરામ પામે છે. ત્યારે તે મુક્તિ યાને પરમપદ પામે છે. ॥૫૭॥

द्वितीयापूर्वकरेण, क्षायोपशमिका गुणाः ।
क्षमाद्या अपि यास्यन्ति, स्थास्यन्ति क्षायिकाः परम् ॥५८॥

બીજા અપૂર્વકરણમાં ક્ષયોપશમથી ઉત્પન્ન થયેલા, ક્ષમા....આદિ ગુણો પણ જશે અને કેવળ ક્ષાયિક ગુણો સ્થિર થશે.

પ્રથમ અપૂર્વકરણમાં સમ્યક્ત્વનો લાભ અને બીજું અપૂર્વકરણ આઠમા ગુણસ્થાનકનું જાણવું. બીજા અપૂર્વકરણમાં ધર્મસંન્યાસ તાત્વિક–પારમાર્થિક હોય. યોગ દૃષ્ટિ સમુચ્ચય ગ્રંથમાં એ જ બાબત કહેવાઈ છે.

[ઔદયિક ભાવના ધર્મને ત્યાગ કરવા રૂપ અતાત્વિક ધર્મ સન્યાસ પ્રવ્રજયાના અવસરે પણ હોય]

બાવના ચંદનના ગંધસમાન, ક્ષાયિકપણાથી ઉત્તમ ધર્મસન્યાસને પ્રાપ્ત કરીને, સત્સંગથી ઉત્પથયેલા, ક્ષાયોપશમિક–ક્ષયોપશમથી પ્રાપ્ત થયેલા ક્ષમાદિક....ધર્મો પણ ત્યાજવા યોગ્ય છે. ।।૫૮।।

इत्थं यथाबलमनुद्यममुद्यमं च,
कुर्वन् दशानुगुणमुत्तममान्तरार्थे ।
चिन्मात्रनिर्भरनिवेशितपक्षपातः,
प्रातर्द्युरन्तमिव दीप्तिमुपैति योगी ।।५९।।

પ્રાતઃ કાળ જેમ સૂર્યને પ્રાપ્ત કરે છે, તેમ સાધક આત્મા પોતાની શક્તિઅનુસાર, યથા

શક્તિ આંતર આત્મા માટે, પ્રવૃત્તિ કે નિવૃત્તિને કરતો અને કેવળ ચૈતન્ય સ્વરૂપ આત્મામાં જ સ્થાપિત કર્યો છે પક્ષપાત જેણે એવો યોગી, પ્રાતઃ કાળ જેમ સૂર્યને પ્રાપ્ત કરે છે, તેમ યોગી દીપ્તિ-પ્રકાશને પ્રાપ્ત કરે છે. ॥૫૯॥

अभ्यस्य तु प्रविततं व्यवहारमार्गं,
प्रज्ञापनीय इह सद्गुरुवचर्यनिष्ठः ।
चिद्दर्पणप्रतिफलत्त्रिजगद्विवर्ते,
वर्तेत किं पुनरसौ सहजात्मरूपे ॥६०॥

વિસ્તૃત વ્યવહારમાર્ગનો અભ્યાસ કરીને, અર્થાત્ વ્યવહાર માર્ગનું સુંદર આચરણ કરીને, સદ્ ગુરૂના વચનમાં વિશ્વાસવાળો અને પ્રજ્ઞાપનીય [હિત શિક્ષાને લાયક] એવો શિષ્ય;

ચૈતન્ય રૂપ [જ્ઞાન રૂપ] દર્પણમાં પ્રતિબિંબિત થયેલા છે ત્રણ જગતના પર્યાયો જેમાં; એવા આત્માના સ્વભાવિક સ્વરૂપમાં સ્થિર બને.

અર્થાત્ આત્માના જ્ઞાનરૂપી નિર્મળ આરિસામાં, જગતના જ્ઞેયપદાર્થોનું પ્રતિબિંબ સહજભાવે પ્રતિબિંબિત થાય. ॥૬૦॥

भवतु किमपि तत्त्वं बाह्यमाभ्यन्तरं वा,
हृदि वितरति साम्यं निर्मलश्चिद्विचारः ।
तदिह नचितपञ्चाचारसञ्चारचारु-
स्फुरितपरमभावे पक्षपातोऽधिको नः ॥६१॥

બાહ્ય કે અભ્યંતર કંઈ પણ તત્ત્વ હો !

પરંતુ જેના હૃદયમંદિરમાં, નિર્મળ ચૈતન્યનો વેપાર, સમતા ભાવને ઉત્પન્ન કરે છે, લોકોત્તર સમભાવને પ્રાપ્ત કરે છે :-

તે કારણથી સંચિત થયેલ પંચાચારના અભ્યાસથી પ્રગટ થયેલા, પરમ સ્વાભાવિક ભાવમાં-જ્ઞાનાત્મકરૂપ આત્મામાં અમારો અધિક પક્ષપાત છે.

- ઘટ-પટાદિ ...વસ્તુ ઇન્દ્રિયગમ્ય છે.
- કેટલાક અભ્યંતર તત્ત્વો, મનથી ગ્રાહ્ય છે. જ્યારે
- શુદ્ધાત્માનો સાક્ષાત્કાર અનુભવગમ્ય છે, કે જ્યાં મન-વચન-કાયાના વેપાર વિના, શુદ્ધોપયોગની રમણતા છે. ॥૬૧॥

स्फुटमपरमभावे नैगमस्तारतम्यम्,
प्रवदतु न तु हृष्येत्तावता ज्ञानयोगी ।

कलितपरमभावं चिच्चमत्कारसारम्,

सकलनयविशुद्धं चित्तमेकं प्रमाणम् ।।६२।।

નૈગમ નય, આત્માના અપરમ ભાવમાં-અર્થાત્ આત્માનું સ્વરૂપ ભલે વિધવિધ દિશાથી પ્રગટ કરે પરંતુ તેટલા માત્રથી જ્ઞાનયોગી ખુશ થતા નથી.

આત્માના સ્વરૂપમાં નૈગમનય સ્પષ્ટપણે ભલે ન્યુનાધિકતાને પ્રગટ કરે.

પરંતુ જ્ઞાનસિદ્ધ યોગી, કે જેમણે પરમ ભાવને જાણેલ છે, એવા યોગી, ચિત્તને આશ્ચર્ય પમાડનાર, સકલ નયોથી વિશુદ્ધ, એવાં શ્રેષ્ટ ભાવને-પરમભાવને જ એક પ્રમાણ માને છે.

રાગ-દ્વેષ-મોહાદિ....ના કારણે કર્મબંધ થાય છે અને તેથી આત્મા વિવિધ ગતિઓમાં પરિભ્રમણ કરે છે. સુખ-દુઃખાદિ....ની અપેક્ષાએ પશુ-પક્ષી-કીટ-પતંગ-મનુષ્ય-દેવ-નારક આદિ યોનીઓમાં આત્માનું રૂપ ન્યુનાધિક હોય છે. આમ નૈગમનય પ્રતિપાદન કરે છે. પણ જ્ઞાનયોગીને આનંદ થતો

નથી. કારણ કે તે શુદ્ધાત્માનો જ અભિલાષી છે- પક્ષપાતી છે.

ચૈતન્યનો ચમત્કાર જ જેમાં મુખ્ય છે. અર્થાત્ ચૈતન્યની જ જેમા પ્રધાનતા છે, કેવળ (માત્ર) જ્ઞાનની જ જ્યાં પ્રધાનતા છે. એવા સકળનયથી પ્રતિપાદ્ય એક જ્ઞાન જ પ્રમાણ છે. ॥૬૨॥

हरिरपरनयानां गर्जितैः कुञ्जराणां,
सहजविपिनसुप्तो निश्चयो नो बिभेति ।
अपि तु भवति लीलोज्जृम्भिजृम्भोन्मुखेऽस्मिन्,
गलितमदभरास्ते नोच्छ्वसन्त्येव भीताः ।६३॥

અપરનયરૂપી હાથીઓના ગર્જારવથી, સ્વાભાવિક રીતે વનમાં સૂતેલો નિશ્ચયરૂપી સિંહ ભય પામતો નથી. આ સિંહ જ્યારે વિલાસ પૂર્વક બગાસું ખાય છે ત્યારે તે નયો રૂપી હાથીઓ, ભયથી ભાગી જાય છે અને અભિમાની એવા નયો રૂપી હાથીઓ; સિંહની ગર્જનાથી શ્વાસ લેવા પણ રોકાતા નથી- શ્વાસ પણ લઈ શકતા નથી.

અર્થાત્ પલાયમાન થઇ જાય છે–

નિશ્ચયનયની વિચારણમાં, અન્ય સારા નરસા કોલાહલો શાંત થઈ જાય છે. ।।૬૩।।

कलितविविधबाह्यव्यापकोलाहलौघ–
व्युपरमपरमार्थे भावनापावनानाम् ।
क्वचन किमपि शोच्यं नास्ति नैवास्ति मोच्यं,
न च किमपि विधेयं नैव गेयं न देयम् ।।६४।।

જાણ્યા છે વિવિધ પ્રકારના બાહ્યપદાર્થોના કોલાહલના સમૂહની, શાંતિરૂપ, પરમાર્થ ભાવનાથી પવિત્ર બનેલા લોકોને,

કોઇ પણ વસ્તુ– ક્યારે પણ; શોચ કરવા લાયક નથી,

કોઇપણ વસ્તુ–ક્યારે પણ, છોડવા લાયક નથી,

કોઇપણ વસ્તુ–ક્યારે પણ, કરવા યોગ્ય નથી,

કોઇપણ વસ્તુ– ક્યારે પણ, પ્રશંસા કરવા લાયક નથી,

કોઇપણ વસ્તુ–ક્યારે પણ, દેવા લાયક નથી.

'આત્મા નિત્ય છે કે અનિત્ય છે' ઈત્યાદિ કોલાહલોની જ્યાં શાંતિ છે એવા શુદ્ધાત્માની ભાવનાવાળા યોગીઓ માટે, કોઈપણ ચીજ ત્યાગ કરવા લાયક નથી, એમ કોઇ ચીજ છોડવા લાયક; કરવા લાયક; દેવા લાયક કે પ્રશંસા કરવા લાયક નથી. ॥૬૪॥

इति सुपरिणतात्मख्यातिचातुर्यकेलि-
भंवति यतिपतिर्यश्चिद्भरोद्भासिवीर्यः ।
हरहिमकरहारस्फारमन्दारगङ्गा-
रजतकलशशुभ्रा स्यात्तदीया यशःश्रीः ॥६५॥

આ પ્રમાણે સારીરીતે, પરિપકવઆત્મખ્યાતિની ચતુરાઈમાં પટુ એવા યતિપતિ, (મુનિ અગ્રેસર) ચૈતન્યના સમુહથી પ્રકાશમાન પરાક્રમવાળા થાય છે.

એવા આત્મરમણી – આત્મજ્ઞાની મહામુનિની યશની શોભા, મહાદેવ, ચંદ્ર, હાર, વિશાળ કલ્પ-

વૃક્ષ, ગંગા અને ચાંદીના કળશ....વગેરેની જેમ શ્વેત થાય છે.

અર્થાત્ એમની યશની શોભા; અતિ શ્વેત-ઉજ્જવળ બને છે. ॥૬૫॥

इति ज्ञानयोग शुद्धि अधिकार:

# ● ક્રિયાયોગ શુદ્ધિ અધિકાર ●

# [૩]

यान्येव साधनान्यादौ, गृह्णीयाज्ज्ञानसाधकः ।
सिद्धयोगस्य तान्येव, लक्षणानि स्वभावतः ॥१॥

જ્ઞાનસાધક આત્મા શરૂઆતમાં જે સાધનોને ગ્રહણ કરે છે, તે યોગ સિદ્ધ થયા પછી તે જ સાધનો, યોગીને સ્વભાવથી લક્ષણ બની જાય છે. અર્થાત્ સ્વભાવભૂત બની જાય છે.

અહિંસા-ક્ષમા-વ્રત-સામાયિક....આદિને પ્રથમ જ્ઞાન પ્રાપ્તિ માટે ઉપયોગી ગણે છે. પ્રયત્ન પૂર્વક અહિંસાદિ....નું પાલન કરે છે. યોગ સિદ્ધ થયા પછી, તે અહિંસા-ક્ષમાદિ....સ્વભાવભૂત બની રહે છે. પાણીનો સ્વભાવ જેમ શીતળ, અગ્નિનો સ્વભાવ જેમ ઉષ્ણ....તેમ ક્ષમાદિ....ગુણો સ્વભાવિક બની જાય છે. ॥૧॥

अत एव जगौ यात्रां, सत्तपोनियमादिषु ।
यतनां सोमिलप्रश्ने, भगवान् स्वस्य निश्चिताम्
॥१॥

સોમિલે ભગવાનને પૂછયું, હે ભગવાન! આપને તપ-નિયમ-સંયમ....આદિને વિષે સુખસાતા વર્તે છે?

ભગવાને કહ્યું: નિશ્ચિત યતનાપૂર્વક સંયમ યાત્રા ચાલુ છે.

અહીં યતનાથી ક્રિયાની ઉપયોગીતા બતાવી છે. ॥૨॥

अतश्चैव स्थितप्रज्ञ–भावसाधनलक्षणे ।
अन्यूनाभ्यधिके प्रोक्ते, योगदृष्ट्या परैरपि ॥३॥

આ કારણથી જ, અન્યલોકોએ પણ સ્થિત-પ્રજ્ઞ ભાવના સાધન અને લક્ષણો યોગદૃષ્ટિથી અન્યૂન-અનધિક કહેલા છે.

જેની બુદ્ધિ આત્માના સ્વરૂપમાં સ્થિરતા પામેલ છે અને સંસારિક વિષયોમાં રાગ-દ્વેષ રહિત થયેલ છે. તે સ્થિતપ્રજ્ઞ કહેવાય છે.

સ્થિતપ્રજ્ઞ યોગી પણ, અન્ય લોકોની જેમ જવા આવવાનો, ભોજન, શયન, આદિ....નો વ્યવહાર કરે છે. પરંતુ ઉદાસીન ભાવે, રાગ-દ્વેષથી રહિત બની કરે છે. કરવું પડે છે, એમ સમજીને કરે છે. અનાશક્ત ભાવે કરે છે, ન છૂટકે કરે છે.

સ્થિતપ્રજ્ઞ ભાવની પ્રાપ્તિ માટે જે સાધનો છે. અને સ્થિતપ્રજ્ઞ બન્યા પછીના જે લક્ષણ છે, તે યોગ દૃષ્ટિથી પરસ્પર ન્યૂન-અધિક નથી. ॥૩॥

नाज्ञानिनो विशेष्येत, यथेच्छाचरणे पुनः
ज्ञानी स्वलक्षणाभावात्, तथा चोक्तं परैरपि ॥४॥

જ્ઞાની પણ જો, પોતાની ઈચ્છાનુસાર, સ્વચ્છંદ પણે, શાસ્ત્રવિરૂદ્ધ કે ધર્મવિરૂધ્ધ આચરણા કરે; તો તે જ્ઞાનીના અસાધારણ લક્ષણો તેમાં ઘટતા નથી.

તેથી અજ્ઞાની અને જ્ઞાનીમાં કશો ફેર પડતો નથી. એમ જૈનેત્તર લોકો વડે પણ કહેવાયેલ છે. ॥૪॥

बुद्धाऽद्वैतसतत्त्वस्य, यथेच्छाचरणं यदि ।
शुनां तत्त्वदृशां चैव, को भेदोऽशुचिभक्षणे ॥५॥

જેણે બધું 'બ્રહ્મ' છે. આ અદ્વૈતતત્ત્વ જાણી લીધું છે, આવા પ્રકારનો કહેવાતો જ્ઞાની. પણ જો ઈચ્છાનુસાર, સ્વચ્છંદ રીતે ધર્મવિરૂદ્ધ આચરણા કરે તો,

અશુચિ ભક્ષણના વિષયમાં કુતરાઓ અને વિષય કષાયરૂપ અશુચિના સેવનથી તત્ત્વદૃષ્ટામાં શું ફરક પડે ? શું ભેદ છે ?

अबुद्धिपूर्त्रिका वृत्ति–र्न दुष्टा तत्र यद्यपि ।
तथा पि योगजादृष्ट–महिम्ना सा न सम्भवेत्॥६॥

જો કે અબુદ્ધિપૂર્વકની વૃત્તિ દોષવાળી નથી. તો પણ યોગથી ઉત્પન્ન થયેલ [અદૃષ્ટ] સમાધિના મહિમાથી તે પ્રવૃત્તિ યોગીને સંભવી શકિત નથી. ॥૬॥

निवृत्तमशुभाचारा–च्छुभाचारप्रवृत्तिमत् ।
स्याद्वा चित्तमुदासीनं, सामायिकवतो मुनेः ॥७॥

અશુભ આચારથી નિવૃત અને શુભ આચારમાં પ્રવૃત્તિવાળા, સમભાવ સ્થિત, મહામુનિનું ચિત્ત ઉદાસીન હોય છે.

અશુભ કાર્યોમાં તો પ્રવૃત્તિ કરતા જ નથી; શુભપ્રવૃત્તિમાં પણ ફળની આશા રાખ્યા વિના, અનાશકત પણે પ્રવૃત્તિ કરે છે. ॥૭॥

विधयश्च निषेधाश्च, न त्वज्ञाननियन्त्रिताः ।
बालस्यैवागमे प्रोक्तो, नोद्देशः पश्यकस्य यत् ॥८॥

શંકા :-

શાસ્ત્રમાં જે વિધિઓ અને નિષેધો કહેલા છે. તે અજ્ઞાનથી નિયંત્રિત નથી. બલ્કે જ્ઞાનપૂર્વક છે. પરંતુ એ કથન બાલકને ઉદ્દેશીને આગમમાં કહેવાયેલ છે. તત્ત્વજ્ઞાની (દ્રષ્ટા) માટે નથી. જ્ઞાતા-દ્રષ્ટા માટે આ વિધાનો નથી. ॥૮॥

न च सामर्थ्ययोगस्य, युक्तं शास्त्रं नियामकम् ।
कल्पातीतस्य मर्यादा-प्यस्ति न ज्ञानिनः क्वचित्
॥९॥

ચાલુ શંકા :-

અને જે શાસ્ત્ર છે તે ઇચ્છા યોગ અને શાસ્ત્ર યોગનો નિયામક છે. સામર્થ્ય યોગનો નિયામક

નથી. કલ્પાતીત જ્ઞાની [યોગી] માટે કોઇ પણ મર્યાદા હોતી નથી. ॥૯॥

भावस्य सिद्धयसिद्धिभ्यां, यच्चाकिञ्चित्करी क्रिया ।
ज्ञानमेव क्रियामुक्तं, राजयोगस्तदिष्यताम् ॥१०॥

ચાલુ શંકા :-

ભાવની સિદ્ધિમાં કે ભાવની અસિધ્ધિમાં ક્રિયા વ્યર્થ છે. તેથી ક્રિયારહિત જ્ઞાનને જ રાજયોગ-મુખ્યયોગ તરીકે સ્વીકાર કરો. ॥૧૦॥

मैवं, नाकेवलो पश्यो, नापूर्वकरणं विना ।
धर्मसन्न्यासयोगो चे--त्यन्यस्य नियता क्रिया
॥११॥

**સમાધાન :-**

સમાધાન કરતા કહે છે કે, આપનું કથન બરાબર નથી. અકેવળી પશ્યક નથી; [તત્ત્વદૃષ્ટા નથી;] અપૂર્વ-કરણ વિના ધર્મસન્યાસનો યોગી નથી. એવાને ક્રિયા આવશ્યક છે. નિયત છે.

- અતાત્ત્વિક ધર્મસંન્યાસ = ઔદયિક ભાવના ધર્મનો ત્યાગ કરવા રૂપ, અતાત્ત્વિક ધર્મ સન્યાસ પ્રવ્રજ્યા અવસરે હોય છે.
- તાત્ત્વિક ધર્મસંન્યાસ :- ક્ષપક શ્રેણિમાં નિવૃત્તિ બાદર ગુણ સ્થાનકે વર્તતા યોગીને, ક્ષાયિક ભાવની પ્રાપ્તિથી, ક્ષાયોપશમિક ક્ષમાદિ ધર્મની નિવૃત્તિ થતાં, તાત્ત્વિક ધર્મસન્યાસ હોય છે. ક્ષયોપશમથી પ્રાપ્ત થયેલા ક્ષમાદિક ધર્મો પણ, અહીં ત્યાજ્ય છે.
- પ્રથમ અપૂર્વકરણ સમ્યક્ત્વ પ્રાપ્તિ અવસરે.
- બીજું અપૂર્વકરણ આઠમા ગુણસ્થાનકે હોય છે. ॥૧૧॥

स्थैर्याधानाय सिद्धस्या-सिद्धस्यानयनाय च ।
भावस्यैव क्रिया शान्त-चित्तानामुपयुज्यते ॥१२॥

જે ભાગ્યશાળીના રાગ-દ્વેષાદિ....શાંત થાય છે. તેવાને ઉત્પન્ન થયેલા ભાવની સ્થિરતાં માટે અને જેમને ભાવની પ્રાપ્તિ થયેલ નથી તેમને ભાવ લાવવા માટે ક્રિયા ઉપયોગી છે.

અર્થાત્ જેમને ભાવસિધ્ધિ થયેલ છે તેમને ભાવની સ્થિરતા માટે અને જેને ભાવ સિદ્ધ થયેલ નથી તેમને ભાવ લાવવા માટે, ક્રિયા ઉપયોગી છે. ક્રિયા = ચારિત્ર. ।।૧૨।।

क्रियाविरहितं हन्त, ज्ञानमात्रमनर्थकम् ।
गतिं विना पथज्ञोऽपि, नाप्नोति पुरमीप्सितम्
।।१३।।

ક્રિયા વિનાનું એકલું જ્ઞાન નકામું છે મોક્ષ ફળ આપવા અસમર્થ છે. માર્ગનો જાણકાર પણ, ગમન કર્યા વિના, ઇચ્છિત સ્થાને પહોંચી શકતો નથી. ।।૧૩।।

स्वानुकूलां क्रियां काले, ज्ञानपूर्णोऽप्यपेक्षते ।
प्रदीपः स्वप्रकाशोऽपि, तैलपूर्त्यादिकं यथा ।।१४।।

જેમ દીપક પોતે સ્વપ્રકાશ રૂપ છે, તો પણ તેલ પૂરવા....વગેરે ક્રિયાની અપેક્ષા રાખે છે. તેમ પૂર્ણ જ્ઞાની પણ સ્વભાવ રૂપ કાર્યને અનુકૂલ ક્રિયાની અપેક્ષા રાખે છે.

અર્થાત્ પૂર્ણજ્ઞાનીને પણ અવસરે સ્વભાવને અનુકુલ ક્રિયાની આવશ્યકતા છે. ॥૧૪॥

बाह्यभावं पुरस्कृत्य, येऽक्रिया व्यवहारतः ।
वदने कवलक्षेपं, विना ते तृप्तिकाङ्क्षिणः ॥१५॥

બાહ્ય ક્રિયાના ભાવને આગળ કરીને, જેઓ વ્યવહારથી ક્રિયાનો નિષેધ કરે છે, તેઓ મુખમાં કોળિઓ નાખ્યા વિના તૃપ્તિને ઈચ્છે છે.

માત્ર ભોજન સંબંધી જ્ઞાન, ભૂખ ભાંગતું નથી. પરંતુ હાથ હલાવી, કોળિયો મોઢામાં મૂકી, દાંતથી ચાવી, પેટમાં ઉતારવામાં આવે, તો ભૂખ ભાંગે. તેમ માત્રજ્ઞાનથી કાર્ય ન થાય.

ક્રિયાની પણ યથાસ્થાને આવશ્યકતા છે. જ્ઞાન દૂધના સમાન છે, ક્રિયા સાકરના સમાન છે. બન્નેના સમાગમથી અપૂર્વ મધુરતા પેદા થાય છે. ॥૧૫॥

गुणवद्बहुमानादे-र्नित्यस्मृत्या च सत्क्रिया ।
जातं न पातयेद्भाव-मजातं जनयेदपि ॥१६॥

અધિક ગુણવાનના બહુમાન....પાપની જુગુપ્સા, અતિચારની આલોચના, દેવગુરૂની ભક્તિ, ઉત્તર ગુણોની શ્રધ્ધા, લીધેલા વ્રતોનું નિત્ય સ્મરણ, આલોચના, સુસાંધુપુરૂષની સેવા,....વગેરે....શુભ ક્રિયા, ઉત્પન્ન થયેલા ભાવને પડવા ન દે અને નહિ ઉત્પન્ન થયેલા ભાવને પેદા કરે.

આથી બુદ્ધિમાન પુરૂષે, પ્રમાદનો ત્યાગ કરી, સાવધાની પૂર્વક જ્ઞાનપૂર્વકની ક્રિયામાં, સદાય પ્રયત્નશીલ બનવું. ।।૧૬।।

क्षायोपशमिके भावे, या क्रिया क्रियते तया ।
पतितस्यापि तद्भाव-प्रवृद्धिर्जायते पुनः ।।१७।।

ક્ષાપોપશમિક ભાવે વર્તતાં તપ-સંયમને અનુકૂલ જે ક્રિયા કરાય છે, તે ક્રિયા વડે [શુભ ભાવથી] પડી ગયેલાને પણ તે ભાવની વૃદ્ધિ થાય છે. કહ્યું છે કે :-

ક્ષાયોપશમિક ભાવમાં વર્તતા દૃઢ યત્નથી કરેલું શુભ-અનુષ્ઠાન, પતિત-પડી ગયેલાને પણ ફરીથી તે ક્ષાયોપશમિક ભાવની વૃદ્ધિ કરનાર થાય છે.

ક્ષાયોપશમિક ભાવ =

ચારિત્ર મોહનીય કર્મનો અંશતઃ ક્ષય થવાથી જે શુભ ભાવ પેદા થાય છે. તે ક્ષાયોપશમિક ભાવ કહેવાય છે. તે સમયે ચારિત્રમોહનીય કર્મનો પ્રદેશથી ઉદય હોય છે પણ રસથી ઉદય હોતો નથી. [જ્ઞાનસાર સ્વોપજ્ઞટબો] ॥૧૭॥

गुणवृद्धये ततः कुर्यात्, क्रियामस्खलनाय वा ।
एकं तु संयमस्थानं, जिनानामवतिष्ठते ॥१८॥

આ હેતુથી ગુણની વૃદ્ધિ કરવા માટે અથવા ગુણથી પડી ન જવાય તે માટે ક્રિયા કરવી જોઇએ.

એક સંયમસ્થાન તો કેવળજ્ઞાનીને સ્થિર રહે છે. ॥૧૮॥

अज्ञाननाशकत्वेन, ननु ज्ञानं विशिष्यते ।
न हि रज्जावहिभ्रान्ति-र्गमनेन निवर्तते ॥१९॥

પ્રશ્ન :-

જ્ઞાન એ અજ્ઞાનનો વિનાશ કરનાર હોવાથી, જ્ઞાન જ ઉત્કૃષ્ટ છે. કારણ કે દોરડામાં જે સર્પની ભ્રાન્તિ થાય છે તે ગમન કરવા માત્રથી દૂર થતી નથી.

અર્થાત્ માણસ બીકથી ભાગી જાય, તેટલા માત્રથી સર્પનો ભય જતો નથી. પરંતુ જ્ઞાન થાય કે, 'આ દોરડું જ છે.' તો ભ્રાન્તિ ચાલી જાય છે. અર્થાત્ જ્ઞાન જ સર્વસ્વ છે. ।।૧૯।।

सत्यं क्रियागमप्रोक्ता, ज्ञानिनोऽप्युपयुज्यते ।
सञ्चितादृष्टनाशार्थं, नासूरोऽपि यदभ्यधात् ।।२०।।

આપનું કથન બરાબર છે. ગતિથી દોરડામાં થયેલ સર્પ ભ્રમ જતો નથી. આ વાત સત્ય છે. પણ શાસ્ત્રમાં કહેલી ક્રિયા, જ્ઞાની માટે પણ ઉપયોગી છે.

'એકત્રિત કરેલા અદૃષ્ઠ કર્મોના નાશ માટે ક્રિયા જરૂરી છે.' એમ નાસુર નામના ૠષિએ પણ કહ્યું છે. ।।૨૦।।

तण्डुलस्य यथा वर्म, यथा ताम्रस्य कालिका ।
नश्यति क्रियया पुत्र, पुरुषस्य तथा मलम् ।।२१।।

હે પુત્ર ! જેમ ક્રિયાથી તંદુલના છોતરાં [ઉપરનો ભાગ] દૂર થાય છે. અર્થાત્ છૂટા પડે છે. અને તાંબાનો કાટ જેમ ક્રિયાથી દૂર થાય છે. તેમ

પુરૂષનો રાગાદિ....મલ, ક્રિયાથી દૂર થાય છે માટે જ્ઞાનપૂર્વકની ક્રિયા ઉપયોગી છે. ॥૨૧॥

जोवस्य तण्डुलस्येव, मलं सहजमप्यलम् ।
नश्यत्येव न सन्देह–स्तस्मादुद्यमवान् भव ॥२२॥

તંદુલનો જેમ સ્વાભાવિક મળ ક્રિયાથી દૂર થાય છે. તેમ જીવમાં રહેલ અનાદિ સહજ મળ, તે ક્રિયાથી દૂર થાય છે. એમાં સંદેહ નથી. માટે ઉદ્યમવાળા થાવ ! ॥૨૨॥

अविद्या च दिदृक्षा च, भवबीजं च वासना ।
सहजं च मलं चेति, पर्यायाः कर्मणः स्मृताः
॥२३॥

**કર્મના વિવિધ પર્યાયવાચી નામો :–**

- વેદાંતીઓ કર્મને, **અવિદ્યા** શબ્દથી ઓળખે છે.
- પાતાંજલ યોગદર્શનના અનુયાયીઓ, **દિદૃક્ષા** શબ્દ કહે છે.
- પાશુપતાદિ દર્શનના પ્રણેતા,....ભવબીજ કહે છે.

- બૌદ્ધ અનુયાયીઓ, વાસના કહે છે.
- શૈવાદિ અનુયાયીઓ, સહજમલ કહે છે.
- જૈન મતાનુયાયીઓ, કર્મ કહે છે.

દિદૃક્ષા–જ્યાં સુધી પ્રકૃતિ અને પુરૂષના ભેદનું જ્ઞાન થતું નથી. ત્યાં સુધી સંસાર છે. આ પ્રકૃતિ અને પુરૂષને જાણવાની ઇચ્છા તેનું નામ દિદૃક્ષા

- અવિદ્યા–આત્માના યથાર્થ સ્વરૂપનું જ્ઞાન, અવિદ્યાના કારણે થતું નથી. ॥૨૩॥

ज्ञानिनो नास्त्यदृष्टं चेद्, भस्मसात्कृतकर्मणः।
शरीरपातः किं न स्या–ज्जीवनादृष्टनाशतः ॥२४॥

શંકા :–

જેણે કર્મોને ભસ્મ કર્યા છે, એવા પ્રકારના જ્ઞાનીનું જો અદૃષ્ટ [શુભા શુભ કર્મ] નષ્ટ થયું છે, તો જીવનના કારણભૂત શુભાશુભ કર્મનો નાશ થવાથી, જ્ઞાનીના શરીરનો નાશ કેમ થતો નથી? ॥૨૪॥

शरोरमीश्वरस्येव, विदुषोऽप्यवतिष्ठते ।
अन्यादृष्टवशेनेति; कश्चिदाह तदक्षमम् ॥२५॥

કેટલાક જવાબમાં કહે છે કે:

જેમ જગતકર્તા ઇશ્વરનું શરીર, અન્ય જીવોના અદૃષ્ટ અર્થાત્ શુભાશુભ કર્મોના કારણે સ્થિર રહે છે, તેમ તત્ત્વજ્ઞાની પુરૂષનું પણ શરીર, અન્ય જીવોના અદૃષ્ટના કારણે સ્થિર રહે છે.

આ કથન બરાબર નથી. તેમ શ્રી ઉપાધ્યાયજી મ. કહે છે. ॥૨૫॥

शरीरं विदुषः शिष्या–द्यदृष्टाद्यदि तिष्ठति ।
तदाऽसुहृददृष्टेन, न नश्येदिति का प्रमा ॥२६॥

જો તત્ત્વજ્ઞાની પુરૂષનું શરીર, શિષ્યાદિ [ભક્ત વર્ગ] ના અદૃષ્ઠથી સ્થિર રહે, તો શત્રુઓના અદૃષ્ઠથી નાશ કેમ ન થાય ?

એમાં પ્રમાણ [જ્ઞાન] શું ?

○ શિષ્યાદિના અદ્રષ્ટથી, તત્ત્વજ્ઞાનીનું શરીર ટકે, તો

૦ દુશ્મનાદિના અદ્રષ્ટથી નાશ ન પામે ? એમાં શું પ્રમાણ ?

અર્થાત્ આ સિદ્ધાંત યથાર્થ નથી. ॥૨૬॥

न चोपादाननाशेऽपि, क्षणं कार्यं यथेष्यते ।
तार्किकैः स्थितिमत्तद्व-च्चिरं विद्वत्तनुस्थितिः ॥२७॥

નૈયાયિકો માને છે કે :

કારણ અને કાર્ય એક કાળમાં થઈ શક્તા નથી. તેથી જે કાળમાં તંતુનો નાશ છે તે કાળમાં પટનો નાશ થતો નથી. જ્યારે તંતુઓનો નાશ થાય છે. ત્યારે પટ, તંતુ રૂપ સમવાયી કારણ વિના પણ એક ક્ષણ સુધી સ્થિર રહે છે. પ્રથમ ક્ષણમાં તંતુઓનો નાશ થાય છે, તે ક્ષણમાં પટ વિદ્યમાન છે. બીજી ક્ષણમાં પટનો નાશ થાય છે.

પટરૂપ કાર્ય જ્યારે રહે છે ત્યારે તંતુ રૂપ સમવાયી કારણોમાં રહે છે. તંતુઓ વિના પટની સ્થિતિ થતી નથી. પણ નાશના કાળમાં એક ક્ષણ સુધી પટ, તંતુ વિના પણ રહે છે. આ નૈયાયિક સિદ્ધાંત છે.

ઉપાદાન કારણનો નાશ થયે છતે પણ, એક ક્ષણ સુધી કાર્યની સ્થિતિ છે. એમ નૈયાયિકો વડે મનાય છે. તેમ તત્વજ્ઞાનીનું શરીર લાંબોકાળ સ્થિતિવાળું રહેતું નથી. ।।૨૭।।

निरुपादानकार्यस्य, क्षणं यत्तार्किकैः स्थितिः ।
नाशहेत्वन्तराभावा–दिष्टा न च स दुर्वचः ।।२८।।

ઉપાદાન વિના પણ કાર્યની સ્થિતિ ક્ષણવાર જે તાર્કિકો વડે ઈષ્ટ મનાઈ છે, નાશના બીજા હેતુઓનો અભાવ હોવાથી.

આ દુર્વચન નથી.

અર્થાત્ ઘાતી કર્મોનો નાશ થયા છતાં પણ તત્વજ્ઞાની [કેવળજ્ઞાની] નું શરીર, અન્ય અઘાતી કર્મના યોગથી ટકે છે. ।।૨૮।।

अन्यादृष्टस्य तत्पात–प्रतिब धकतांनयेत् ।
म्रियमाणोऽपि जोव्येत, शिष्यादृष्टवशाद्गुरुः
।।२९।।

જો તત્ત્વજ્ઞાની પુરૂષના શરીરના નાશમાં, અન્ય લોકોનું (શિષ્યભક્તવર્ગાદિનું) અદૃષ્ટ પ્રતિબંધક થાય તો,

મરણ પામતા ગુરૂ, શિષ્યાદિના અદૃષ્ટથી જીવીત થવા જોઇએ. ॥૨૯॥

स्वभावान्निरुपादानं, यदि त्विद्वत्तनुस्थितिः ।
तथापि कालनियमे, तत्र युक्तिर्न विद्यते ॥३०॥

તત્ત્વજ્ઞાનીના શરીરનો આ સ્વભાવ છે કે, 'તે સમવાયી કારણ વિના પણ સ્થિર રહે છે.' આવી રીતે સમવાયી કારણ વિના પણ શરીરની સ્થિતિ ટકી રહે, તો પણ કાળના નિયમમાં કોઈ સિદ્ધાંત લાગુ થશે નહિ.

કોઈનું શરીર માસ–વર્ષ, ૧૦૦ વર્ષ, ૧૦૦૦ વર્ષ ...વગેરેમાં શું હેતું લાગું પડશે ? ॥૩૦॥

उच्छृङ्खलस्य तच्चिन्त्यं, मतं वेदान्तिनो ह्यदः ।
प्रारब्धादृष्टतः किन्तु, ज्ञेया विद्वत्तनुस्थितिः ॥३१॥

કોઇ પણ પ્રકારની યુક્તિની વ્યવસ્થા વિના, વેદાંતીઓનો આ મત [માન્યતા] દોષ યુક્ત છે. યુક્તિ સંગત નથી. તો પછી તત્ત્વજ્ઞાની આત્માના શરીરની સ્થિતિ કયા કારણથી છે ?ઉત્તર આપતાં કહે છે કે :

- તત્ત્વજ્ઞાનથી અન્ય કર્મોનો નાશ થાય છે. અર્થાત્ જ્ઞાનાવરણીય, દર્શનાવરણીય–મોહનીય અંતરાય....ઘાતી કર્મોનો નાશ થાય છે. પરંતુ
- પ્રારબ્ધ કર્મોનો....અર્થાત્ વેદનીય–આયુ–નામ ગોત્ર....અઘાતી કર્મોનો નાશ થતો નથી.

૧ **સંચિતકર્મ** : સિલકમાં જમા હોય. કાળે કરીને પાકે.

૨ **ક્રિયામાણકર્મ** : માણસ જાગે ત્યારથી રાત્રે સૂઈ જાય ત્યાં સુધીના જે જે કર્મ તે.

દા. ત. : તરસ લાગી, પાણી પીધું, પીવાનું કર્મ કર્યું, તરસ મટી ગઈ.

૩ **પ્રારબ્ધકર્મ** : સંચિત કર્મ પાકીને, ફળ આપવા માટે તૈયાર થાય તે.

तत्प्रारब्धेतरादृष्ट, ज्ञाननाश्यं यदीष्यते ।
लाघवेन विजातीयं, तन्नाश्यं तत्प्रकल्प्यताम् ।३२।

જો પ્રારબ્ધ કર્મથી અન્ય કર્મ, (સંચિત–ક્રિયમાણ કર્મ) જ્ઞાનથી નાશ પામવા યોગ્ય અનુમાન કરો છો, તો લાઘવથી શરીર રૂપી જે નાશ્ય વસ્તુ છે, તે વિજાતીય છે.

- ૦ અમુક કર્મોનો નાશ તત્વજ્ઞાનથી થાય છે.
- ૦ પ્રારબ્ધ કર્મોનો નાશ તત્ત્વજ્ઞાનથી થતો નથી. જ્યાં સુધી પ્રારબ્ધ કર્મ છે, ત્યાં સુધી તત્ત્વ જ્ઞાનીનું શરીર ટકે છે. કેમ કે પ્રારબ્ધ કર્મોનો નાશ સુખ દુઃખરૂપ ફળના ઉપભોગથી થાય છે.

જ્યારે સુખ દુઃખના ઉપભોગથી પ્રારબ્ધ કર્મોનો નાશ થાય છે. ત્યારે તત્ત્વજ્ઞાનીનું શરીર નાશ પામે છે. ॥૩૨॥

इत्थं च ज्ञानिनो ज्ञान–नाश्यकर्मक्षये सति ।
क्रियैकनाश्यकर्मौघ–क्षयार्थं सापि युज्यते ॥३३॥

આ રીતે જ્ઞાનીને, જ્ઞાન વડે નાશ પામવા યોગ્ય કર્મોનો નાશ થયે છતે, કેવળ ક્રિયા વડે નાશ કરવા યોગ્ય, કર્મ સમૂહોના નાશ માટે ક્રિયા ઉપયોગી છે.

કેવળજ્ઞાની મહર્ષિને પણ કેવલી સમુદ્ઘાતની ક્રિયા; શૈલેશીકરણ; મન-વચન-કાયાના યોગોનું રૂંધન....વગેરે ક્રિયા સહજ ભાવે કરવી પડે છે. ॥૩૩॥

सर्वकर्मक्षये ज्ञान–कर्मणोस्तत्समुच्चयः ।
अन्योऽन्यप्रतिबन्धेन, तथा चोक्तं परैरपि ॥३४॥

સર્વ પ્રકારના કર્મોના ક્ષય માંટે, જ્ઞાન અને ક્રિયાનો સમુચ્ચય કારણ છે.

જ્ઞાન અને ક્રિયા, બન્નેના પરસ્પર પ્રતિબંધ વડે, અર્થાત્ બન્નેના જોડાણપૂર્વક, સર્વકર્મનો ક્ષય થાય છે. કેટલાક કર્મોના નાશમાં જ્ઞાન કારણ છે. અને કેટલાક કર્મોના નાશમાં ક્રિયા કારણ છે. આ વાત બીજાઓએ પણ બતાવી છે. 'જ્ઞાન અને ક્રિયા' પરસ્પર સાપેક્ષપણે ઉપયોગી છે. એકલા જ્ઞાનથી કે એકલી ક્રિયાથી, કાર્યસિદ્ધિ થતી નથી. ॥૩૪॥

न यावत्सममभ्यस्तौ, ज्ञानसत्पुरुषक्रमौ ।
एकोऽपि नैतयोस्तावत्, पुरुषस्येह सिध्यति ॥३५॥

જ્યાં સુધી જ્ઞાન અને આત્માના જે સત્કર્મો (સમ્યક્ક્રિયા) પરસ્પર એક સાથે અભ્યસ્ત થતા

નથી. ત્યાં સુધી માત્ર જ્ઞાન કે ક્રિયા એક પણ આત્માને સિદ્ધ થતા નથી.

અર્થાત્ જ્ઞાન અને ચારિત્ર (ક્રિયા) બન્નેના સહયોગથી શુદ્ધાત્માની પ્રાપ્તિ થાય છે, મુક્તિની પ્રાપ્તિ થાય છે. ॥૩૫॥

यथा छाद्मस्थिके ज्ञान–कर्मणी सहक्(ग)त्वरे ।
क्षायिके अपि विज्ञेये, तथैव मतिशालिभिः ॥३६॥

જેમ છદ્મસ્થ અવસ્થાના જ્ઞાન અને કર્મો (ક્રિયા) સાથે સાથે રહે છે. તેમ ક્ષાયિકજ્ઞાન અને કર્મો પણ સાથે જ રહે છે. એમ બુદ્ધિમાન પુરૂષોએ જાણવું જોઈએ. ॥૩૬॥

सम्प्राप्तकेवलज्ञाना, अपि यज्जिनपुङ्गवाः ।
क्रियां योगनिरोधाख्यां, कृत्वा सिद्धयन्ति नान्यथा
॥३७॥

કેવળજ્ઞાન પ્રાપ્ત કર્યું છે; એવા જિનેશ્વર ભગવંતો પણ યોગનિરોધ નામની ક્રિયાને કરીને જ સિદ્ધ થાય છે.

તેના વિના સિદ્ધ થતા નથી. ॥૩૭॥

तेन ये क्रिपया मुक्ता, ज्ञानमात्राभिमानिनः ।
ते भ्रष्टाज्ञानकर्मभ्यां, नास्तिका नात्र संशयः
॥३८॥

જે ક્રિયાથી રહિત છે અર્થાત્ જે ક્રિયાવિના માત્ર જ્ઞાનના જ અભિમાની છે. અને કહે છે કે, અમે જ્ઞાનવાળા છીએ, ક્રિયાની આવશ્યકતા નથી.

આવું બોલનારા નાસ્તિક લોકો, જ્ઞાન અને ક્રિયા ઉભયથી ભ્રષ્ટ થાય છે. એમાં જરાપણ સંદેહ નથી. ॥૩૮॥

ज्ञानोत्पत्तिं समुद्भाव्य, कामादीनन्यदृष्टितः ।
अपह्नुवानैर्लोकेभ्यो, नास्तिकैर्वञ्चितं जगत् ॥३९॥

જ્ઞાનોત્પત્તિને પ્રકાશિત કરીને, અર્થાત્ અમારામાં જ્ઞાન ઉત્પન્ન થયું છે. અમે જ્ઞાની છીએ, એમ લોકો પાસે પ્રગટ કરીને, અને અન્ય લોકોની દૃષ્ટિથી, પોતાના કામ-ક્રોધ-લોભાદિ દોષોને છુપાવતા એવા નાસ્તિક લોકો વડે જગત ઠગાયું છે.

અર્થાત્ નાસ્તિક લોકોએ જગતને છેતર્યું છે.
॥૩૯॥

ज्ञानस्य परिपाकाद्धि, क्रियाऽसङ्गत्वमङ्गति ।
न तु प्रयाति पार्थक्यं, चन्दनादिव सौरभम् ।।४०।।

જ્ઞાનના પરિપાકથી ક્રિયા અસંગ ભાવને પામે છે. ચંદનથી જેમ સુગંધ જુદી પડતી નથી, તેમ ક્રિયા એ જ્ઞાનથી જુદી પડતી નથી. ।।૪૦।।

प्रीतोभक्तिवचोऽसङ्गै–रनुष्ठानं चतुर्विधम् ।
यत्परैर्योगिभिर्गीतं, तदित्थ युज्यतेऽखलम् ।।४१।।

પ્રીતિ, ભકિત, વચન, અસંગ :–

એમ ચાર પ્રકારના અનુષ્ઠાનો અન્ય યોગીઓ વડે કહેવાયા છે.

તે બધા યુક્તિ સંગત થાય છે. અર્થાત્ બરાબર ઘટે છે.

પ્રીતિ પૂર્વક જે અનુષ્ઠાન–ક્રિયા કરવામાં આવે તે પ્રીતિ અનુષ્ઠાન. આદર અને બહુમાન પૂર્વક જે અનુષ્ઠાન કરાય તે ભક્તિ અનુષ્ઠાન. આગમને અનુસરીને જે અનુષ્ઠાન કરાય તે વચન અનુષ્ઠાન. અતિશય અભ્યાસથી, આગમની અપેક્ષા સિવાય, સહજ ભાવે કરાય તે અસંગ.

વચન અનુષ્ઠાનથી આત્મા અસંગક્રિયાની યોગ્યતાને પામે છે. ॥૪૧॥

ज्ञाने चैव क्रियायां च, युगपद्विहितादरः ।
द्रव्यभावविशुद्धः सन्, प्रयात्येव परं पदम् ॥४२॥

એક સાથે, સમાન કાળમાં, જેણે જ્ઞાન અને ક્રિયામાં શ્રદ્ધા કરી છે-એવો પુરૂષ, દ્રવ્ય અને ભાવથી વિશુદ્ધ થયેલ, મુક્તિપદને પામે છે.

અર્થાત્ જ્ઞાન અને ક્રિયામાં આદરવાળો અને દ્રવ્ય-ભાવથી વિશુદ્ધ બનેલ આત્મા, મુક્તિપદને પામે છે. ॥૪૨॥

क्रियाज्ञानसंयोगविश्रान्तचित्ताः,
समुद्भूतनिर्बाधचारित्रवृत्ताः ।
नयोन्मेषनिर्णीतनिःशेषभावा-
स्तपःशक्तिलब्धप्रसिद्धप्रभावाः ॥४३॥

भयक्रोधमायामदाज्ञाननिद्राप्रमादोज्झिताः
शुद्धमुद्रा मुनीन्द्राः ।
यशःश्रीसमालिङ्गिता वादिदन्तिस्मयो-
च्छेदहर्यक्षतुल्या यजन्ति ॥४४॥

० જ્ઞાન અને ક્રિયાના સમાગમથી વિશ્રાન્ત ચિત્તવાળા.
० પ્રગટ થયું છે, બાધા રહિત ચારિત્રવ્રત જેને એવા.

- નયના પ્રકાશથી જેણે નિર્ણય કર્યો છે, સઘળા ભાવોને જેણે એવા.
- તપની શક્તિથી પ્રાપ્ત કર્યાં છે, પ્રસિદ્ધ પ્રભાવો જેણે એવા.
- ભય-ક્રોધ-માયા-મદ-અજ્ઞાન-નિદ્રા-પ્રમાદથી રહિત એવા.
- યશરૂપી લક્ષ્મીથી [આલિંગન પમાયેલા) યુક્ત,
- વાદી રૂપી હાથીઓના અભિમાનને નાશ કરવામાં સિંહ સમાન.
- એવા મુનિન્દ્રો જય પામે છે. ।।૪૩।।

ઇતિ ક્રિયાયોગ શુદ્ધિ અધિકાર સમાપ્ત

# □ સામ્યયોગ શુદ્ધિ અધિકાર □

## (૪)

ज्ञानक्रियाश्वद्वययुक्तसाम्य-

रथाधिरूढः शिवमार्गगामी ।

न ग्रामपूःकण्टकजारतीनां,

जनोऽनुपानत्क इवार्तिमेति ॥१॥

જ્ઞાન અને ક્રિયા રૂપી બે ઘોડાથી યુક્ત, સમતા રૂપી રથમાં બેઠેલ, મુક્તિમાર્ગ તરફ પ્રયાણ કરનાર આત્મા, ગામમાં કે નગરમાં રહેલા જે કાંટાઓથી ઉત્પન્ન થતી પીડાને, પામતા નથી.

જોડા વગરનો માણસ જેમ કાંટાના દુઃખને પામે છે. પરંતુ જો પગમાં જોડા પહેરેલા હોય તો તેને કાંટા લાગવાનો સંભવ નથી. તેમ સમતા રૂપી રથમાં બેઠેલ આત્માને, રતિ અરતિરૂપ કાંટાથી ઉત્પન્ન થતું દુઃખ સતાવતું નથી. અર્થાત્

સમતામાં મગ્ન બનેલ આત્માને, સુખમાં રતિ કે દુઃખમાં અરતિ સતાવતા નથી. રતિ અરતિમાં સમભાવ રાખે છે. ॥૧॥

आत्मप्रवृत्तावतिजागरूकः,

परप्रवृत्तौ बधिरान्धमूकः ।

सदा चिदानन्दपदोपयोगी,

लोकोत्तरं साम्यमुपैति योगी ॥२॥

- આત્માની પ્રવૃત્તિમાં સદાય ઉપયોગવાન,
- અન્ય આત્માની પ્રવૃત્તિમાં, બહેરો, અંધ અને મૂંગો,
- સદાય ચૈતન્ય અને આનંદ રૂપ જે પદ, તેમાં ઉપયોગ વાળો,
- એવો યોગી, લોકોત્તર સમતા ભાવને પામે છે. લોકોત્તર સમતા ભાવને પેદા કરવાના ઉપાયો બતાવતા, ગ્રંથકાર મહર્ષિ ફરમાવે છે કે :–

જે મહાનુભાવ, રાગ-દ્વેષ-મોહ સ્વરૂપ, જે આત્માનો વિભાવ ભાવ છે તે છોડીને, જ્ઞાન દર્શનમાં અત્યંત ઉપયોગવાન છે તથા અન્ય આત્માઓના વિષયમાં, દોષ સાંભળવામાં બહેરો, દોષ જોવામાં અંધ અને દોષો બોલવામાં મૂંગો છે, અને

સહાય આત્માના 'જ્ઞાન-દર્શન' ગુણમાં રમણતા કરવાથી, આનંદ પદનો ભોગી છે, તેવો યોગી લોકોત્તર સમતાને મેળવે છે. ॥૨॥

परीषहैश्च प्रबलोपसर्ग-
योगाच्चलत्येव न साम्ययुक्तः ।
स्थैर्याद्विपर्यासमुपैति जातु,
क्षमा न शैलैर्न च सिन्धुनाथैः ॥३॥

સમતાયુક્ત યોગી પરિષહો અને ભયંકર ઉપસર્ગો વડે ચલાયમાન થતા નથી.

પર્વતો વડે કે સમુદ્રો વડે, શું પૃથ્વી પોતાની સ્થિરતાને છોડી કદી અસ્થિરતાને પામે છે ?

પૃથ્વી ગમે તેવા વિષમ વાતાવરણમાં પણ સ્થિરતા છોડતી નથી. તેમ સમતાયુક્ત મહામુનિ, સંસારના વિષમ વાતાવરણમાં કયારે પણ ચલાયમાન થતા નથી. ॥૩॥

इतस्ततो नारतिवह्नियोगा-
दुड्डीय गच्छेद्यदि चित्तसूतः ।

साम्यैकसिद्धौषधमूर्छितः सन्,
कल्याणसिद्धेर्न तदा विलम्बः ।।४।।

અગ્નિના સમાગમથી જો પારો, સિદ્ધ થયેલા ઔષધથી મૂર્ચ્છિત કરવામાં આવે તો, સુવર્ણસિદ્ધિ પેદા થતાં વાર ન લાગે તેમ

અરતિ રૂપી અગ્નિના યોગથી જો ચિત્ત રૂપી પારો ઉડીને ન જાય અને સમતા રૂપી અનુપમ સિદ્ધ ઔષધિથી પુટ આપવામાં આવે તો કલ્યાણની પરંપરા સમાન મુક્તિ પ્રાપ્ત કરવામાં વાર ન લાગે.

અર્થાત્ સમતાથી ક્ષણવારમાં મુક્તિ સુખ પ્રાપ્ત થાય. ।।૪।।

अन्तर्निमग्नः समतासुखाब्धौ,
बाह्ये सुखे नो रतिमेति योगी ।
अटत्यटव्यां क इवार्थलुब्धो,
गृहे समुत्सर्पति कल्पवृक्षे ।।५।।

સમતા રૂપી સુખના સાગરમાં જેનું અંતઃકરણ ડૂબેલ છે તેવા યોગી, બાહ્ય સુખમાં રતિને પામતો નથી.

ઘરમાં કલ્પવૃક્ષ ઉગ્યે છતે, કોણ એવો ધનનો લોભી હોય કે, ધન માટે જંગલમાં ભટકે? ॥૫॥

यस्मिन्नविद्यार्पितबाह्यवस्तु-
विस्तारजभ्रान्तिरुपैति शान्तिम् ।
तस्मिश्चिदेकार्णवनिस्तरङ्ग-
स्वभावसाम्ये रमते सुबुद्धिः ॥६॥

અવિદ્યાથી અર્પિત બાહ્ય વસ્તુના વિસ્તારથી ઉત્પન્ન થયેલ ભ્રાન્તિની જેમાં શાંતિ છે તે.

ચૈતન્ય રૂપી સમુદ્રમાં તરંગ રહિત (વિકલ્પો રહિત) સ્વભાવની સમતામાં, સુબુદ્ધિ રમણ કરે છે. ॥૬॥

शुद्धात्मतत्त्वप्रगुणा विमर्शाः,
स्पर्शाख्यसंवदनमादधानाः ।

यदान्यबुद्धिं विनिवर्तयन्ति,

तदा समत्वं प्रथतेऽवशिष्टम् ॥७॥

શુદ્ધ આત્મતત્ત્વને પુષ્ટ કરનારા વિચારો જ્યારે અનુભવજ્ઞાનને ઉત્પન્ન કરે છે ત્યારે અન્ય વિષયોનું જ્ઞાન પાછું ફરે છે. અને માત્ર સમત્વભાવ જ બાકી રહે છે.

શુદ્ધાત્મ તત્ત્વની જ્યારે પ્રતીતિ થાય છે ત્યારે બાહ્ય પદાર્થોનું ભાન થતું નથી. અને તે અવસ્થામાં જે જ્ઞાન થાય છે. તેને સ્પર્શન-જ્ઞાન કહે છે. તે અનુભવ જ્ઞાનમાં, આત્માનો સ્પર્શ પ્રતીત થાય છે. ॥૭॥

विना समत्वं प्रसरन्ममत्वं,

सामायिकं मायिकमेव मन्ये ।

आये समानां सति सद्‌गुणानां,

शुद्धं हि तच्छुद्धनया विदन्ति ॥८॥

સમતા વિનાના અને મમત્વને વિસ્તારતા એવા સામાયિકને હું માયા જ માનું છું. કપટ તરીકે ઓળખું છું.

બધા ઉત્તમ ગુણોનું આગમન થયે છતે, શુદ્ધ નયો તે સામાયિકને શુદ્ધ જાણે છે. ॥૮॥

निशानभोमन्दिररत्नदीप्र-
ज्योतिर्भिरुद्योतितपूर्वमन्तः ।
विद्योतते तत्परमात्मतत्त्वम्,
प्रसृत्वरे साम्यमणिप्रकाशे ॥९॥

રાત્રિનું જે આકાશ રૂપી ગૃહનું રત્ન અર્થાત્ ચંદ્ર, તેની જ્યોતિ વડે જેમ પૂર્વ દિશા પ્રકાશિત થાય છે. તેમ સમતા રૂપી મણિનો પ્રકાશ વિસ્તાર પામ્યો છતે, અંતઃકરણમાં શુદ્ધઆત્મ તત્ત્વ પ્રકાશમાન થાય છે.

જયારે સમતા ભાવની વૃદ્ધિ થાય છે ત્યારે એકાગ્રચિત્તથી આત્માનું ધ્યાન કરનાર યોગીને પ્રથમ, અંતઃકરણમાં ચંદ્રની ક્રાંતિનો પ્રસાર થાય છે- શુદ્ધાત્મ તત્ત્વનું ભાન થાય છે. તે અવસ્થામાં પરમ (શ્રેષ્ઠ) આત્માનું સ્વરૂપ સ્વતઃ પ્રકાશિત થાય છે. ॥૯॥

एकां विवेकाङ्कुरितां श्रिता यां,

निर्वाणमापुर्भरतादिभूपाः ।

सेवर्जुमार्गः समता मुनीना-

मन्यस्तु तस्या निखिलः प्रपञ्चः ॥१०॥

એક વિવેકથી અંકુરિત, સમતાનો આશ્રય કરનારા, ભરત મહારાજાદિ....રાજાઓ, મુક્તિપદને પામ્યા.

મુનિઓનો સમતા એ જ સરળ માર્ગ છે. અન્ય તપશ્ચર્યાદિ....વગેરે તે સમતાનો જ વિસ્તાર છે. ॥૧૦॥

अल्पेऽपि साधुर्न कषायवह्ना-

वह्नाय विश्वासमुपैति भीतः ।

प्रवर्धमानः स दहेद् गुणौघं,

साम्याम्बुपूरैर्यदि नापनीतः ॥११॥

થોડો પણ કષાયરૂપી અગ્નિ થયે છતે; જલ્દીથી સાધુ વિશ્વાસને પામતો નથી.

જો સમતારૂપી પાણીના પુર વડે, અગ્નિ દૂર ન કરાયો, તો વધતો એવો કષાયઅગ્નિ, ગુણના સમુદાયને બાળી નાંખે છે. ॥૧૧॥

प्रारब्धजा ज्ञानवतां कषाया,
आभासिका इत्यभिमानमात्रम् ।
नाशो हि भावः प्रतिसंङ्ख्यया यो,
नाबोधवत्साम्यरतौ स तिष्ठेत् ॥१२॥

તત્ત્વજ્ઞાનીને પ્રારબ્ધથી ઉત્પન્ન થયેલા કષાયો, આભાસ માત્ર છે, કાલ્પનિક છે, એમ કહો તે, અભિમાન સૂચક છે.

તત્ત્વજ્ઞાન વડે (સમાધિવડે) કષાયભાવ નાશ પામે છે. અજ્ઞાનીને જેમ, કષાયો હોય છે. તેમ સમતામાં ડૂબેલા જ્ઞાનીને કષાયો હોતા નથી.

અજ્ઞાનીને કષાયો હોય છે, જ્ઞાનીને હોતા નથી. ॥૧૨॥

साम्यं विना यस्य तपः–
क्रियादेर्निष्ठा प्रतिष्ठाजनमात्र एव ।

स्वर्धेनुचिन्तामणिकामकुम्भान्,

करोत्यसौ काणकपर्दमूल्यान् ॥१३॥

સમતા વિના જેને પ્રતિષ્ઠાની પ્રાપ્તિ માટે જ તપશ્ચર્યા–ક્રિયા–દાન આદિમાં શ્રદ્ધા છે, તે માણસ–કામધેનુ, ચિંતામણી રત્ન, કામઘટોને; કાણી કોડીના મૂલ્યવાળા બનાવે છે.

અર્થાત સમતા વિનાના દાનાદિ ધર્મો નિષ્ફળ છે. ॥૧૩॥

ज्ञानी क्रियावान् विरतस्तपस्वी,

ध्यानी च मौनी स्थिरदर्शनश्च ।

साधुर्गुणं तं लभते न जातु,

प्राप्नोति यं साम्यसमाधिनिष्ठः ॥१४॥

સમતારૂપી સમાધિમાં સ્થિર રહેલ સાધુ, જે ગુણને પ્રાપ્ત કરે છે તે,

જ્ઞાનીપુરૂષ, ક્રિયાવાન, વિરતિધર, તપસ્વી, ધ્યાની, મૌન પાળનાર કે સ્થિરદૃષ્ટિવાળો ગુણોને પ્રાપ્ત કરી શકતો નથી. ॥૧૪॥

दुर्योधनेनाभिहितश्चुकोप,

न पाण्डवैर्यो न नुतो जहर्ष ।

स्तुमो भदन्तं दमदन्तमन्तः-

समत्ववन्तं मुनिसत्तमं तम् ॥१५॥

० દુર્યોધન વડે હણાયેલા જે ગુસ્સે ન થયા અને
० પાંડવો વડે સ્તુતિ કરાયેલા જે હર્ષને ન પામ્યા,
તે અંતરમાં સમભાવવાળા, મુનિઓમાં શ્રેષ્ઠ, એવા પૂજ્ય **દમદંતમુનિની** અમે સ્તવના કરીએ છીએ. ॥૧૫॥

यो दह्यमानां मिथिलां निरीक्ष्य,

शक्रेण नुन्नोऽपि नमिः पुरीं स्वाम् ।

न मेऽत्र किञ्चिज्ज्वलतीति मेने,

साम्येन तेनोरुयशो वितेने ॥१६॥

ઇન્દ્ર વડે પ્રેરણા કરાયેલા પણ **નમિરાજર્ષિ**, પોતાની મિથિલાનગરીને બળતી જોઈને, સમતા વડે જેણે :-

'મિથિલાનગરી બળે છે એમાં મારૂં કંઈ બળતું નથી.' એમ માન્યું અને સમતાનો મહાન યશ ફેલાવ્યો. ॥૧૬॥

साम्यप्रसादास्तवपुर्ममत्वाः,

सत्त्वाधिकाः स्वं ध्रुवमेव मत्वा ।

न सेहिरेऽर्त्ति किमु तीव्रयन्त्र-

निष्पीडिताः स्कन्धकसूरिशिष्याः ॥१७॥

સમતાના પ્રભાવથી અસ્ત થઈ છે શરીરની મમતા જેને, એવા અત્યંત સત્ત્વશાળી, તીવ્રયંત્રમાં નિષ્પીડિત એવા **સ્કંધકસૂરિના શિષ્યોએ**; પોતાના આત્માને ધ્રુવ (અચળ-અમર) માનીને, શું ઘાણીની પીડા ન સહન કરી ?

અર્થાત્ ઘાણીમાં પીલાવાની ભારે પીડા, સમતાભાવે સહન કરી. ॥૧૭॥

लोकोत्तरं चारुचरित्रमेत-

न्मेतार्यसाधोः समतासमाधेः ।

हृदाप्यकुप्यन्न यदार्द्रचर्म-

बद्धेऽपि मूर्ध्न्ययमाप तापम् ॥१८॥

સમતાથી સમાધિવાળા **મેતાર્યમુનિનું**, લોકોત્તર સુંદર ચારિત્ર છે. કે જે ઢીલા ચામડાથી માથું

બાંધ્યે છતે, તાપને (પીડાને) પામ્યા પણ હૃદયમાં કોપને ન પામ્યા. ॥૧૮॥

ज्ज्वाल नान्तश्च सु(न)राधमेन,

प्रोज्वालितेऽपि ज्वलनेन मौलौ ।

मौलिर्मुनीनां स न कैर्निषेव्यः,

कृष्णानुजन्मा समतामृताब्धिः ॥१९॥

નરાધમ વડે (સોમીલ સસરા વડે) મસ્તક ઉપર અગ્નિ પ્રજ્જવલિત કરાયે છતે, જે અંતરથી કોપ ન પામ્યા, તે

સમતારૂપી અમૃતના સાગર, મુનિઓમાં મુકુટ સમાન, એવા જે કૃષ્ણના નાનાભાઈ (ગજસુકુમાલ) કોના વડે સેવ્ય નથી ? ॥૧૯॥

गङ्गाजले यो न जहौ सुरेण,

विद्धोऽपि शूले समतानुवेधम् ।

प्रयागतीर्थोदयकृन्मुनीनां,

मान्यः स सूरिस्तनुजोऽग्निकायाः ॥२०॥

જે અગ્નિકાના પુત્ર-આચાર્ય, ગંગાના જળમાં, સુર વડે શૂળથી વિંધાયા હોવા છતાં પણ જેણે

સમતાનો સંબંધ છોડયો નહિ. અર્થાત્ સમતાનું ધ્યાન છોડયું નથી, તે પ્રયાગતીર્થના ઉદ્ધારક આચાર્ય, મુનિઓને આદર કરવા યોગ્ય છે. ॥૨૦॥

स्त्रीभ्रूणगोब्राह्मणघातजात-
पापादधःपातकृताभिमुख्याः ।
दृढप्रहारिप्रमुखाः क्षणेन,
साम्यावलम्बात्पदमुच्चमापुः ॥२१॥

સ્ત્રી-બાળક-બ્રાહ્મણ-ગાયના ઘાતથી ઉત્પન્ન થયેલા પાપથી, તિરસ્કૃત કર્યાં છે નારકીના દુઃખો જેણે એવા દૃઢપ્રહારિ-વગેરે, ક્ષણવારમાં જ સમતાના આલંબનથી ઉચ્ચપદ-મોક્ષપદને પ્રાપ્ત કર્યું. ॥૨૧॥

अप्राप्तधर्माऽपि पुरादिमार्ह-
न्माता । शिवं यद्भगवत्यवाप ।
नाप्नोति पारं वचसोऽ-
नुपाधिसमाधिसाम्यस्य विजृम्भितं तत् ॥२२॥

પહેલા જેણે ધર્મને પ્રાપ્ત કર્યો નથી એવા, શ્રી આદિનાથ ભગવાનના પૂજ્ય **મરૂદેવીમાતાએ**, જે મુક્તિને પ્રાપ્ત કરી તે

ઉપાધિરહિત સમાધિની સમતાનો જ વિલાસ છે-વિસ્તાર છે. જે વચનઅગોચર છે. ॥૨૨॥

इति शुभमतिर्मत्वा साम्यप्रभावमनुत्तरं,
य इह निरतो नित्यानन्दः कदापि न खिद्यते ।
विगलदखिलाविद्यः पूर्णस्वभावसमृद्धिमान्,
स खलु लभते भावारीणां जयेन यशःश्रियम् ।२३।

આ પ્રમાણે શુભમતિવાળો, સમતાના અનુપમ પ્રભાવને જાણીને જે નિત્ય આનંદવાળો; સમતામાં નિરત (મગ્ન) ક્યારે પણ ખિન્ન થતો નથી. ખેદ પામતો નથી.

સઘળી અવિદ્યા જેને ગળી ગઈ છે; પૂર્ણસ્વભાવની સમૃદ્ધિવાળો, અર્થાત્ અનંતજ્ઞાનાદિ ગુણવાળો, રાગાદિ....ભાવ શત્રુઓના વિજય વડે યશની શોભાને પ્રાપ્ત કરે છે. ॥૨૩॥

**ઈતિ સામ્ય અધિકારઃ સમાપ્તઃ**

# દિવ્ય સંદેશ

आत्मप्रवृत्तावति जागरूकः

परप्रवृत्तौ बधिरान्धमूकः ।

सदा चिदानन्द पदोपयोगी

लोकोत्तरं साम्यमुपैतियोगी ।। साम्या. २

- આત્માની પ્રવૃત્તિમાં અત્યંત ઉપયોગવાન,
- અનાત્મ પ્રવૃત્તિમાં બહેરો, અંધ અને મૂંગો,
- સદાય જ્ઞાનાનંદ પદમાં ઉપયોગવાળો,
- એવો યોગી, લોકોત્તર સમતાભાવને પામે છે.

જે મહાનુભાવ રાગ-દ્વેષ-મોહ સ્વરૂપ જે આત્માનો વિભાવ ભાવે છે તે છોડીને, જ્ઞાન-દર્શનમાં અત્યંત ઉપયોગવાન છે તથા અન્ય આત્માના વિષયમાં દોષ સાંભળવામાં બહેરો, દોષ જોવામાં અંધ અને દોષો બોલવામાં મૂંગો છે અને સદાય આત્માના જ્ઞાન-દર્શનગુણમાં રમણતા કરવાથી આનંદપદનો ભોગી છે. તેવો યોગી લોકોત્તર સમતાને પામે છે.